# પ્રકરણ ૨

# ધીરુભાઈ ઠાકરનું વિવેચન સાહિત્ય

## પ્રસ્તાવના :

અર્વાચીન ગુજરાતી વિવેચનનો આરંભ પાશ્ચાત્ય સાહિત્યના વિવેચનના સંપર્કના કારણે થયો હતો. આધુનિક વિવેચનનો પ્રારંભ નર્મદે કર્યો હતો. આમ છતાં તેના અભ્યાસની મર્યાદાઓ તો હતી જ. ત્યારપછી નર્મદ-દલપત યુગમાં નવલરામ જેવા પ્રતિબદ્ધ વિવેચક મળ્યા વળી પંડિતયુગમાં નરસિંહરાવ, આનંદશંકર ધ્રુવ અને બ.ક.ઠાકોર જેવા વિવેચકો મળ્યા હતા. જેમાં બ.ક. ઠાકોર પાસેથી આપણને અનેક કવિતાની મીમાંસા પ્રાપ્ત થઈ હતી. વળી ગાંધીયુગમાં રામનારાયણ પાઠક વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા વિવેચકોના વિવેચને એ યુગના વિવેચકોને દિશા સૂચન કર્યું હતું. ત્યારપછી અનંતરાય રાવળના વિવેચનથી ગુજરાતી વિવેચન સમૃદ્ધ બન્યું હતું. ગાંધીયુગમાં સુંદરમ્-ઉમાશંકર જોશી જેવા બે સમર્થ સર્જકો મળી આવે છે. તેમણે જે દિશા તરફ ગતિ કરી તેમાં કૃતિના રસબિંદુને પામીને ભાવકને તેનાથી અવગત કરવાનો અભિગમ રહ્યો હતો. આ અભિગમને અપનાવીને તેમણે વિવેચનને રસલક્ષી બનાવ્યું હતું. એમાં જ્ઞાનનો ભાર નહીં પણ સમજની સરળ અભિવ્યક્તિ છે. આજ માર્ગ તેમના સમકાલીન-અનુકાલીન વિવેચકોએ અપનાવ્યો હતો. આમ છતાં સહુની આગવી વિવેચનરીતિ તો હતી જ. ધીરુભાઈ ઠાકર પણ આ ધારાના મર્મજ્ઞ વિવેચક તરીકે જાણીતા છે.

જેને પંડિત સુખલાલજીએ ' સર્વાંગીણ સંશોધન અને સમાલોચના' રૂપે ઓળખાવે છે તે 'મણિલાલ નભુભાઈ', 'સાહિત્ય સાધના'(1856,2005), 'રસ અને રુચિ'(1963), 'સાંપ્રત સાહિત્ય'(1968), 'પ્રતિભાવ'(1972), 'વિક્ષેપ'(1973), 'વિભાવિતમ્'(1983), 'નાટ્યકળા'(1985), 'અભિજ્ઞાન'(1992), 'રંગમાધુરી'(2000), 'શબ્દઅને સંસ્કૃતિ'(2002), 'શબ્દનું સખ્ય'(2007), 'કેટલાક સાહિત્યિક વિવાદો'(2011)

અને 'ગાંધી અને પાંચ સાક્ષરો'(2012)એમ બાર જેટલા વિવેચનસંગ્રહો વિવેચક ધીરુભાઈ ઠાકર પાસેથી આપણને પ્રાપ્ત થાય છે. જેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

## મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના

પંડિત સુખલાલજીએ જેને 'સર્વાંગીણ સંશોધન અને સમાલોચના'ગ્રંથ કહ્યો છે તે 'મણિલાલ નભુભાઈ: સાહિત્ય સાધના'એ ઠાકરસાહેબનો નોંધપાત્ર સંશોધન ગ્રંથ છે. ઇ.સ.1941ના જૂન મહિનામાં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બદલી થઈને તેઓ ગુજરાત કોલેજમાં આવે છે. ત્યારે પીએચ.ડી કરવાનું વિચારે છે. આ માટે તેઓ રા.વિ.પાઠક સાથે ચર્ચા વિચારણા કરી મણિલાલ નભુભાઈ પર સંશોધન માટેનો વિષય પસંદ કરે છે. ઈ.સ.૧૯૪૩થી ૧૯૫૨ એમ સતત દસ વર્ષના ચિંતન, મનન અને અભ્યાસનિષ્ઠાના પરિપાકરૂપે તેઓ મણિલાલ નભુભાઈ દ્વિવેદીની સાહિત્યસાધના પર મહાશોધનિબંધ તૈયાર કરીને તેઓ પીએચ.ડીની માનદ ઉપાધિ મેળવે છે. આ શોધનિબંધ 'મણિલાલ નભુભાઈ: જીવનરંગ' અને 'મણિલાલ નભુભાઈ :સાહિત્યસાધના'એમ બે વિભાગમાં વિભાજિત થયેલો છે. જેમાં 'મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના'ની પ્રથમ આવૃત્તિ ૧૯૫૬ અને બીજી આવૃત્તિ ૨૦૦૫માં પ્રકાશિત થઈ હતી. સમગ્ર નિબંધમાંથી પસાર થઈએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે વિવેચક ધીરુભાઈએ મણિલાલના બધા જ પાંસાને તટસ્થ રીતે અવલોકી આપ્યા છે. આ શોધનિબંધ પછીના અભ્યાસકો માટે એક 'આદર્શ ' બની રહે છે. ખાસ તો આ શોધનિબંધ તૈયાર કરતી વખતે તેમણે લીધેલો પરિશ્રમ જેવી કે મણિલાલ વિશે છૂટીછવાયી પડેલી સામગ્રીને મેળવવા, તેમજ સર્વથા અપ્રાપ્ય જેવી સામગ્રી શોધી તેનો કરેલો વિનિયોગ દાદ માગી લે તેવો છે.

સમગ્ર શોધનિબંધ સાત પ્રકરણમાં વિભાજિત થયેલો છે. જેમાં પ્રથમ પ્રકરણ 'સંસ્કારપીઠિકા', બીજું 'ગદ્ય તત્ત્વચર્ચા', ત્રીજું 'સમાજ, શિક્ષણ અને રાજકારણ' વિશે, ચોથું 'સાહિત્યકૃતિઓ'ને લગતું, પાંચમું 'ગદ્ય શૈલી' વિશે, છઠ્ઠુ 'કવિતાઓ'નું અને સાતમું પ્રકરણ 'ઉપસંહાર'વિશેનું છે. જે આપણે વિગતે જોઈએ.

આ શોધનિબંધનું પ્રથમ પ્રકરણ 'સંસ્કારપીઠિકા' વિશેનું છે. જેમાં શોધનિબંધક આરંભમાં જ ઓગણીસમાં સૈકાના પ્રારંભથી તેના અંત સુધી ગુજરાતમાં જે નવા જૂનાનો સંઘર્ષ ચાલતો હતો તેનું નિરૂપણ કરી આપ્યું. અંગ્રેજી રાજ્યના અમલને કારણે અંગ્રેજી કેળવણીની ભારે અસર વર્તાઈ આવી હતી. બીજી બાજુ ખ્રિસ્તીઓ શાળાઓની સ્થાપના કરી પોતાના ધર્મનો પ્રચાર અને પ્રસાર શરૂ કર્યો હતો. જેના પ્રતાપે વટાળ પ્રવુત્તિનો વેગ વધ્યો. આના પરિણામે સમાજમાં ત્રણ વર્ગો અસ્તિત્વમાં આવ્યા હતા. જેમાં એક વર્ગ પશ્ચિમની સંસ્કૃતિથી અંજાયેલો, બીજો પરંપરામાં માનનારો અને ત્રીજો આપણા ભવ્ય વારસાને જાળવીને પશ્ચિમમાંથી જે સારું લાગે તેને સ્વીકારનાર વર્ગ. આ અરસામાં પરધર્મના સામનો કરનાર પરિબળોનો ઉદ્ભવ થયો. અને નર્મદ, દલપત, કરસનદાસ મૂળજી, વગેરે સમાજસુધારકો સુધારણાના ક્ષેત્રમાં પદાર્પણ કર્યું. બીજી બાજુ આર્યસમાજ, બ્રહ્મોસમાજ, થિયોસોફિલ સોસાયટી જેવી સંસ્થાઓની સ્થાપના થઈ અને આ સંસ્થાઓએ પણ ધાર્મિક અંધશ્રદ્ધા, વહેમ, જડતા વગરે દૂર કરવાનો પ્રયાસો કર્યા હતા. નર્મદ ઉત્તરાવસ્થામાં સ્વધર્મ જાણવા પ્રવૃત્ત બને છે. અને તેમની વિચારસરણીમાં પરિવર્તન આવે છે. બીજી બાજુ મણિલાલ નભુભાઈ દ્વિવેદી પણ થિયોસોફિકલ સોસાયટીની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થાય છે. નર્મદે પોતાનું અધૂરું રહેલું કાર્યની સોપણી મણિલાલને સોપે છે. આ રીતે શોધનિબંધકે સંસ્કારપીઠિકામાં જ પૂર્વ-પશ્ચિમના સંઘર્ષને કારણે ઊભી થયેલી પરિસ્થિતિનું નિરૂપણ કરી તેમાથી મણિલાલનો કેવો ઉદ્ભવ થયો એ વસ્તુને ઠાકરસાહેબે અનેકવિધ દ્રષ્ટાંતો આપી ચર્ચા છેડી છે. વળી ધીરુભાઈએ આ પ્રકારની પરિસ્થિતિની છબિ રજૂ કરી ઓગણીસમી સદીના ગુજરાતનાં ધર્મ-તત્ત્વચિંતનની વિકાસ શૃંખલામાં મણિલાલની કડી તેના પુરોગામી સાથે કેવી સ્વાભાવિક ક્રમમાં જોડાઈ જાય છે તેનું અવલોકન વિવેચકે પ્રથમ પ્રકરણમાં કરી આપ્યું છે.

આ શોધનિબંધમાં બીજું પ્રકરણ 'ગદ્ય તત્ત્વચર્ચા' વિષયક છે. જેમાં મણિલાલના ધર્મ વિષયક વિચારોની છણાવટ કરી આપી છે. આ માટે શોધનિબંધકે મણિલાલના લેખો, પુસ્તકો, 'અભ્યાસ' નામની લેખમાળા' 'સિદ્ધાંતસાર' અને 'પ્રાણવિનિમય' નામના બે સ્વતંત્ર પુસ્તકો તેમજ 'ગીતા' નો સભાષ્ય અનુવાદ

વગેરેને લઈને ઠાકરસાહેબે માર્મિક ચર્ચા કરી આપી છે. ધર્મ એ મણિલાલની લેખન-પ્રવૃત્તિનું ચાલક અંગ હતું. આથી જતાં દિવસે શાંકરવેદાન્ત પર તેમની શ્રદ્ધા સ્થિર થઈ. પરિણામે અદ્વૈતનિષ્ઠા જ તેમની સમગ્ર ચિંતનપ્રવૃત્તિના પાયારૂપ બની હતી. આ પ્રકારના વિધાનો કરીને ગુજરાતમાં ધર્મ-તત્ત્વને ઐતિહાસિક દ્રષ્ટિએ અવલોકીને તેની તાત્ત્વિક પર્યેષણનું વ્યવસ્થિત કામ મણિલાલથી શરૂ થયાનું તેઓ નોધે છે. એમના ધર્મચિંતનનું ઉદ્દભવસ્થાન અદ્વૈતસિદ્ધાંતને ગણે છે. ત્યારપછી શોધનિબંધકે હક્ષલી, બ્રેડલે અને કેંટ જેવા પશ્ચિમના વિદ્વાનોની કૃતિઓ સાથે તુલના કરીને મણિલાલના તત્વચિંતનનું મુખ્ય અંગ અભેદમીમાંસા બની રહ્યું હતું તેનું અવલોકન કરી આપ્યું છે. એટલું જ નહીં પરંતુ મણિલાલની આ અભેદમીમાંસાની શાંકરવેદાંતના સિદ્ધાંતને લક્ષમાં રાખી ચર્ચાને રસપ્રદ બનાવી છે. મણિલાલના તમામ લખાણોમાં સંશોધક અદ્વેતભાવના જુએ છે. આથી સાહિત્યમાં ઉદ્દેશ્યની એકતા (unitϗ of purpoં e) સહેજે પ્રતીત થયાનું નોધે છે. આ ચર્ચા આગળ લંબાવતા તેઓનું માનવું છે કે 'ગીતા'ની ભક્તિ અને કર્તવ્યભાવનાનો મણિલાલે પોતાની અભેદ ફિલસૂફીમાં સમાવેશ કર્યો, વળી બીજી બાજુ 'ગીતા'માંથી અદ્વૈત સિદ્ધાંતને ફલિત કરી બતાવવાનો પણ તેમણે પ્રયત્ન કર્યો હોવાનું જણાવે છે. 'ગીતા'નો તાત્પર્યનિર્ણયમાં વિનિયોગ કરવાનું અને 'ગીતા'નું મુખ્ય તાત્પર્ય કર્મયોગ છે એમ કહી મણિલાલને તેઓ ટિળકના પુરોગામી માને છે. મણિલાલના અદ્વૈત-ભાષ્યમાં અધિકારને અગત્યનું સ્થાન આપી અભેદવાદને અંગે મણિલાલની પ્રવૃત્તિ અને નિવૃત્તિનો તાત્ત્વિક ભેદ સમર્થપણે સંશોધકે તારવી બતાવ્યો છે. જગતમાં મનુષ્યની નીતિ નિવૃત્તિરૂપ પ્રવૃત્તિરૂપ એ પ્રશ્નોને નજર સમક્ષ રાખીને પ્રવૃત્તિ-નિવૃત્તિની મીમાંસા કરેલી છે. આથી જ અદ્વૈત મણિલાલની તત્વચર્ચાનો આદિ, મધ્ય અને અંત બની રહ્યાનું નોંધે છે. સિદ્ધાન્તસારનું અવલોકન કરતાં ઠાકરસાહેબ નોંધે છે કે, *"મણિલાલે પોતાના અદ્વૈતસિદ્ધાન્તને 'શ્રentifiશ્ર religion'તરીકે ઓળખાવીને ધર્મ અને વિજ્ઞાન વચ્ચેનો વિસંવાદ દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. 'સિદ્ધાંતસાર'માં તેમણે ઉત્ક્રાંતિ, પદાર્થ-ધર્મો વગેરે વૈજ્ઞાનિક શોધના વિષયોને અદ્વૈતના પ્રકાશમાં સંભવીને પ્રાચીન આર્યધર્મમાં વિજ્ઞાન અને ફિલસૂફી વચ્ચે વિરોધ ન હતો એમ રજૂ કર્યું છે."* [૧] એવો અભિપ્રાય નોધીને ઠાકરસાહેબે મણિલાલે કરેલા ભારતીય તત્ત્વજ્ઞાનની વિશેષતા બતાવવાના

ઉત્સાહમાં અદ્વૈત તત્ત્વની સાથે વૈજ્ઞાનિક શોધોનો સમન્વય કરવાનો પ્રયાસ કર્યો હતો તેનું નિદર્શન કરી આપ્યું છે. સાથે ઉદ્દેશની એકલક્ષિતા મણિલાલના કેટલાંક લખાણોમાં કેટલીક મર્યાદાઓ પણ ઊભી કરે છે તેની પણ શોધનિબંધકે સંદ્રષ્ટાંત માહિતી આપી છે. કાન્તે 'સિદ્ધાંતસાર'નું જે પ્રકરણવાર અવલોકન કર્યું હતું જેમાં તેમણે મણિલાલના વિચારોની ટીકા કરી હતી તેવા અવતરણોના ઉદાહરણો આપી ધીરુભાઈએ કાન્ત અને મણિલાલનો દ્રષ્ટિભેદ સ્પષ્ટ કરી આપ્યો છે. મણિલાલના 'પ્રાણવિનિમય'નામના સ્વતંત્ર પુસ્તકનું અવલોકન કરતાં તેમનું માનવું છે કે, *"પ્રાણવિનિયમ' મણિલાલના ગુપ્તવિદ્યાના રસનું મૂર્ત પરિણામ છે. તેમાં કરેલી વિષયની વ્યવસ્થાએ જમાનાનું ચિત્તવિજ્ઞાનનું ઉપલબ્ધ સાહિત્ય લક્ષમાં લેતા શાસ્ત્રીય છે. તે જ્ઞાનનો તેમણે યોગસિદ્ધિના સમર્થન માટે ઉપયોગ કર્યો છે."* [૨] એમ તેમનું માનવું છે.

આજ પ્રકરણમાં ધીરુભાઈએ રમણભાઈ, કાન્ત, ગોવર્ધન, અને આનંદશંકર ધ્રુવ સાથે મણિલાલની જે લાંબી ચર્ચાઓ ચાલી હતી તેનું નિરૂપણ કરી આપ્યું છે. જેમાં ખાસ તો મણિલાલ અને રમણભાઈ નીલકંઠ વચ્ચે કર્મવાદ અને પુર્નજન્મના વિશે 'જ્ઞાનસુધા' અને 'સુદર્શન'વચ્ચે જે લાંબો વિવાદ ચાલ્યો હતો તેની જરૂરી વિગતો ઊથલાવીને છણાવટ કરી આપી છે. ધર્મ-તત્ત્વ નિર્ણયમાં મણિલાલ અને રમણભાઈના દ્રષ્ટિબિંદુઓમાં તફાવત સ્પષ્ટ કરતાં તેઓ કહે છે કે, *"સત્ય-સ્વીકારમાં મણિલાલ શાસ્ત્રનું પ્રમાણ સ્વીકારતા ત્યારે રમણભાઈ તેમાં કેવળ બુદ્ધિને જ પ્રમાણ ગણતાં. મણિલાલે હિંદુધર્મના વિવિધ પંથસંપ્રદાયનો ખુલાસો શાસ્ત્રવિહિત અધિકારક્રમ દ્વારા કરી બતાવ્યો છે તે રમણભાઈને માન્ય નથી. કારણ, તેઓ અધિકારભેદના સિદ્ધાંતને સ્વીકારતા નથી. તેઓ તત્ત્વનિર્ણયમાં સર્વના અધિકાર સરખો છે એમ કહીને મણિલાલને આગળ કરેલા અધિકારક્રમને ઉડાવી દેવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે."* [3] એવું કહી મણિલાલ અને રમણભાઈ નિલકંઠ વચ્ચે પોણા દાયકા સુધી ચાલેલા વિવાદોનું વિગતે અવલોકન કરી આપ્યું છે. સાથે જહાંગીર એરચ સંજાનાએ મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી સાહિત્ય વિશે આપેલા ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનોમાં અર્વાચીન ગુજરાતી ગદ્યના વિવેચન અંગે મણિલાલ અને રમણભાઈની તુલના કરી હતી. તેને પણ શોધનિબંધકે તપાસી આપ્યું છે. જેમાં રમણભાઈ અને મણિલાલની ' સ્કૉલર' તરીકેની તુલના કરી સંજાનાએ

જે ભ્રમ ઊભો કર્યો હતો તેની સ્પષ્ટતા પણ કરી આપી છે. વળી ક્યાંક  ઠાકરસાહેબે સંજાનાની કેટલીક ટીકાઓનો સ્વીકાર પણ કર્યો છે. જે તેમની સમાલોચનાનું સમતોલપણું દર્શાવે છે. આ પ્રકરણના અંતમાં ધીરુભાઈએ ગોવર્ધનરામ અને આનંદશંકર ધ્રુવ સાથે મણિલાલની તુલના કરી ત્રણેયના માનસ અને નિરૂપણ પદ્ધતિનો યોગ્ય પરિચય કરાવ્યો છે.

'સમાજ, શિક્ષણ અને રાજકારણ'એ ત્રીજા પ્રકરણમાં શોધનિબંધકે મણિલાલના સમાજ, શિક્ષણ અને રાજકારણ અંગેના વિચારોની છણાવટ કરી આપી છે. ધીરુભાઈએ મણિલાલની સામાજિક વિચારણાને મૂલવતાં 'નારીપ્રતિષ્ઠા'જેવા લેખને કેન્દ્રમાં રાખીને બાળલગ્ન, સ્ત્રીકેળવણી, જ્ઞાતિનિબંધ, પરદેશગમન, લગ્નમાં સ્ત્રીપુરૂષની સંમતિ, કન્યાવિક્રય વગેરે ક્ષેત્રોમાં મણિલાલના વિચાર હતા અને તેઓ શું પરીવર્તન લાવવા ઈચ્છતા હતા તેના પર પ્રકાશ પાડ્યો છે. વળી 'પ્રિયંવદા' અને 'સુદર્શન'માં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક 'સરકારી કેળવણી ખાતામાં સુધારા', 'સ્ત્રીઓને ભણવાથી હાનિ થાય છે ?', 'શિક્ષણવિચાર'અને 'સ્ત્રીકેળવણીની દશા' જેવા લેખોનાં દ્રષ્ટાંતો નોંધી મણિલાલે દેશના સંસ્કારવિકાસની યોજના એક અંગ રૂપે શિક્ષણના તત્ત્વ અને પદ્ધતિની આલોચના કરી હતી. પ્રચલિત શિક્ષણ પ્રથાનું અવલોકન અને દેશને કેવા પ્રકારની કેળવણી પથ્ય છે ઈત્યાદી વિગતોની રસપ્રદ માહિતી રજૂ કરી છે. વળી મણિલાલે 'સુદર્શન'માં શરૂ કરેલી 'કારભાર' અને 'પૂર્વ અને પશ્ચિમ'જેવી લેખમાળા શરૂ કરી રાજ્ય સંબંધી પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. એ સમયે કોઈ વિશિષ્ટ સાક્ષર સીધી રીતે રાજકારણની ચર્ચા ભાગ્ય જ કરતો હતો ત્યારે મણિલાલે આ લેખમાળામાં સમષ્ટિપ્રધાન નીતિને વ્યષ્ટિપ્રધાન નીતિની ભોગવવી પડતી તાબેદારીનું નજીકથી પણ તટસ્થપણે મણિલાલે અવલોકન કરી આપ્યું હતું. તેના પર ધીરુભાઈએ ધ્યાન આપ્યું છે.

પ્રકરણ ચાર 'ગદ્યઃ સાહિત્યકૃત્તિઓ'વિષયક છે. જેમાં ધીરુભાઈ એ મણિલાલના નાટક, નવલકથા, આત્મચરિત્ર, નિબંધ, વિવેચનલેખો, સંશોધન, અનુવાદ અને ભાષાંતર ઈત્યાદીની વિચારણા કરી છે.

સૌપ્રથમ મણિલાલકૃત ‘કાન્તા’નાટકની ચર્ચા સંદર્ભે ગુજરાતી સાહિત્યના શિષ્ટ કરુણાંત નાટકમાં ગણના કરી છે. આ ચર્ચા નિમિત્તે તેઓ સૌપ્રથમ આ નાટક વિશે રમણભાઈ નિલકંઠ અને નવલરામે જે વિવેચના કરી હતી તેને ધ્યાનમાં રાખીને આ નાટકનું અવલોકન કરી આપ્યું છે. ઉપરાંત ઠાકરસાહેબે ‘કાન્તા’ની સમીક્ષા સંદર્ભે નવલરામે આ નાટકની વસ્તુસંકલનાની ઝીણવટભરી પરીક્ષા કરી હતી તેમાંથી મહત્વના મુદ્દાઓ ટાંકીને સૂક્ષ્મરીતે વિચારણા કરી આપી છે. છતાં સંશોધક નાટકની વસ્તુગૂંથણીમાં શિથિલતા અને અસંભવદોષની શંકા ઊભી કરે એટલી કચાસ રહી ગઈ હોવાનું નોંધે છે. તેમ છતાં સમગ્ર નાટકનો રસપ્રવાહ નિહાળતા, તેમજ મણિલાલનો મૌલિક નાટક લખવાનો આ પહેલો પ્રયાસ છે તે જોતાં એટલી કચાસ તેમણે ક્ષમ્ય ગણી છે. એવો ખુલાસો પણ કરે છે. આ નાટકમાં બીજી મહત્ત્વની બાબત એ કે ‘કાન્તા’નાટક મુંબઈ ગુજરાતી નાટક કંપનીએ ભજવ્યું તે કેવું નિવડ્યું એ વિષેની સાચી માહિતી તેના જાણકાર સુપ્રષિદ્ધ નટ જયશંકર સુંદરી પાસેથી મેળવી છે તે વિગત ખાસ નોધપાત્ર છે. ‘નૃસિંહાવતાર’નાટક પણ એ જ નાટક મંડળીની માગણીથી લખાયું હોવાનું નોંધી નાટકની મણિલાલના હસ્તાક્ષર મૂળ હાથપ્રત ધીરુભાઈએ તેમના એક સમકાલીન વૃદ્ધ પાસેથી મેળવી લઈને તેનું વિસ્તૃત અવલોકન કરી આપ્યું છે. ખાસ તો આ નાટકની ચર્ચા કરતી વખતે વસ્તુ, પાત્ર, વસ્તુસંકલના, સંવાદ વગેરેની ‘કાન્તા’નાટકની સાથે તુલના કરી તેની વિશેષતા બતાવી આપી છે. ‘નૃસિંહાવતાર’નાટકને મણિલાલની પક્વ નાટ્યલેખન કળાનો ઉત્તમ નમૂનો ગણે છે. આ નાટક જ્યારે ભજવ્યું હતું ત્યારે દર્શકો અને વિદ્વાનો પર સો પ્રભાવ પડ્યો છે તેની યથાર્થ માહિતી આ નાટક ભજવવામાં પ્રત્યક્ષ ભાગ લેનાર જયશંકર સુંદરીએ પુરી પાડી છે તેની પણ નોંધ શોધનિબંધકે લીધી છે, જે મહત્વની બની રહે છે. કેટલાય સમયથી અપ્રગટ રહેલા આ નાટકને લેખકે ૧૯૫૫માં પ્રગટ કરી ગુજરાતી નાટ્યસાહિત્યમાં અનન્ય સેવા પણ બજાવી છે.

‘ગુલાબસિંહ’નવલકથાની ચર્ચા સંશોધકે વિસ્તારથી કરી આપી છે. ‘પ્રિયંવદા’ અને ‘સુદર્શન’માં હપ્તાવાર પ્રગટ થયેલી મણિલાલની આ નવલકથાને નવલરામ ત્રિવેદીએ લોર્ડ લિટનકૃત ‘ઝેનોની’નામની અંગ્રેજી નવલકથાનો શબ્દશ:ભાષાંતર છે એવો અભિપ્રાય આપ્યો છે. જેનું શોધનિબંધકે ‘ઝેનોની’ અને

‘ગુલાબસિંહ’એમ બંને નવલકથાના અવતરણોના દ્રષ્ટાંતો ટાંકીને શબ્દ:ભાષાંતરને બદલે છૂટે હાથે કરેલો ભાવાનુવાદ કહ્યો છે. એટલું જ નહીં પણ ઠાકરસાહેબે ‘ગુલાબસિંહ’નવલકથાને ‘ઝેનોની’નવલકથા સાથે તુલના કરી આપીને મણિલાલની અનુવાદકલાની ખૂબીઓ પર પણ વેધક પ્રકાશ પાડી આપ્યો છે. ‘ઝેનોની’માં નિરૂપિત તત્ત્વજ્ઞાન ગુજરાતીમાં ભારતીય દર્શનનું સ્વરૂપ ધારણ કરે છે તે મણિલાલની રૂપાંતરકલાને ઠાકરસાહેબ નોધપાત્ર વિશિષ્ટતા માને છે.

‘મારુ જીવનચરિત’નામની મણિલાલની અધૂરી વાર્તા નિબંધાત્મક શૈલીમા રચાયેલી છે. જેમાં સાહિત્યિક ગુણવત્તા નહીં જેવી જ તેમને લાગે છે. મણિલાલના ‘આત્મચરિત્ર’ની ચર્ચા સંદર્ભ ગુજરાતી આત્મકથા-સાહિત્યમાં તેનું શું સ્થાન છે તેની માર્મિક છણાવટ કરી આપી છે. આરંભમા જ મણિલાલના આત્મવૃત્તાંતને નર્મદ અને ગાંધીજીની અનુક્રમે ‘મારી હકીકત’ અને ‘સત્યના પ્રયોગો’ની વચમાં મૂકી આપે છે. મણિલાલના મનની અને કલમની મોકળાશ રાખીને સ્વાનુભવકથન કરેલું છે એમ તેઓ નોધે છે. આથી આ આત્મવૃત્તાંતમાં નિરૂપાયેલી મણિલાલની વિત્તકથાઓ રૂસોના ‘શ્રonfeં ionં’નું સ્મરણ કરાવે તેવી કેફિયતનું રૂપ ધારણ કરે છે એમ તેઓ જણાવે છે. શોધનિબંધકે ઇ.સ.૧૯૭૯માં ‘મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃતાંત’નામે સંપાદન કરી આપ્યું હતું. જેમાં મણિલાલના ૪૦વર્ષના આયુષ્યના જીવનનો હેવાલ આપવામાં આવ્યો છે.

મણિલાલ ખાસ તો નિબંધકાર હતા તેની ચર્ચા પણ ધીરુભાઈએ આ જ પ્રકરણમાં કરેલ છે. આ નિબંધોની વિચારણા તેમણે નર્મદ, રમણભાઈ, નરસિંહરાવ અને બ.ક.ઠાકોરના નિબંધો સાથે તુલના કરી તટસ્થરીતે અવલોકન કરી આપ્યું છે. વળી મણિલાલે કરેલા સંશોધન સંપાદન કાર્યને મૂલવવાનું પણ ઠાકરસાહેબ ચૂક્યા નથી. વડોદરા રાજ્યે મણિલાલને પાટણના ગ્રંથભંડારો અવલોકવા ઇ.સ.૧૮૯૨માં નિયુક્ત કર્યા હતા. પરિણામે તેમણે બાર ભંડારો ઊથલાવીને મુદ્દાવાર વિગતે યાદી તૈયાર કરીને સાથે ગાયકવાડ સરકારને એક નિવેદન પણ રજૂ કર્યું હતું. જેમાં ભંડારોના ઉદ્ધાર કરવા કયા પ્રયત્નો કરવા, કયા ગ્રંથો પ્રસિદ્ધ કરવા, કયા ભાષાતરો કરવા, કયા ગ્રંથનો સાર પ્રગટ કરવો વગેરે માહિતી રજૂ કરી હતી. અને

તેને પ્રતાપે સયાજીરાવ ગાયકવાડ 'પ્રાચ્ય વિદ્યામંદિર' અને 'ગાયકવાડ' ઓરિએંટલ સીરિઝની સ્થાપના થઈ. જેને પરિણામે 'અનેકાંતવાદપ્રવેશ', 'દ્વયાશ્રય', 'કુમાળપાળ', 'ષડદર્શનસમુચ્ચય', 'ભોજપ્રબંધ'આદિ ભાષાંતરો ગુજરાતી ભાષામાં સુલભ કરી આપ્યા હતા તેની વિગતે છણાવટ કરી આપી છે. આગળ તેઓ મણિલાલે અંગ્રેજીમાંથી કેટલાક મહત્ત્વના ગ્રંથોનો ગુજરાતીમાં કરેલો અનુવાદ 'રાજયોગ'તેમજ અંગ્રેજી ગ્રંથો પરથી તે જ વિષયમાં ગુજરાતીમાં લખાયેલા 'ન્યાયશાસ્ત્ર' અને 'ચેતનશાસ્ત્ર'ની નોંધ લેવાનું પણ ચૂક્યા નથી. મણિલાલની આ પ્રકારની કામગીરીનું વિગતે નિરૂપણ આ શોધનિબંધમાં ઠાકરસાહેબે કરી આપ્યું છે.

'ગદ્યકાર મણિલાલ'પ્રકરણ પાંચમાં ધીરુભાઈએ મણિલાલને ગદ્યકાર તરીકે ઉપસાવી આપ્યા છે. મણિલાલની ગદ્યકાર તરીકેની કારકિર્દીનો પ્રારંભ ભવભૂતીના ભાષાંતરથી 'પ્રિયંવદા', 'સુદર્શન'માં કેવી વિકસિત થઈ તેની સમાલોચના કરી આપી છે. નિર્ભયતા, નિયમિતતા, સિદ્ધાંતનિષ્ઠા, ઉચ્ચભૂમિકાની તત્ત્વચર્ચા પત્રકાર તરીકેના મણિલાલના ગુણો નોંધી તેમની ગદ્યશૈલીએ કેવા નવા ઉન્મેષો ધારણ કર્યા હતા તેનું  નિરૂપણ કરી આપ્યું છે. આગળ તેઓ મણિલાલના ગદ્યને નર્મદના ગદ્ય સાથે તુલના કરી નર્મદમાં અણઘટ અને અવ્યવસ્થિત લાગતું ગુજરાતી ચિતનાત્મક ગદ્ય મણિલાલમાં સૌષ્ઠવ, શિષ્ટતા અને વ્યવસ્થિત તર્કબદ્ધતા ધારણ કરે છે એવું તારવી આપે છે. આ ચર્ચા ઠાકરસાહેબે ગોવર્ધનરામ, નરસિંહરાવ અને ઠાકોરની ગદ્યશૈલીની વેગવત્તા સુધી પોંહચે છે. અને મણિલાલની ગદ્યશૈલીની વેગવત્તા અન્ય લેખકોથી કેવી ચડિયાતી છે તેની ઉદાહરણો દ્વારા  છણાવટ કરી આપી છે. ઘનતા, વેગ, સુત્રાત્મકતા અને અશિથિલતા બંધ જેવા તેમના ગદ્યશૈલીના લક્ષણો બતાવવાનું પણ વિવેચક ચૂક્યા નથી. મણિલાલના ભાષાવિષયક સિદ્ધાંતની પણ યોગ્ય ચર્ચા કરી છે. મણિલાલની ભાષામાં જોવા મળતી શિથિલતા અને અશુદ્ધિ સંદર્ભ સંજાનાએ આપેલા દાખલાઓ પૈકી કેટલાકને દેખીતી છાપભૂલ ગણી છે. તો પણ મોટા ભાગના સ્ખલનો સાચા હોવાનું શોધનિબંધક સ્વીકારે છે.

'આત્મનિમજ્જન'કાવ્યસંગ્રહમાં સંગ્રહાયેલી કવિતાની ચર્ચા સંશોધકે 'કવિ મણિલાલ'એ છઠ્ઠા પ્રકરણમાં કરી છે. પ્રારંભમાં જ તેમણે મણિલાલના કાવ્યનો જથ્થો કેટલો છે તે દર્શાવી આપ્યું છે. ત્યારપછી

મણિલાલના જૂના ભજનો, પ્રચલિત લોકગીતો અને ગરબીઓના ઢાળમાં રચાયેલા ગીતો, ફારસી ગઝલો અને દેશી ભજનો વગેરેને ધ્યાનમાં રાખીને સોદાહરણ સહિત વિવરણ કરી આપ્યું છે. ખાસ તો મણિલાલનું છેલ્લું કાવ્ય 'અમર આશા'કાવ્યની મણિલાલની હાથપ્રત મૂકી તેમાં રહેલા અશુદ્ધ પાઠને તપાસી આપી શુદ્ધીકરણ કર્યું છે. જેમ કે 'ઝહરનું નામ લે શોધી' તેની જગ્યાએ 'ઝહરનું જામ લે શોધી' એવો શુદ્ધ પાઠ દર્શાવ્યો છે. એટલું જ નહીં આ ચર્ચા સંદર્ભ ધીરુભાઈએ ગૌરીશંકર મહેતાએ આ કાવ્યની ટીકા આત્મનંદ પાસે કરાવીને પ્રસિદ્ધ કરી હતી. તેનું ભાષ્ય ટાંકીને ચર્ચાને રસપ્રદ બનાવી છે. સાથે 'કહી લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે'.કાવ્યની દરેક કાવ્યપંક્તિના બંધારણ તરફ પણ ધ્યાન દોર્યું છે. 'પ્રેમાગ્નિ', 'પ્રણયભંગ' અને 'એકસ્વપ્ન'જેવા કાવ્યના દ્રષ્ટાંતો આપી શિષ્ટતા, રસિક્તા, અર્થલક્ષિતા, સુવાચ્યતા અને વિચારપ્રેરકતા જેવા તેમના વૃત્તબદ્ધ કાવ્યોની વિશિષ્ટતા જણાવવાનું પણ તેઓ ચૂક્યા નથી.

આ નિબંધનું અંતિમ પ્રકરણ ઉપસંહાર વિશેનું છે. જેમાં સંશોધકે પરિશિષ્ટ એકમાં મણિલાલની કૃતિઓની સંપૂર્ણયાદી, પરિશિષ્ટ બેમાં 'નૃસિંહાવતાર'નાટકના ગાયનો, પરિશિષ્ટ ત્રણમાં 'અમર આશા'એ કાવ્ય વિશે ગાંધીજીએ કરેલું વિવેચન અને પરિશિષ્ટ ચારમાં વડોદરા રાજ્ય માટે કરેલા ભાષાંતરોની શાળા કમિટીએ કરેલી ટીકાનો મણિલાલે આપેલો જવાબનો સમાવેશ કર્યો છે.

પ્રસ્તુત શોધનિબંધમાં ઠાકરસાહેબની સંશોધનાત્મક દ્રષ્ટિનો સુપેરે પરિચય આપણને પ્રાપ્ત થાય છે. ખાસ તો તેમણે આ મહાશોધનિબંધ તૈયાર કરવા માટે મણિલાલના જીવન અને તેમની પ્રગટ-અપ્રગટ સાહિત્યકૃતિઓ મેળવવા તેમણે જે અથાગ પ્રયત્ન કર્યો હતો. તે દાદ માગી લે તેવો છે. આ માટે તેમણે 'સુદર્શન', 'પ્રિયંવદા', 'જ્ઞાનસુધા', 'વસંત'જેવા સામયિકોની ફાઈલો ઊથલાવીને મણિલાલ વિશે જે કઈ માહિતી મળે તેની એક યાદી તૈયાર કરી હતી. ત્યારપછી મણિલાલના સમકાલીનો તેમજ નડિયાદમાં તેમના સગાસબંધીઓને મળીને કેટલાક સાથે પત્રવ્યવહાર કરીને સામગ્રી એકઠી કરી હતી. જેમ કે શ્રી જગજીવનદાસ દયાળજી પાસેથી ' નૃસિંહાવતાર'નાટકની મણિલાલના હસ્તાક્ષરવાળી પ્રત મેળવી ખરીદીને છપાવી પણ હતી. ઠાકરસાહેબે મણિલાલની અપ્રગટ રહેલી આત્મકથા ધ્રુવભાઈ ધ્રુવ પાસેથી મેળવી પ્રસ્તુત

નિબંધમાં આવશ્યક ઉપયોગ કર્યો હતો. મણિલાલના જીવન અને તેમના પુસ્તકો વિશે માહિતી મેળવવા માટે મણિલાલના પૌત્ર રમણલાલ દ્વિવેદી સાથે સંપર્ક સાધ્યો હતો. અને તેમને સમજાવીને નડિયાદના મકાનમાં પડેલી જર્જરિતપ્રાય મુદ્રિત લિખિત સંગ્રહ મેળવ્યો હતો. જેમાં મણિલાલ વિશે નોંધો, પત્રવ્યવહાર, વસિયતનામુ અને મણિલાલે આપેલા અંગ્રેજી વ્યાખ્યાનો જેવા કે 'ધ નેસેસિટી ઓફ સ્પિરિચ્યુલ કલ્ચર' અને 'ધ ડોક્ટ્રિન ઓફ માયા' વગેરેની નકલો મેળવી તે અમદાવાદની ગુજરાત વિદ્યાસભાને ભેટ રૂપે અપાવ્યા હતા. જેમાં તેમનો ઉદ્દેશ્ય ત્યાં સુરક્ષિત રીતે સચવાય તે હતો.

આથી જ આ શોધનિબંધને મૂલવતા રમેશ શુક્લ જણાવે છે કે, *"દાર્શનિક મણિલાલને મૂલવવા માટે દર્શનશાસ્ત્રીની વ્યુત્પન્નતા અનિવાર્ય છે. ધીરુભાઈ તે વિશેની સંપન્નતા દષ્ટાંતરૂપ છે. સમગ્ર શોધસમીક્ષામાં તેમનો અભિગમ વસ્તુલક્ષી, તટસ્થ અને તાર્કિક રહ્યો છે. દરેક વિધાન પ્રમાણોથી બદ્ધ છે. ભાષામાં વિષયને અનુરૂપ અર્થગૌરવ સાથે સરળતા અને સુઘડતા રહી છે."* [૪] આ ઉપરાંત પંડિત સુખલાલજીનું મંતવ્ય પણ નોંધવા જેવુ છે. તેમનું કહેવું છે કે, *"આખો નિબંધ એવો અખંડ પ્રવાહે વહેતો જાય છે કે નથી ક્યાંય ભાષાસ્ખલના દેખાતી કે નથી વિચારત્રુટિ દેખાતી. આ રીતે પરીક્ષાની દ્રષ્ટિએ લખાયેલો આ નિબંધ આપણાં સાહિત્યમાં એક વિશિષ્ટ કૃતિનો ઉમેરો કરે છે અને પીએચ.ડી ની ડિગ્રી માટે નિબંધ તૈયાર કરવા ઈચ્છનારને એક પ્રેરક રૂપ પણ બને છે."* [૫] આ ઉપરાંત ડો. મીના સોલંકીનું પણ માનવું છે કે, *"મણિલાલના જીવન અને કાર્યના તમામ પાંસાને આવરી લેતો આ સુદીર્ઘ મહાનિબંધ આપણાં સાહિત્યમાં સંશોધન ક્ષેત્ર આગવું સ્થાન ધરાવે છે. સમગ્રતયા સાક્ષરવર્ય ધીરુભાઈ ઠાકરે મણિલાલના સાહિત્યકાળની અને જીવનકાળની સમસ્ત વિગતો આલેખીને ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર પ્રશંસનીય સેવા કરી છે."* [૬] આ ત્રણેય વિદ્વાનોના મંતવ્યો સમગ્ર શોધનિબંધમાથી પસાર થતાં સાર્થક ઠરે છે.

## રસ અને રુચિ

'રસ અને રુચિ' (૧૯૬૩)એ ધીરુભાઈ ઠાકરનો પ્રથમ વિવેચનસંગ્રહ છે. જેમાં ત્રેવીસ જેટલા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસ્તાવનામાં જ તેઓ જણાવે છે કે, *"છેલ્લા દોઢ-બે દાયકાના ગાળામાં અધ્યાપનની સાથે સાથે લેખન દ્વારા સાહિત્યપદાર્થને સમજવાનો જે પ્રયત્ન કરેલો તેની સાહિત્ય તત્ત્વ, સ્વરૂપ લેખક કે ગ્રંથની ચર્ચા કરતી વખતે સાહિત્યજિજ્ઞાસુ વિદ્યાર્થીવર્ગ નજર સમક્ષ રહ્યો હોવાથી ચર્ચાને બને તેટલી સરળ અને વિશદ રાખવાનો પ્રયત્ન કર્યો છે."* [૭] આ સંગ્રહના મોટાભાગના લેખો અગાઉ અનેકવિધ સામયિકો જેવા કે 'સંસ્કૃતિ', 'રેખા', 'નવચેતન', 'સ્ત્રીજીવન' અને 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થઈ ચૂક્યા છે. પાંચેક લેખો મુંબઈ, અમદાવાદ આકાશવાણી પરથી આપેલા વાર્તાલાપો છે. દલપતરામ-ગોવર્ધનરામ જેવા સર્જકોની જયંતિ નિમિત્તે અપાયેલા વ્યાખ્યાનોનો પણ સમાવેશ કર્યો છે. ઠાકરસાહેબે 'ગુજરાત સમાચાર'દૈનિકમાં સતત છ વર્ષ સુધી 'સાહિત્ય અને સંસ્કાર'ની કટાર લખીને સાહિત્યરસિકોનું ધ્યાન ખેચ્યું હતું. એટલું જ નહીં પરંતુ આ સાહિત્યિક કટાર દ્વારા તેમણે વાચકોને સાંપ્રત સાહિત્યના પ્રવાહથી માહિતગાર કરવાનું કામ પણ કર્યું હતું. ખાસ તો આ વિવેચન સંગ્રહને તેમણે ભાવકને કેન્દ્રમાં રાખીને લખ્યો હતો. લેખોની શૈલી પણ સાદી અને સરળ છે. જેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

સાહિત્ય અને કળાનું સર્જન જીવનની મૂળભૂત અનુભૂતિ તેઓ 'રસ અને રુચિની ખીલવણી'નામના પ્રથમ લેખમાં જુએ છે. અહીં તેમણે કવિઓ અને કલાકારોના રસકીય સંદર્ભે ચર્ચા કરી છે. રસ અને રુચિની ખીલવણીમાં સાહિત્યની ભૂમિકા શું હોય શકે? એવો પ્રશ્ન કરીને એક ઉદાહરણ આપે છે કે, *"ત્રણ પુસ્તકો લેવા એક ઉત્તમ સાહિત્યકૃતિ તરીકે પંકાયેલું બીજું સામાન્ય, અને ત્રીજું નિકૃષ્ટ. વર્ષ દરમ્યાન ત્રણ વાર દરેકનું વાચન કરવું જે ઉત્તમ છે તે ત્રીજા વાચને અલૌકિક આનંદ આપશે; મધ્યમ હશે તેનું બીજું વાચન કદાચ સહ્ય થાય; પણ ત્રીજા વાચને તો એ પહોંચશે જ નહીં અને નિકૃષ્ટને બીજી વાર વાંચવું નહીં ગમે."* [૮] તેથી વિવેચક વાચકની અનુભૂતિની તીવ્રતા કે મંદતા ઉપર તેની અસરનો આધાર જૂએ છે.

'બોલેલો શબ્દ શ્રદ્ધેય કે લખેલો ?'લેખમાં તેમણે બોલાયેલા શબ્દનું મહત્ત્વ સ્વીકાર્યું છે. 'બ્રિટિશ ઇન્સ્ટિટ્યૂટ ઓફ રેકોર્ડડ સાઉન્ડ'નામની સંસ્થાનું દ્રષ્ટાંત આપી તેમાં ખ્યાતનામ સર્જકોના અવાજોને સંગ્રહિત કરવામાં આવ્યા છે તેની વાત રજૂ કરી છે. ત્યારપછી આપણી ત્યાં આવી કોઈ સંસ્થાની વ્યવસ્થા નથી તેનુંય દુઃખ તેમણે વ્યક્ત કર્યું છે. ટૂંકમાં આ લેખમાં તેમણે સાહિત્યમાં થતાં કાવ્યપઠનની વાત મૂકી આપી છે.

સાહિત્યિક પ્રશ્નોની ચર્ચા તેમણે ' સાહિત્યમાં વિશાળતા' અને 'સાહિત્યકાર અને લોકૈષણા'એ બે લેખોમાં કરી છે. જેમાં પ્રથમ લેખમાં સાહિત્યને 'વિપુલતા' ને બદલે 'વિશાળતા'ના અર્થમાં પ્રયોજ્યો છે. સાહિત્ય સાથે સંબંધ ધરાવતા સર્વેને વાણીની કળાનું જીવાતુભૂતતત્ત્વ કયું તે સમજવાનો છે. આ માટે તેમણે ગોવર્ધનરામ અને મુનશીની નવલકથાના દ્રષ્ટાંત આપી છણાવટ કરી આપી છે. અંતમાં તેઓ સાહિત્યમાં વિશાળતાને અમૂર્ત અને અતિનીદ્રિય અનુભવનો પદાર્થ ગણે છે. લેખક-વાચન વચ્ચેનું અને સાહિત્ય ને જીવન વચ્ચેનું અંતર 'સાહિત્યકાર અને લોકૈષણા' લેખમાં માપ્યું છે. ખાસ તો અહીં તેમણે સાહિત્યકાર પ્રત્યેના લોકોના ગમા-અણગમા પર પ્રકાશ પાડ્યો છે. જેમાં સાહિત્યકાર પ્રત્યેના વાચકોના વિચારો પ્રત્યક્ષ કરાવાયા છે.

'જૂનું ગુજરાતી ગદ્ય'માં વિવેચકે પ્રાચીન ગુજરાતી ગદ્યની છણાવટ કરી આપી છે. જેમાં તરુણપ્રભસુરિ, સોમસુંદરસૂરિ, માણિક્યચંદ્રસૂરિ અને હેમહંસગણિ વગેરે સર્જકોની ગદ્યકૃતિઓના દ્રષ્ટાંતો દ્વારા જૂનું ગુજરાતી ગદ્યની લાક્ષણિકતાઓ તારવી આપી છે. વળી સહજાનંદ સ્વામીના 'વચનામૃતો'ને જૂના ગુજરાતી ગદ્યને અર્વાચીન યુગના ઉંબરે લાવી તેની રસપ્રદ ચર્ચા કરી આપી છે. ટૂંકમાં પ્રાચીન ગુજરાતી ગદ્યને સમજવામાં આ લેખ ખૂબ જ ઉપયોગી બની રહે તેમ છે. ગુજરાતી સાહિત્ય અને સંસ્કાર જીવનનો રોચક પરિચય તેઓએ 'ગરબો-ગરબી' લેખમાં કરી છે. સાથે આ બંને સાહિત્ય સ્વરૂપની ભિન્નતા પણ દર્શાવી આપી છે. વલ્લભ ધોળા અને ભાણદાસના ગરબાના ઉદાહરણો દ્વારા તેની મહત્તા દર્શાવી આપી છે. આ સમગ્ર લેખમાં ઠાકરસાહેબે ગરબો-ગરબીનું સ્વરૂપ, વિભાવના, ગુજરાતી પ્રજા સાથે તેનો સંબંધ અને તેના

લક્ષણોની છણાવટ કરી આપી છે. 'ખંડકાવ્ય સ્વરૂપ અને વિકાસ' અને 'ગુજરાતી સાહિત્યમાં નિબંધિકા'એ બંને લેખ સાહિત્યસ્વરૂપ વિશેના છે. જેમાં 'ખંડકાવ્ય સ્વરૂપ અને વિકાસ'માં ખંડકાવ્યનું સ્વરૂપ અને વિકાસની ચર્ચા કરી છે. આરંભમાં ખંડકાવ્યના વ્યાવર્તક લક્ષણો, ખંડકાવ્યની અન્ય સાહિત્ય સ્વરૂપ સાથે તુલના કરીને તેની વિશેષતાઓ દર્શાવી આપી છે. ત્યારપછી કાન્તથી માંડીને નવીનતર કવિઓએ આ સ્વરૂપમાં કરેલા પ્રદાનને મૂલવી આપ્યું છે. આમ છતાં વિવેચકનું માનવું છે કે, *"અધતન પેઢીનું ખંડકાવ્ય વિષયવૈવિધ્ય સાધી શક્યું નથી."* [૯] એવું તેમનું મંતવ્ય આજે પણ આપણને સાર્થક લાગે છે. અંતમાં તેઓ કહે છે કે, *"વાસ્તવ જીવન, ઇતિહાસ, પુરાણ અને દંતકથાના વિપુલ ભંડારમાંથી વિવિધ ભાવ કે રસના નવીન પ્રસંગો પસંદ કરીને અને કલ્પનાબળે બીજા અનેકનું સર્જન કરીને આજના કવિઓએ ખંડકાવ્યનું વિષયક્ષેત્ર વિશાળ બનાવવું જોઈએ."* [૧૦] એવી આશાય તેમણે વ્યક્ત કરી છે. 'ગુજરાતી સાહિત્યમાં નિબંધિકા'માં પ્રારંભમાં જ વિવેચકે નિબંધ અને નિબંધિકા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી આપ્યો છે. ત્યારપછી સુધારકયુગથી આધુનિકયુગ સુધી આ સ્વરૂપના વિકાસમાં ફાળો આપનાર સર્જકોનો ઉલ્લેખ કરીને આ સ્વરૂપના વિકાસને અવલોકી આપ્યું છે. એટલું જ નહીં પણ નિબંધિકાના ઉજળા પાંસાને ઉજાગર કરી આપ્યા છે.

'નવલકથાનું રચનાવિધાન'માં પાત્રપ્રધાન, દ્રશ્યપ્રધાન અને નાટ્યાત્મક નવલપ્રકારોનું તુલનાત્મક અવલોકન કરી આપીને નવલકથાની વિભાવનાને મૂલવી આપી છે. 'આત્મચરિત્રનો સાહિત્યપ્રકાર'માં આત્મકથાના સ્વરૂપને ઝિણવટથી મૂલવી આપ્યું છે. આત્મકથા અને જીવનચરિત્ર બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી આપ્યો છે. સાથે આત્મકથા નિરૂપણના ભયસ્થાનોનો નિર્દેશ કરવાનું પણ વિવેચક ચૂક્યા નથી. 'ગુજરાતી આત્મકથાનો એક સૈકો' લેખમાં ધીરુભાઈએ ૧૮૪૪થી ૧૯૪૪એમ એક સૈકા દરમ્યાન ગુજરાતી સાહિત્યમાં સર્જાયેલી આત્મકથાની વિકાસરેખા દોરી આપી છે. વળી ગુજરાતી આત્મકથાના પ્રદાનમાં નર્મદ, મણિલાલ, ગાંધીજી, કાલેલકર અને મુનશી જેવા સર્જકોનો પ્રધાનપણે શો ફાળો હતો તેની વિગતે માહિતી આપી છે. દરેક આત્મકથાની ચર્ચા સંદર્ભ તેની સિદ્ધિ મર્યાદાઓ પણ બતાવવાનું તેઓ ચુકતા નથી. ટૂંકમાં

પાંત્રીસ જેટલા પેજમાં લખાયેલો આ લેખ ગુજરાતી આત્મકથાનો અભ્યાસ કરનાર અભ્યાસકને ઉપયોગી માહિતી મળી રહે તેવો સાર્થક છે.

ભાવનગરમાં દલપતરામને શ્રદ્ધાંજલિ નિમિત્તે આપવામાં આવેલું વ્યાખ્યાન 'દલપતરામને દર્શને' લેખમાં ઝિલાયું છે. આ લેખમાં તેમણે દલપતરામને કવિ તરીકે મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. આરંભમાં જ દલપતરામનો કાવ્ય-લેખનના પાઠનો રોચક ઈતિહાસનું નિરૂપણ કરી આપ્યું છે. ત્યારપછી 'હુન્નરખાનની ચઢાઈ', 'સંપલક્ષ્મીસંવાદ' અને 'જાદવાસ્થળી' જેવા કાવ્યોની પંક્તિઓ ટાંકીને કવિ દલપતરામની સુધારક છબિ ઉપાસવી આપી છે. કવિતામાં આવતા મનોરંજક દ્રષ્ટાંતો નોંધી દલપતરામને હાસ્ય કવિ તરીકેની વિશેષતાઓ પણ દર્શાવી આપી છે. ગોવર્ધનશતાબ્દીની વ્યાખ્યાનમાલાના ઉપક્રમે અપાયેલુ વ્યાખ્યાન 'ગોવર્ધનરામ અને મણિલાલ'લેખમાં છે. જેમાં તેમણે આ બંને સાહિત્યકારોના જીવન અને કવનના મુખ્ય મુખ્ય મિલન-બિંદુઓ પર પ્રકાશ ફેંકી ઉભય પ્રકારે ગુજરાતમાં સધાયેલ સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રગતિની સ્પષ્ટતા કરી આપી છે. ટૂંકમાં આ લેખમાં વિવેચકે આ બંને સર્જકોના જીવન અને કવનના મુખ્ય બિન્દુઓને ઉપસાવવાનું વલણ રાખ્યું છે. 'મણિલાલ અને મણિશંકર'માં તેમણે મણિલાલ, મણિશંકર અને રમણભાઈ નીલકંઠના પત્રોના દ્રષ્ટાંતો દ્વારા બંને સર્જકોના ધર્મ, સમાજ અને સંસ્કૃતિ વિષયક વિચારોની ચર્ચા કરી આ સર્જકોના માનસ અને વ્યક્તિત્વના કેટલાક ઉજ્જવળ અંશોને ઉજાગર કરી આપ્યા છે. 'આચાર્ય આનંદશંકર ધ્રુવનું ધર્મચિંતન'માં તેમણે નર્મદે શરૂ કરેલું ધર્મવિષયક કાર્ય આનંદશંકર સુધી પહોચતા કેવું શુદ્ધ તત્ત્વ-વિચારરૂપે મહોરી ઊઠે છે તેની વાત છેડી છે.

'ડોલનશૈલીનું સાર્થકય'માં ન્હાનાલાલની અપાદ્યગદ્ય શૈલીની સફળતા અને નિષ્ફળતાની માર્મિક ચર્ચા કરી છે. 'ગુજરાતનો તપસ્વી', 'ગુરુદેવને'અને 'વસંતોત્સવ'જેવા કાવ્યોમાં નિરૂપાયેલી આ શૈલીના ગુણ-દોષ ઠાકરસાહેબે બતાવી આપ્યા છે. લેખના અંતમાં ડોલનશૈલીની મર્યાદાઓ પણ તેઓ બતાવવાનું ચૂકયા નથી. 'એક શિલ્પ અને ત્રણ સર્જકો'એ નવલકથા વિષયક ચર્ચા કરતો લેખ છે. જેમાં તેમણે કનૈયાલાલ મુનશીની 'જય સોમનાથ', ધૂમકેતુની 'ચૌલાદેવી'અને ચુનીલાલ મડિયાની 'કુમકુમ અને

આશકા'એ ત્રણે લેખકોએ આ નવલકથામાં ચૌલાનું પાત્ર સર્જન કરીને પોતપોતાની રુચિ, શૈલી અને સર્જકતાને કેવી પ્રતિબિંબિત કરી છે તે ઉપસાવી આપવાનો હેતુ તેમણે રાખ્યો છે. 'ઈન્દ્રજિતવધ' મહાકાવ્યનો એક પ્રયોગ'માં દોલતરામ પંડ્યાકૃત મહાકાવ્યમાં પ્રયોજાયેલા છંદ, અલંકાર, વસ્તુ, પાત્ર, ભાષા વગેરે અંગોની ઉદાહરણો મારફત વાત કરી આપી છે. ''ગુલાબસિંહ' એક સમીક્ષા'લેખમાં મણિલાલ નભુભાઈની નવલકથાનું ઝીણવટભર્યું અવલોકન વિવેચકે કરી આપ્યું છે.

ચિમનલાલ ત્રિવેદી આ સંગ્રહ વિશે જણાવે છે કે, *"ધીરુભાઈએ પોતાની વિવેચના દ્વારા વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓનાં રસ અને રુચિને ખીલવ્યાં છે. સર્જક અને ભાવક વચ્ચે રસાનુંભવનો માર્મિક સંબંધ જોડી આપે છે. આ ઉદારરુચિ વિવેચકે પોતાના વિવેચનલેખો દ્વારા ભાવકની સહૃદયતાને વિકસાવવાનું કાર્ય કર્યું છે"* [૧૧] સમગ્ર વિવેચનસંગ્રહમાંથી જ્યારે આપણે પસાર થઈએ છીએ ત્યારે તેમાં ઠાકરસાહેબની વિવેચનાત્મક દ્રષ્ટિનો પરિચય થયા વગર આપણેને રહેતો નથી. આ વિવેચનસંગ્રહમાં ત્રેવીસ લેખોમાં વિદ્યાર્થીકેન્દ્રી અભિગમને નજર સમક્ષ રાખ્યો હોવાથી તેની શૈલી પણ સાદી અને રોચક બનેલી આપણે અનુભવીએ છીએ. ડૉ.મીના સોલંકીનું મંતવ્ય આ વિવેચનસંગ્રહ સંદર્ભ નોંધવા જેવું છે તેમનું કહેવું છે, *"સમગ્ર લેખોમાં ધીરુભાઈની રસ અને રુચિની ખીલવણી, અભ્યાસનિષ્ઠા, ખંત ઉદ્યમ આદિ ગુણોનું પ્રતિનિધિત્વ આ સંગ્રહ કરે છે. અત્યંત મહત્ત્વના મુદ્દાઓની વિશદ ચર્ચા જિજ્ઞાસુ ભાવકને ઉપયોગી પુરવાર થાય તેવી છે."* [૧૨] ડૉ.મીનાબેન સોલંકીનો આ પ્રકારનો અભિપ્રાય આ વિવેચનસંગ્રહમાંથી પસાર થતાં આપણને યથાર્થ લાગે છે.

## સાંપ્રત સાહિત્ય

'સાંપ્રત સાહિત્ય'એ ધીરુભાઈ ઠાકરનો ઈ.સ. ૧૯૬૮માં પ્રગટ થયેલો બીજો વિવેચનસંગ્રહ છે. છેલ્લા દોઢ દાયકા દરમ્યાન પ્રગટ થયેલા ગુજરાતી સાહિત્યના વ્યક્તિત્વને સમજવાના પ્રયત્નરૂપે લખાયેલા લેખો છે. જેમાં કવિતા, નાટક, નવલકથા, નવલિકા, ચરિત્ર, નિબંધ, વિવેચન અને સંશોધન-સંપાદન એમ

લગભગ તમામ ક્ષેત્રોની કૃતિલક્ષી વિવેચન દ્વારા સમીક્ષા તેમણે કરી આપી છે. આ સંગ્રહના મોટા ભાગના લેખો 'ગુજરાત', 'ગુજરાત સમાચાર' 'સંસ્કૃતિ'અને 'સ્વાધ્યાય' વગેરેમાં પ્રગટ થયા હતા. જેને આપણે વિગતે જોઈએ.

'સાહિત્યતત્ત્વ'એ વિભાગમાં પંદર જેટલા લેખોનો સમાવેશ કર્યો છે. 'અભિવ્યક્તિની અકળ લીલા'માં સર્જનનો સાર અભિવ્યક્તિને ગણીને તેને આંતરચેતનાનો સાક્ષાત્કાર માને છે. આ ચર્ચા કરતી વખતે તેમણે ન્હાનાલાલની કવિતાને નજર સમક્ષ રાખી છે. 'સાહિત્યકારની સ્વાયત્તા'માં સાહિત્યકારના સ્વાતંત્ર્યથી માનવસ્વાતંત્ર્યને તેઓ અગ્રિમતા આપે છે. સાહિત્યકાર માણસ છે માટે જ સાહિત્યકાર છે એ વાતની ઝાંખી તેમણે કરાવી આપી છે. સામાન્ય જનસમુદાયમાં કવિતા પ્રત્યેનું વલણ, મનોવૃત્તિ ઘટતી જાય છે તે વિશેની ચર્ચા 'કવિતાનો કેફ' લેખમાં કરી આપી છે. આ માટેના કારણો તેઓ કવિતા ના વાંચવાની ટેવો, મહાવરો અને કવિ તેમજ સામાન્ય જનસમુદાય વચ્ચે પડી ગયેલા અંતરને ગણાવે છે. 'કવિ, કવિતા અને કિંવદન્તિ'માં અત્યુક્તિ અને અતિશયોક્તિ વચ્ચે કેટલું સૂક્ષ્મ અંતર રહેલું છે તેની વાત કરી છે. જેમાં નરસિંહ, કબીર, રહીમ, પ્રેમાનંદ, જયદેવ અને આનંદઘન જેવા જાણીતા કવિઓ વિશે પ્રચલિત કિંવદન્તિઓ વિશે વિગતે વાત કરીને કવિએ એ હકીકતને પોતાના સંવેદનને રચીને કેવું માર્મિક રૂપ આપે છે તેની રસપ્રદ ચર્ચા કરી આપી છે. 'કાવ્યરચનાનો અખતરો કરતું યંત્ર'માં યંત્રોના માધ્યમ મારફત કવિતા રચનાનો પ્રયોગ કરનાર પ્રો.બેન્ઝના ઉદાહરણો આપીને તેની મર્યાદાઓ દર્શાવી આપી છે. અંતમાં તેઓ કહે છે કે, *"યંત્રનું પ્રભુત્વ સ્વીકાર્યા વિના સાહિત્યકાર તેનો બુદ્ધિથી ઉપયોગ કરશે તો ગ્રંથલેખનની વિદ્યા નવો જ ચમત્કાર સાધી શકશે."* [13] એવો સ્પષ્ટ અભિપ્રાય તેઓ આપે છે. વિવેચનનું વિવેચન કરતો લેખ 'સાહિત્ય વિવેચનની ક્ષિતિજો' વિષયક છે. જેમાં ગ્રંથોના તુલનાત્મક અભ્યાસની મંદગતિ, પુસ્તકોના અવલોકન પ્રત્યેની ઉદાસીનતા તેમજ અત્યારનો વિવેચક સર્જક સાથે કદમ મિલાવી શકતો નથી તેની છણાવટ કરી આપી છે. અંતમાં વર્તમાનપત્રોએ પોતાની સાહિત્યિક જવાબદારી સમજીને શુદ્ધ સાહિત્ય વિવેચન માટે ચોક્કસ પ્રબંધ કરવાનો અનુરોધ કરવાનું પણ તેઓ ચૂક્યા નથી. ગ્રંથલેખનની વ્યાવહારિક અને

વ્યાવસાયિક પાંસાઓની ચર્ચા 'વિવેચકનું હકનામું' માં કરી આપી છે. આપણે ત્યાં દૈનિકો અને સામયિકોમાં ગ્રંથસમીક્ષાના પ્રશ્ન વિશે વિગતે ચર્ચા થઈ નથી તેની નિરાશા આ લેખમાં આપણે જોઈ શકીએ છીએ. 'પિછાં મોરનાં અને ચેષ્ટા કાગની'માં પરદેશમાં ગ્રંથલેખનનો વ્યવસાય તરીકે જેટલો યોજનાબદ્ધ વિકાસ થયો છે તેવો આપણે ત્યાં થયો નથી. તેનું કારણ સંપાદકો દ્વારા મૂળ લખાણની અશુદ્ધિઓને પ્રવાહી અને સમથળ કરવાની આવડત, બિનજરૂરી વિગતોને કાંટછાંટ, વસ્તુવિધાનમાં રહી ગયેલી અસંગતિઓ તેમજ છેલ્લાં એક-બે પ્રકરણો કાપવા કે ઉમેરવા એ સંપાદકોના નિત્ય વ્યવસાય જેવા કારણોને રજૂ કરી આપ્યા છે.

સાહિત્ય વિવેચનમાં સમાજ, રાજકારણ અને પ્રજાકીય માનસમાં બંધાયેલી કેટલીક વિશિષ્ટ ગ્રંથિઓ વિઘ્નરૂપે આવે છે, તેમ ધર્મ, સમાજ અને રાજકારણનો ગ્રહ લઈને સાહિત્ય વિશે અભિપ્રાય બાંધનાર ખાબોચિયામાં પડ્યા રહે છે તેની વાત 'સાહિત્યમાં કૂપમંડૂકતા'લેખમાં કરી આપી છે. નવીન સર્જકોને પ્રેરણારૂપ 'સજાવો શસ્ત્ર સિંહને' લેખ છે. જેમાં નવીન સર્જકોને પ્રેરણારૂપ બને તેવી તાલીમશાળાઓ ખોલવાની હિમાયત તેમની આ લેખમાં જોવા મળે છે. 'આસન સે મત ડોલ'માં એઝરા પાઉન્ડ અને એવ-તુ-શેન્કો જેવા કવિઓના ઉદાહરણો રજૂ કરી રાજકારણની ખટપટ સાહિત્યમાં ઘૂસશે તો તેના કેવા પરિણામો આવશે તેના ભયસ્થાનોની માંડીને વાત કરી આપી છે. 'પૂર્વ-પશ્ચિમ સંઘટ્ટ'લેખમાં પશ્ચિમના લોકોને ભારતીય કલા અને સુશોભનનો શોખ લાગતો જાય છે પણ સાહિત્યક્ષેત્રે આ સંપર્કની અસર કેવી પડી છે તેનો સ્પષ્ટ જવાબ આપી શકવાની સ્થિતિમાં આપણે નથી એવો તેમનો અભિપ્રાય સાંપ્રત સમયમાં પણ કેવો સાર્થક લાગે છે. 'ગુજરાતી ભાષાસાહિત્યનું ભાવિ'માં વિવેચકે માતૃભાષાનું મહત્ત્વ ઓછું થતું જાય છે તેની ચિંતા વ્યક્ત કરી છે. વળી સાહિત્યિક વિચારણાને સ્પષ્ટ કરતો લેખ 'પાંચ પ્રશ્નો' છે. જેમાં પ્રત્યાયન નહીં તો સાહિત્ય નહીં તેની વ્યાપ્તિના સ્વીકાર-અસ્વીકારના કારણોની સ્પષ્ટા કરી આપી છે. સાથે પ્રત્યાયનના પ્રશ્નમાં સાહિત્ય પ્રત્યાયનને સ્વીકારવાની ભલામણ પણ કરે છે.

'હાઈકુનું કાવ્યસ્વરૂપ અને તેનો ગુજરાતી સાહિત્યમાં પ્રયોગ' સુદીર્ઘ કહી શકાય તેઓ લેખ છે. આરંભમાં જ હાઈકુની રચના સાદી, સંક્ષિપ્ત અને ધ્વનિપૂર્ણ સંપૂર્ણપણે વસ્તુલક્ષી જેવા લક્ષણો બતાવીને

તેના સ્વરૂપની સ્પષ્ટા કરી આપી છે. સાથે હાઈકુની કવિતા, મુક્તક જેવા સ્વરૂપો સાથે તુલના કરીને તેની વિશેષતાઓ પણ દર્શાવી આપી છે. હાઈકુને ધીરુભાઈએ ‘અણુકાવ્ય’કહ્યું છે. આગળ જતાં ‘સંસ્કૃતિ’અને ‘બુદ્ધિપ્રકાશ’માં પ્રગટ થયેલા હાઈકુ તેમજ સ્નેહરશ્મિનો ‘સોનેરી ચાંદ ને રૂપેરી સૂરજ’માંથી કેટલીક ઉત્તમ રચનાઓની સંદ્રષ્ટાંત છણાવટ કરી આપી છે. લેખના અંતમાં આ લઘુ કાવ્યસ્વરૂપના પ્રયોગમાં રહેલા ભયસ્થાનોને બતાવવાનું પણ તેઓ ચૂક્યા નથી. ‘શિખર પર ઊડતાં કાવ્યશિકરો’માં અરવિંદની મંત્રકવિતાની છાપ પ્રજારામ રાવળના ‘નાંન્દી’કાવ્યસંગ્રહની કવિતામાં કેવી ઝીલાયેલી છે તેનું નિરૂપણ કરી આપ્યું છે. ‘સતયુગના પડઘા પાડતી કવિતા’માં સુધાંશુ અને નાથાલાલ દવેના કાવ્યસંગ્રહનું અવલોકન કરી આપ્યું છે. જેમાં નાથાલાલ દવેની કવિતાનો યોગ્ય વિકાસ તેમણે રચેલા સ્વાતંત્ર્ય અને નવ-નિર્માણ વિશેના કાવ્યોમાં વિવેચકને દેખાય આવે છે. ઉશનસ્ અને જયંત પાઠકના કાવ્યસંગ્રહમાં નિરૂપાયેલ પ્રકૃતિ પ્રત્યેનો લગાવ કેવો કાવ્યવિષય બનીને આવ્યો છે તેની ચર્ચા ‘મનોમુદ્રા અને સંકેત’લેખમાં કરી આપી છે. ‘સાર્ત્ર અને તેનો અસ્તિત્વવાદ’માં સોરન કિર્કગાર્ડથી માંડીને સાર્ત્ર સુધીના મહત્ત્વના અસ્તિત્વવાદી વિચારકોની સ્પષ્ટતા કરી આપી છે. ‘આધુનિક કવિતાના ત્રણ સેરો’, ‘આજના આ કવિઓને થયું છે શું ?’અને ‘સુરંગ કે સૂરસૂરિયું’એ ત્રણ લેખમાં અનુક્રમે આધુનિક કવિતામાં સાંસ્કૃતિક કટોકટી, સુસંબદ્ધ અને વસ્તુકથનનો અભાવ અને વિજ્ઞાનયુગથી પ્રભાવિત આજની કવિતા સૌંદર્યના નવા વહાણ વહાવશે કે નહીં તેની ચિંતા તેમણે વ્યક્ત કરી છે. ‘કવિઓ અને વિદૂષકો ?’માં વિવેચકે આધુનિક ગદ્યકાવ્યમાં પ્રસન્ન સ્વરૂપે જોવા મળતી શબ્દળુતા તરફ અંગુલિનિર્દ્ેશ કરી આપ્યો છે. ‘બુટપોલિશ કરતાં કવિઓ’આધુનિક કવિતા પ્રત્યે જનસમુદાયની કાવ્યરુચિ પ્રત્યેની કટોકટી તરફ ધ્યાન દોર્યું છે. ‘ફીણની દીવાલો’વ્યક્તિવાદી કવિતાની લઢણો સજીવન કરવામાં કેવા સફળ રહ્યા છે તેની છણાવટ તેમણે ‘અસ્તિત્વના ખંડેરોમાં ભટકતી કવિતા’માં કરી આપી છે. ‘મૃત્યુનું મહોરું પહેરતી કવિતા’એ લેખમાં ત્રીસના કવિઓએ કાવ્યની રચના અને જીવનની ભાવના પરત્વે ઊભી કરેલી પરંપરાના સંસ્કાર અર્વાચીન કવિતાના પ્રવાહમાં ચિરસ્થાયી રહી છે તેની પ્રતીતિ તેમને શ્રીકાંત માહુલીકરનો કાવ્યસંગ્રહ ‘આમોદે’માં થઈ આવી છે. ‘વાલ્મિકીની વેદનાને વાચા આપતી કવિતા’માં શ્રીકાંત

શાહનો કાવ્યસંગ્રહ 'એક શ્રીકાંત શાહ'નું અવલોકન કરી આપ્યું છે. 'રુદ્ર આક્રોશ કરતી રમ્યઘોષા'માં વિવેચકે લાભશંકર ઠાકરનો કાવ્યસંગ્રહ વિશે પત્રરૂપે આપેલો પ્રતિભાવ છે. 'ગતિપ્રેરક વિરતિ'લેખમાં આરંભમાં જ ઝયાં પોલ સાર્ત્રના અસ્તિત્વવાદી વિચારસરણીનો ઉલ્લેખ કરીને આજની વ્યક્તિવાદી કવિતાની કેટલીક રસપ્રદ વિશિષ્ટાઓ મહેન્દ્ર અમીનની રચનાઓમાં નિરૂપાયેલી છે તે તારવવાનો મુખ્ય પ્રયાસ આ લેખમાં જોઈ શકાય છે.

આ સંગ્રહના બાર જેટલા લેખો નવલકથા વિશેના છે. જેમાં 'અંતરપટના અજવાળા'માં સ્નેહરશ્મિકૃત 'અંતરપટ'નવલકથા તેમને રચનાની દ્રષ્ટિએ પાત્રપ્રધાન લાગી હોવાનું જણાવે છે. વસ્તુનું સળંગ નિર્વહણ અશક્યતા, કથનનો વિસ્તીર્ણ ઓઘ જેવી મર્યાદોઓ બતાવવાનું પણ તેઓ ચૂક્યા નથી. શિવકુમાર જોશીની 'આભ રૂવે એની નવલખ ધારે'નવલકથાની વિષય અને કથનની નવીનતાને ઉપસાવી આપવાનો ઉપક્રમ તેમણે 'નિકટના અતીતનું આકર્ષણ જમાવતી નવલકથા'લેખમાં કરી છે. ઐતિહાસિક ઘટનાઓને મુકાબલે કલ્પિત પ્રસંગોના ફિક્કી જણાતી ઇન્દુલાલ યાજ્ઞિકની 'માયા'નવલકથાની વાત 'આત્મકથાની અવેજીમાં મળતી નવલકથામાં'માં કરી આપી છે. 'અરૂઢ શૈલીની અનોખી લઘુનવલ'માં દિગીશ મહેતાની 'આપણો ઘડીક સંગ'ને અભિવ્યક્તિની અનોખી શૈલીથી પ્રથમ વાંચને જ રોચક છાપ પાડી જાય તેવી ઉત્તમ ગણે છે. 'નવલકથાની નવી વિભાવના'લેખમાં વિવેચકે સુરેશ જોષીના નવલકથાના રચનાવિધાન પ્રત્યેના ખ્યાલને રજૂ કરી આપ્યો છે. તાદત્મ્યપૂર્વકની તટસ્થતા, સંવિધાનકળા, મૂલ્યબોધ અને પ્રતિક યોજના જેવા મહત્ત્વના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરી નવી નવલકથાની વિભાનાને સ્પષ્ટ કરી આપી છે. અંતમાં આ વિભાવના પ્રમાણેની નવલકથા હજૂ ગુજરાતને મળી નથી તેનું દુઃખ પણ વ્યક્ત કર્યું છે. 'કાચી કેરીનો આસ્વાદ કરતી નવલકથા'અને 'અમૃતાઃ એક અપૂર્વ સાહિત્ય ઘટના'માં અનુક્રમે રઘુવીર ચૌધરીકૃત 'પૂર્વરાગ'અને 'અમૃતા'ની છણાવટ કરી આપી છે. જેમાં 'પૂર્વરાગ'નું ફલક મર્યાદિત અપકવ નિરૂપણ જેવી મર્યાદાઓ હોવા છતાં વિવેચકને તેમાં સર્જનની ક્ષમતાની પ્રતીતિ થઈ હોવાને કારણે આવકારપાત્ર ગણી છે. રઘુવીર ચૌધરીના કવિમાનસ પર આધુનિક સમયના વિવિધરંગી સૂત્રોએ પાડેલી છાપ 'અમૃતા'માં કેવી કલાત્મક

અભિવ્યક્તિ પામી છે તેનું નિદર્શન કરી આપ્યું છે. સાંપ્રત સમયની નવલકથાનું વિવેચન ધીરુભાઈએ મધુરાયકૃત 'ચહેરા'નું 'કરવટ બદલતી ગુજરાતી નવલકથા'લેખમાં કરી છે. મધુરાયની નવલકથા તરીકેની વિશેષતા બતાવતા તેઓ નોંધે છે કે, *"તેમના કથનમાં વિષાદ કે અવસાદનો ભાર હોતો નથી. સંવાદો ચબરાક અને સ્ફૂર્તિલા હોય છે. એકબીજાથી તદ્દન અસંગત વસ્તુઓની સંન્નિધિ અને તટસ્થ વસ્તુકથન કરવાનું વલણ નવલકથાના મૂળ સંવેદન ભણી કેન્દ્રગામી રેખાઓની માફક ગતિ કરીને સમગ્ર અસર ઉપજાવે છે."* [૧૪] એવો વિલક્ષણ વળાંક દર્શાવતી નવલકથા તેઓ માને છે. આધુનિકતાની છાપ પાડતી શ્રીકાન્ત શાહની 'અસ્તિ'નવલકથાની ચર્ચા 'અસ્તિ અને અસ્તિત્વ'માં કરી છે. ઘટનાવિહીન અને અસંબદ્ધ લાગતી આ રચનાને તેમણે નવલકથાની નવીન ભૂમિકાના સંદર્ભમાં છણાવટ કરી આપી છે. 'અતીતની ઈમારત પર કળાનો કળશ'માં બિમલ મિત્રકૃત 'સાહેબ-બીબી-ગુલામ'ના પ્રયોગને ઐતિહાસિક નવલકથા લેખનની દિશામાં નવીન ગણે છે. તેમજ આ પ્રકારની નવલકથાઓ ગુજરાતી નવલકથાકારોને માટે પડકારરૂપ તેઓ માને છે. 'ઊગતા સૂર્યની વિદાય લેતા માનવીઓની વીતકકથાઓ'લેખમાં ફાંસીના માંચડાઓની બે ટૂંકી નવલકથા વાન દર પોસ્ટની 'એ બાર ઑફ શેડો'જેનો ડૉ.રસિક પંડ્યાએ ગુજરાતીમાં 'લોહછાયા'અને લિયોનીદ આન્દ્રેવકૃત 'ધી સેવન ઘેટ વેર હેંગ્ડ'શ્રી કૃષ્ણવદન જેટલીએ ગુજરાતીમાં કરેલા અનુવાદનો ધીરુભાઈ ઠાકરે રસાસ્વાદ કરી આપ્યો છે.

પ્રિય હૃષીકેશને પત્રશૈલીમાં લખાયેલ 'રાત અંધારી ને માણસનું મન'લેખમાં 'રાત અંધારી'શિવકુમાર જોષી અને 'માણસનું મન'ગુલાબદાસ બ્રોકરની વાર્તાસંગ્રહની વાત કરી છે. વસ્તુનો, ભાવનાનો અને ઉભયનું નિર્વહન પાત્રોનો ક્રમિક વિકાસ જેવા લક્ષણો આ સંગ્રહોમાંથી તારવી આપ્યા છે. 'હીરાનાં લટકણીયાં'માં સ્નેહરશ્મિને વાર્તાકાર તરીકે મૂલવ્યા છે. પાત્રોના મનોભાવનું કુશળ ચિત્રણ, ઉદાત્ત જીવન ભાવનાનો મઘમઘાટ, વસ્તુકથનમાં લાગણીના મેઘધનુષ અને રસમય વાતાવરણ જેવા મુદ્દાની તટસ્થતાથી છણાવટ કરીને ધીરુભાઈએ આ લેખને જીવંત કરી આપ્યો છે. 'બાંશી નામની એક છોકરી'માં મધુરાયની આધુનિક

નવલિકાની પદ્ધતિને નિરૂપવાનો વિવેચકનો પ્રયાસ રહ્યો છે. 'ઘટના અને પ્રતિકના બે અંતીમો વચ્ચે'ની મધ્યમાં વાર્તાની કલા નિરૂપાયેલી છે. તેનો જવાબ પત્રરૂપે પોતાના પ્રિય મિત્રને આપ્યો છે.

આ સંગ્રહનાં ત્રણ લેખ ચરિત્ર વિશેના છે. 'ચરિત્રમાં કલા અને સત્યનો મેળ શક્ય છે ?'એવા પ્રશ્નાર્થ હેઠળના લેખમાં આરંભમાં સ્ટ્રેચી અને આન્દ્ર મોર્વાનાં કલાત્મક ચરિત્રોના સફળ પ્રયોગને બિરદાવ્યો છે. 'સ્થિતપ્રજ્ઞની કોમળતા અને રસિક્તા'લેખમાં અનુક્રમે કાકાસાહેબ કાલેલકર અને પ્રેમાબહેનકૃત 'મીઠાને પ્રતાપે'અને 'બાપુના પત્રો'બંને પુસ્તકોમાં સિદ્ધાંત પરત્વે વ્રજની દ્રઢતા અને સ્થિતપ્રજ્ઞની અલિપ્તા ધારણ કરનાર મહાત્મા ગાંધીજીના સ્વભાવની કેટલીક અસાધારણ મૃદુતા ઉપસાવવાનો પ્રયત્ન તેમણે વિવિધ પ્રસંગોના ઉદાહરણો દ્વારા કરી આપ્યો છે. 'કલાકારનું સ્મૃતિસંવેદન'લેખમાં 'જોડા સાંકોર ધારે'માં અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથાની ચર્ચા કરી છે. ટૂંકમાં આ ચરિત્રાત્મક લેખોમાં તેમનું વલણ આસ્વાદ તરફ વિશેષ રહેલું આપણે જોઈ શકીએ છીએ.

આ સંગ્રહમાં પાંચ લેખો નિબંધ વિશેના છે. જેમાં 'અમદાવાદી પોતની નિબંધિકાઓ'લેખમાં ચિનુભાઈ પટવાનો 'ચાલો સજોડે સુખી થઈએ'એ નિબંધસંગ્રહમાં અમદાવાદી વાતાવરણનો રંગ કેવો ઝીલાયેલો છે તેનું નિરૂપણ કરી આપ્યું છે. વિષયની માંડળી, અવળવાણી, વ્યંગપ્રભુત્વ, નર્મયુક્ત ચાતુર્ય જેવી ખાસિયતોની વિવેચકે મુલવણી કરી આપી છે. 'નરવો વિનોદ'માં 'પ્રિયદર્શી'નાં તખલ્લુસથી ડૉ.મધુસૂદન પારેખે 'ગુજરાત સમાચાર'માં 'હું શાણી અને શકરાભાઈ'એ શીર્ષકથી હળવી કટારોની માર્મિક વાત છેડી છે. ઉપરાંત તેમાં નિરુપાયેલી જીવનદ્રષ્ટિ, ઝીણી અવલોકનશક્તિ, શિષ્ટતાની છાપ, વિનોદભર્યા વાર્તાલાપો વિવેચક લેખકની લોકપ્રિયતા ગણાવે છે. 'અનુવાદ સાહિત્યિક આપત્તિ છે ?'લેખમાં કાકા ગાડગીલના 'અણઘડ મોતી'નું ગોપાળરાવે કરેલ ગુજરાતી અનુવાદને નજર સમક્ષ રાખીને અનુવાદકોની પુસ્તકની પસંદગી, અનુવાદકનો વિવેક વગેરે બાબતોની વાત કરીને અનુવાદ પ્રવૃત્તિ પ્રત્યે ગંભીર થવાની હિમાયત આ લેખમાં આપણે જોઈ શકીએ છીએ. ધીરુભાઈ સર્જનાત્મક સાહિત્યથી ઈતર જઈને 'બુજર્ગ સમાજસેવકનો અજબ અનુભવચિતાર'માં ડૉ.સુમન્ત મહેતાનું 'સમાજ દર્પણ'પુસ્તકનું અવલોકન કરી આપ્યું છે.

પંડિતયુગની અને ગાંધીયુગની ક્રિયાત્મકતાનો ઉત્તમ મેળ પ્રો.પાઠકની વિચારસૃષ્ટિમાં કેવો જોવા મળે છે. તેનું 'આકલન' વિવેચનગ્રંથને લક્ષમાં રાખીને 'ગરવું વિવેચન' લેખમાં ચર્ચા કરી આપી છે. વળી 'પ્રૌઢ વિવેચકની છેલ્લી કલમપ્રસાદી'માં રા.વિ.પાઠકકૃત 'નભોવિહાર' વિવેચનગ્રંથમાં મધ્યકાલીન સાહિત્યનો પરિચય વિષયના અનેક મનનીય મુદ્દાઓને ધીરુભાઈએ ઉપસાવી આપ્યા છે. પ્રો.અનંતરાય રાવળના 'સમીક્ષા' વિવેચન ગ્રંથની વિશિષ્ટતા, અવલોકન પદ્ધતિ સમતોલ અને સમભાવી ગ્રંથસમીક્ષાનો આદરણીયરૂપ નમૂનો 'સમતોલ અને સમભાવી ગ્રંથવિવેચન' લેખમાં નોંધ્યો છે. 'અવતરણનાં વળગણમાં ગૂંગળાતી વિવેચના'માં ડૉ.જોષીકૃત પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કરેલા ગ્રંથની મર્યાદાઓ તેમણે મોટાભાગે બતાવી આપી છે.

આ સંગ્રહમાં પાંચ લેખો સંશોધન-સંપાદનને લગતા છે. 'સરસ્વતીચંદ્રનો અપાઠ્ય સંક્ષેપ'માં 'સરસ્વતીચંદ્ર'નાં પહેલા ભાગના 'પાઠ્ય સંક્ષેપ'ની મુલવણી કરી આપી છે. જેમાં સંક્ષેપકારે મોટાભાગના અવતરણોનો સમાવેશ કર્યો નથી તે વિવેચકને ઉચિત લાગ્યું નથી. 'સાહિત્ય અને ઈતિહાસનો ગજગ્રાહ'અને 'ઈતિહાસ અને સાહિત્યનું મિલન'એ બે લેખમાં ઈતિહાસપૂત સત્યની સાહિત્યમાં પ્રતિષ્ઠા થાય અને સાહિત્યિક ગુણવત્તાવાળો ઈતિહાસ લખાય એવી આશા તેમણે રાખી છે. 'વિદ્વાન વેપારીનું અમૂલ્ય અધ્યયન-સંશોધન'માં 'ભારત-રત્ન'ગ્રંથમાં શ્રી.ઉપેન્દ્રરાય સાંડેસરાને અભિનંદન આપતો લેખ છે. જેમાં મહાભારતનો તુલનાત્મક અભ્યાસ કરીને તેમાં થયેલા મુખ્ય મુખ્ય જીવનસિદ્ધાંતોનું સમાલોચન કરવાનો જે પુરુષાર્થ કર્યો છે તેને વિવેચકે બિરદાવી આપ્યો છે. આ સંગ્રહનો અંતિમ લેખ 'વનફૂલની ફોરમ'છે. જેમાં ગુજરાતના ઈતિહાસ અને મધ્યકાલીન સાહિત્ય વિશે સ્વ.રમલાલભાઈ મોદીએ કરેલા સંશોધનના ઉજળાં પાંસાને ઉજાગર કરી આપ્યા છે. આ વિવેચનસંગ્રહમાં આલેખાયેલા વિવિધ લેખોમાંથી જ્યારે આપણે પસાર થઈએ છીએ ત્યારે તેમણે સાંપ્રત સમયની વિવિધ સાહિત્યિક કૃતિઓનું અવલોકન કર્યાનું દ્રષ્ટિપાત થાય છે. એ દ્રષ્ટિએ તેમણે આપેલું આ વિવેચનસંગ્રહનું નામ 'સાંપ્રત સાહિત્ય' યથાર્થ બની રહે છે.

## પ્રતિભાવ

વિવેચક ધીરુભાઈ ઠાકરનો ચોથો નોંધપાત્ર વિવેચનસંગ્રહ 'પ્રતિભાવ'(૧૯૭૨)માં પ્રકાશિત થયો હતો. આ જુદે જુદે નિમિત્તે તૈયાર કરેલા વિવેચન લેખોનો સંગ્રહ છે. જેમાં સાત જેટલા લેખો નાટક વિશેના છે. તે દરેકની ચર્ચા 'ધીરુભાઈ ઠાકરનું નાટ્યક્ષેત્રે પ્રદાન'માં કરી છે. તેથી અહીં પુનરાવર્તન કરવાનું ટાળ્યું છે.

આ સંગ્રહનો પ્રથમ લેખ 'આધુનિક સાહિત્યમાં માનવ'વિશેનો છે. જેમાં ધીરુભાઈએ આધુનિક સાહિત્યમાં માનવની છબિ કેવી નિરૂપાયેલી છે, એનો ચહેરોમહોરો કેવો છે, કયા સંસ્કારથી એનું વ્યક્તિત્વ બંધાયેલું છે, એની દ્રષ્ટિ કયાં મંડાયેલી છે. જેવા પ્રશ્નોની ચર્ચા તેમણે આધુનિક ગુજરાતી કવિતાના ખેડાણને અનુલક્ષી વિસ્તારથી ચર્ચા કરી આપી છે. જીવનથી થાકેલા, હારેલા, નિરાશાની ખીણમાં ઊતરી પડેલા માણસનો નિસ્તેજ ચહેરો સુરેશ જોષી આ રીતે વ્યક્ત કરે છે.

*"પેલે ખૂણે દેખાય છે અંધારમાં તમને કશું ?*

*અંધારાના કો પિંડ શું ?*

*હ, એ જ છું; હું"* [૧૫]

નિર્ભ્રાંતીની વેદનાને સિતાંશુભાઈ આ રીતે પોતાના શબ્દોને વાચા આપે છે.

*"કદાચ*

*વરસો પછી આવનારી આપણાં સંતાનોની પેઢી*

*(એટમ બૉમ્બ નહીં ફાટયો હોય તોય)*

*બહેરી,આંધળી,*

*નાકકટ્ટી અને વધારામાં ખાસ તો*

*મૂંગી મૂંગી જનમશે*

*જો હું એકલો એકલો કવિતા ન લખું તો.”* [૧૬]

જયોતિષ જાની વિભક્તતાને વાસ્તવિક્તાના હિંસક સ્પર્શ સાથે જોડતા કહે છે.

*“રોમે રોમમાં ક્ષણે ક્ષણે પ્રગટતાં હિંસક પશુઓ*

*મારી ઉપર ત્રાટકી પડી તીણા નહોરને તીણા દાંતથી*

*મને જ ભક્ષ્ય બનાવી લોહીલુહાણ કરે છે.”* [૧૭]

આ ઉપરાંત આધુનિક કવિતામાં માણસનો ચહેરોમહેરો નવીન કવિઓએ પણ કેવો સફળતાપૂર્વક ઉપસાવી આપ્યો છે તેનો ઉલ્લેખ કરવાનું પણ વિવેચક ચૂક્યા નથી. આગળ તેઓ ‘છિન્નપત્ર’, ‘ફેરો’, ‘અકસ્માત’, ‘આકાર’, ‘ચહેરા’અને ‘અશ્રુઘર’જેવી નવલકથાઓ તેમજ ‘એક ઉંદર અને જદુનાથ’, ‘ડાયલના પંખી’, ‘ઝેરવું’ જેવી નાટ્યકૃતિઓમાં પણ માનવચિત્તની પ્રવર્તમાન સંવિતિ આલેખાયેલી છે તેનું પણ નિરૂપણ કરી આપ્યું છે. પરંતુ કવિતામાં આધુનિક માણસનું વ્યક્તિત્વ ઝીણવટ અને વિગતથી ઝીલાયું છે. તેમાંથી ઉપસતી છબિ નાટક, નવલિકા કે નવલકથાથી ભિન્ન નથી. એટલે વિવેચકે ગદ્યરૂપોની વિશેષ વિગતોનો ટૂંકો નિદર્શ કરીને જ પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાનો ઉપક્રમ લેખના અંતમાં રાખ્યો છે.

‘કરુપ્રશસ્તિઃ સ્વરૂપ અને વિકાસ’ લેખમાં પશ્ચિમમાં કરુણપ્રશસ્તિના ઉદ્દભવથી માંડીને ગુજરાતીમાં કેવી રીતે ઉતરી આવ્યું તેની વાત કરી છે. ત્યારપછી છેલ્લા દસ-બાર દાયકા દરમ્યાન ગુજરાતી કવિતામાં થયેલા ચિંતનમિશ્ર શોકકાવ્યના પ્રયોગોનું તેમણે અવલોકન કરી આપ્યું છે. આગળ તેઓ દલપતરામથી રાધેશ્યામ શર્મા સુધી કરુણપ્રશસ્તિઓમાં છંદ, ભાષા અને અભિવ્યક્તિની છટામાં આવેલા વળાંકોને પણ દર્શાવી આપ્યા છે.

મણિલાલની કવિતા વિષયક ચર્ચા તેમણે 'જ્ઞાનમુખી કવિતા' નામના લેખમાં કરી આપી છે. તેમની કવિતાની છણાવટ કરતાં તેમનું માનવું છે કે, *"મણિલાલની કવિતામાં વિષયનું વૈવિધ્ય નથી તેટલું પદ્યરચનાનું છે"* [૧૮] એવો અભિપ્રાય આપીને મણિલાલની ગઝલોનું બંધારણ પણ તેઓએ તપાસી આપ્યું છે. આ વિવેચનસંગ્રહ સંદર્ભે દિનમણિશંકર દેસાઈ નોંધતા જણાવે છે કે, *"વિવેચક તરીકે તેમ છતાં શ્રી ધીરુભાઈ ઠાકર એકબે વાત જરૂર સિદ્ધ કરી જાય છે આ 'પ્રતિભાવ'સંગ્રહ દ્વારા. વિવેચક માટે જરૂરી એમનું વાચન છે, સમૃદ્ધ અને ઊંડાણવાળી સાહિત્યકૃતિઓનું પરિશીલન કરવા માટે એ આગ્રહી જણાય છે, જે વિષય લે છે તેને પહોંચી વળવાની ક્ષમતા તો તેઓ કેળવે જ છે. અને પોતાના વિચારોને સાચો ઉદ્દગાર આપી શકે, યોગ્ય રણકો આપી શકે એવી એમની ભાષા છે, શૈલી છે."* [૧૯] આ પ્રકારનો તેમનો અભિપ્રાય પ્રસ્તુત વિવેચનસંગ્રહમાંથી પસાર થતાં સાર્થક લાગે છે.

વિક્ષેપ

ધીરુભાઈ ઠાકરનો પાંચમો વિવેચનસંગ્રહ 'વિક્ષેપ'(૧૯૭૩)માં પ્રકાશિત થયો હતો. આ વિવેચનસંગ્રહ બે વિભાગમાં વિભાજિત થયો છે. જેમાં પ્રથમ વિભાગ 'સાહિત્યતત્ત્વ'માં આઠ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે વિભાગ બે 'દ્રષ્ટિક્ષેપ' વિશેનો છે. જેમાં કવિતા નવલકથા, નવલિકા, ચરિત્ર, પત્રો અને વિવેચન ચિંતન વિશેના છે. આ વિવેચનસંગ્રહના મોટાભાગના લેખો વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલા તેમજ આકાશવાણી પર અપાયેલા વ્યાખ્યાનો છે. ટૂંકમાં આ સંગ્રહમાં બેતાળીસ જેટલા વિવેચન લેખો આપણને પ્રાપ્ત થાય છે. આ સંગ્રહમાં ધીરુભાઈ ઠાકરની વિવેચક તરીકેની અભ્યાસનિષ્ઠા કેવી ઉપસી આવી છે તેને આપણે વિગતે જોઈએ.

આ સંગ્રહનો પ્રથમ લેખ 'સત્યશોધના ત્રિભેટા પર' લેખમાં વિવેચકે વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને કલા વિશેની તાત્ત્વિક ચર્ચા કરી છે. એમના માટે *"વિજ્ઞાન ભૌતિક તથ્ય તારવે છે: કલા માનવીય સત્ય પ્રગટ કરે છે; તત્ત્વજ્ઞાન વૈશ્વિક ઋત સ્થાપવા માથે છે."* [૨૦] એવો અભિપ્રાય આપીને સ્થૂળમાંથી સૂક્ષ્મને શોધી કાઢવાનો

પુરુષાર્થ વિજ્ઞાની, તત્ત્વજ્ઞાની અને કલાકાર-કવિ કેવી રીતે કરે છે તેની વાત માંડી છે. લેખના અંતમાં તેઓ કહે છે કે, *"સત્યશોધના ત્રિભેટા પર વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને કળા આજે કદાચ સૌથી વિશેષ નિકટ આવીને ઉભા છે"* [૨૧] અહીં ધીરુભાઈ ઠાકરની ચિંતક, વિચારક અને વિવેચક તરીકેની છબિ ઉપસી આવે છે. તેમજ આ તાત્ત્વિક ચર્ચામાં તેમની અર્થઘટન શક્તિનો પરિચય આપણને મળી રહે છે. એટલે જ 'સુખદ વિક્ષેપ' હેઠળ નટુભાઈ રાજપરા કહે છે કે, *"વિચારપ્રેરક સામગ્રીથી સભર આ વ્યાખ્યાનમાં શ્રી ધીરુભાઈ સાહિત્યતત્ત્વને વ્યાપક ભૂમિકા પર મૂકી આપે છે"* [૨૨] આ પ્રકારનું અવતરણ તેમનું યોગ્ય લાગે છે. 'જીવન, મૃત્યુ અને કવિતાઃ એક દ્રષ્ટિ' એ પણ તાત્ત્વિક ચર્ચા કરતો લેખ છે. પ્રારંભમાં જ કરસનદાસ માણેકની કાવ્યપંક્તિઓનો ઉલ્લેખ કરીને જીવન અને મૃત્યુની સાથે કવિતાને જોડીને ત્રણેયની અનિવાર્યતા ઉજાગર કરી *"મરણનો સામનો કરવો એ જીવનનું લક્ષણ છે"* [૨૩] એ સત્ય દર્શાવી તેઓ નોંધે છે કે, *"મૃત્યુએ જીવનને સલૂણું બનાવ્યું છે."* [૨૪] એવું કહી કલાપી, ઉમ્મર ખય્યામ, શેલી, શંકરાચાર્ય, વોલ્ટ વિટમન, નરસિંહરાવ અને ન્હાનાલાલ વગેરેની કાવ્યપંક્તિઓનો ઉલ્લેખ કરીને મૃત્યુની ઘટનાને વ્યક્ત કરવાનો તેમનો પ્રયાસ જોઈ શકાય છે. એટલું જ નહીં મૃત્યુ સંદર્ભે રચાયેલી કવિતા દ્વારા જીવન અને મૃત્યુનું ચિંતન તેમણે રજૂ કરી આપ્યું છે. આથી જ આ લેખ સંદર્ભે નટુભાઈ રાજપરા કહે છે કે, *"નુતન અભિગમ અને વિચારોની સુરેખ રજૂઆતને કારણે આ વ્યાખ્યાન નોંધપાત્ર બની રહે છે."* [૨૫]

'આત્મધર્મી પત્રકાર' અને 'મણિલાલ નભુભાઈઃ સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનું અદ્વેત' એ બંને લેખ મણિલાલ વિષયક છે. જેમાં પ્રથમ લેખમાં 'પ્રિયંવદા'અને 'સુદર્શન'એ બે પત્રો મારફત મણિલાલે ધર્મ-તત્ત્વ, કેળવણી, સમાજ સુધારો, રાજ્યનીતિ, અર્થકારણ, સાહિત્ય અને સંગીત જેવા મહત્ત્વના વિષયોની જે ચર્ચા કરી હતી તેનું વિવેચકે અર્થઘટન કરી આપ્યું છે. બીજા લેખમાં મણિલાલે કરેલું ધર્મતત્ત્વ ચિંતનની સાથે તત્ત્વજ્ઞાન, સંસારસુધારો, શિક્ષણ અને રાજકારણ વગેરે ક્ષેત્રોમાંના વિચારો રજૂ કરીને મણિલાલના વ્યક્તિત્વ જીવનના વિવિધ પાસાંને ઉજાગર કરી આપ્યા છે. લેખના અંતમાં તેઓ જણાવે છે કે, *"મણિલાલ નભુભાઈ જ*

*એવા લેખક હતા જેમણે પોતાની રસિકવૃત્તિનો ભોગ તત્ત્વચિંતનની વેદી પર આવીને સાહિત્યને કેવળ તત્ત્વાભિમુખ બનાવ્યું હતું."* [૨૬] એવું તેમનું મૌલિક તારણ આપણને યથાર્થ લાગે છે.

'ધરતીનો કળાયેલ મોરલો' એ મેઘાણી જયંતિ નિમિત્તે ઉપલેટામાં અપાયેલું વ્યાખ્યાન છે. જેમાં તેમણે મેઘાણીએ લોકસાહિત્યના સંશોધન,સંપાદનમાં જે મહત્ત્વનું પ્રદાન કર્યું હતું તે સમજાવવાનો ઉપક્રમ રાખ્યો છે. એટલું જ નહીં પણ મેઘાણીની કવિતાની અનેકવિધ પંક્તિઓ ટાંકીને તેનું રસદર્શન કરાવવાનું પણ તેઓ ચૂક્યા નથી. અંતમાં 'સિદ્ધહેમ'ના દોહાનો ઉલ્લેખ કરીને લોકસાહિત્યના ઉપાસક તરીકે મેઘાણીનું સ્થાન અંકિત કરી આપ્યું છે. 'આધુનિક ગુજરાતી કવિતા'માં આરંભમાં જ આધુનિકતાની સંકલ્પના સ્પષ્ટ કરીને આધુનિક કવિતાના લક્ષણો અને ગુજરાતીમાં ગદ્યવાહનમાં પ્રગટ થતી રચનાઓથી ગીત, ગઝલનો કાવ્યસ્વરૂપે લખાતી કવિતાનો પરિચય કરાવી આપ્યો છે. ટૂંકમાં આ સુદીર્ઘ લેખમાં આધુનિક ગુજરાતી કવિતામાં આકાર અને ઈબારત પરત્વે શાં વળાંકો આવ્યા તેની સ્પષ્ટ માહિતી પૂરી પાડી છે. જેમાં વિવેચકની સમતોલ વિવેચક દ્રષ્ટિનો પરિચય આપણને થાય છે. 'નવલકથામાં પ્રથમપુરૂષ પ્રયોગ'માં આધુનિક અંગ્રેજી નવલકથાનું સ્વરૂપ સેમ્યુઅલ, હેનરી જેમ્સ અને જેમ્સ જોઈસ જેવા સર્જકોની નવલકથાનો ઉલ્લેખ કરીને પ્રથમપુરૂષ કથનપદ્ધતિનો નવલકથામાં થયેલા વિનિયોગને સૂક્ષ્મદ્રષ્ટિએ તપાસી આપ્યું છે. ત્યારપછી ગુજરાતી સાહિત્યની કેટલીક નોંધપાત્ર નવલકથાના ઉદાહરણો આપીને આ પદ્ધતિનો કેવો અસરકારક પ્રયોગ થયો છે તે દર્શાવી આપ્યું છે.

આ સંગ્રહનો બીજો વિભાગ એ 'દ્રષ્ટિક્ષેપ' વિશેનો છે. જેમાં મોટાભાગે તેમાં પરિચાયાત્મક નોંધો જેવા ગ્રંથાવલોકનો આપણને પ્રાપ્ત થાય છે. 'ભોજા ભગતની કાવ્યપ્રસાદી'માં મનસુખલાલ સાવલિયાની સંપાદક તરીકેની નિષ્ઠા બતાવવાનો પ્રયાસ રહેલો છે. 'સ્વગત', 'મધુરપ'અને 'પાણીમાં આગ લગાડવાની પ્રવૃત્તિ'આ ત્રણેય લેખમાં કવિતાની સંદ્રષ્ટાંત વાત છેડી છે.

'પાદરનાં તીરથ', 'સરિતાથી સાગર', 'પ્રલય', 'ત્રિશંકુ', 'મારી હૈયાસગડી', 'કાજળની કોટડી', 'તરાણા ઓથે ડુંગર'અને 'વિશ્વજિત'આ આઠ નવલકથાની ચર્ચા કરતાં લેખો છે. જેમાં તેમણે પ્રત્યક્ષ વિવેચન કરી આપ્યું છે. આ આઠે લેખમાં અનુક્રમે જયંતિ દલાલ, શિવશંકર શુકલ, રમણલાલ દેસાઈ, ઈશ્વર પેટલીકર અને પિનાકીન દવે આ બધાની નવલકથાકાર તરીકેની છબિ ઉપસાવવાનો તેમનો પ્રયાસ રહેલો છે. સાથે દરેક નવલકથાની મૂલવણી કરતી વખતે કથા, પાત્રો, સંવાદો અને ભાષા જેવા ઘટકતતત્ત્વોને ધ્યાનમાં રાખીને અવલોકન કરવાનું પણ તેઓ ચૂક્યા નથી.

'વનછાયા'લેખમાં તેમણે ધૂમકેતુને વાર્તાકાર તરીકે મૂલવી આપ્યા છે. આ સંગ્રહની વાર્તાઓને તેઓ પાત્રપ્રધાન અને પ્રસંગપ્રધાન ગણે છે. જયભિખ્ખુને વાર્તાકાર તરીકે મૂલવવાનો પ્રયાસ 'વિરધર્મની વાતો'લેખમાં જોઈ શકાય છે. 'સાચાં શમણાં'માં પન્નાલાલ પટેલની વાર્તાઓનું અવલોકન કરી આપ્યું છે. 'સાચાં શમણાં'વાર્તા તેમને નવલિકાની ચોટ ધારણ કરતી લાગી છે. 'કાશીનું કરવત'માં ઈશ્વર પેટલીકરની 'કાશીનું કરવત', 'અકળલીલા'અને દુઃખના પોટલાં'એ ત્રણ વાર્તાઓની વિશેષતાઓ દર્શાવી આપી છે. સાથે આ સંગ્રહમાં અમુક શબ્દોનો ખોટા અર્થમાં વપરાયેલ છે જેવા કે 'ઉલટ', 'શૂળને'બદલે સરતચૂકથી લખેલ 'સૂર'જેવા દ્રષ્ટાંતો નોંધી વિવેચકે કેવી ઝીણવટભરી નોંધ લીધી છે તેનો આપણને ખ્યાલ આવે છે. પિનાકીન દવેની વાર્તાઓમાં વિષય અને શૈલીનું વૈવિધ્ય કેવું નજરે પડે છે તેની વાત તેમણે 'તૃપ્તિ'લેખમાં કરી આપી છે. 'યુધિષ્ઠિર'લેખમાં જયંતિ દલાલની 'યુધિષ્ઠિર', 'સરકારી જાનવર'અને 'ભવિષ્યતી' જેવી વાર્તાઓના ઉદાહરણો આપીને તેમાં આલેખાયેલા સંવાદો વાર્તાના આંતરિક પોતને કેવું ઘટ્ટ બનાવે છે તે બતાવી આપ્યું છે. લેખિકા સુવર્ણાની 'આવજો'અને 'ત્યાં'જેવી વાર્તાઓ નોંધીને આત્મકથન જેવી મર્યાદાઓ ચીંધી આપી છે. 'રૂપકથા'અને 'મારી પ્રિય વાર્તા'એ બંને લેખમાં મધુરાયને આધુનિક વાર્તાકાર તરીકે ઉપસાવવાનો તેમનો પ્રયાસ જોઈ શકાય છે.

આ સંગ્રહના આઠ લેખો ચરિત્ર વિશેના છે. 'શ્રી રાજચંદ્ર'માં ગોપાલદાસ પટેલ સંપાદિત 'જીવનયાત્રા અને વિચારરત્નો'પુસ્તકની સમીક્ષા કરી આપી છે. જેમાં વિવેચકે આ પુસ્તક પહેલા પણ શ્રીમદ્દરાજચંદ્રના

જીવન અને વિચારો વિષયક પુસ્તકોમાં રહેલી ભૂલભરેલી માહિતીને સુધારા વધારા સાથે તેમણે રજૂ કરી આપી છે. રતિલાલ દીપચંદ દેસાઈએ મૂળપાઠ સાથે પ્રશ્નોતરની મેળવણી કરીને વિસ્તૃત વર્ગીકરણ સહિત સંશોધનાત્મક અને પ્રમાણભૂત સંપાદનની મૂલવણી 'રાજપ્રશ્ન'લેખમાં કરી છે.'દિલ્હી ડાયરી'અને 'મહાદેવભાઈની ડાયરી'માં ગાંધીજીના બહુરંગી વ્યક્તિત્વનો પરિચય કરાવવાનો ઉપક્રમ રાખ્યો છે. 'મેઘાણીના પત્રો'માં વિવેચકનું વલણ મોટાભાગે પત્રોની શૈલી તપાસવા તરફ વિશેષ રહ્યું છે. વળી વિવિધ સાહિત્યકારો પર લખાયેલા પત્રોના ઉદાહરણો આપી તેની પસંદગી કડક ધોરણે થઈ હોવાનું નોંધે છે. 'કુળકથાઓ'માં સ્વામી આનંદકૃત ચરિત્રલેખોમાં નિરૂપાયેલ ગદ્યની વિશેષતા બતાવી આપતો લેખ છે. એટલું જ નહીં પણ તેમાં લેખકે જે દંતકથાઓ અને શ્રુતકથાઓનો ચકાસણી વગર ઉપયોગ કર્યો છે તેની સંદ્રષ્ટાંત મર્યાદાઓ દર્શાવી આપવાનું પણ ચૂક્યા નથી. 'સંતોના અનુજ'માં સ્વામી આનંદનું વ્યક્તિત્વ કેવું ખીલી ઉઠ્યું છે તે દર્શાવી આપ્યું છે. સ્નેહરશ્મિની આત્મકથાની સમીક્ષા 'મારી દુનિયા'લેખમાં કરી આપી છે.

વિવેચનનું વિવેચન કરતાં 'વિવિધ વ્યાખ્યાનો, ગુચ્છ ૨-વિભાગ-૧'અને 'સમસંવેદન' છે. જેમાં અનુક્રમે બ.ક.ઠાકર અને ઉમાશંકર જોષીને વિવેચક તરીકે મૂલવી આપ્યા છે. ગુણગ્રાહિતા, સમતોલદ્રષ્ટિ,સત્યનિષ્ઠા અને મૌલિક વિચારો જેવા ગુણો બતાવી આપીને આ બંને વિવેચકોની વિશેષતા તારવી આપી છે. 'કેળવણી વિકાસ', વિશ્વવંધ કિરણાવલી'અને જિબ્રાનની જીવનવાણી'આ ત્રણેય લેખોમાં ધીરુભાઈએ જે-તે ચિંતકોના ચિંતનનું નિરૂપણ કરી આપ્યું છે.

'પ્રો.ઠાકોરના કેટલાક પત્રો' એ શિર્ષક હેઠળ વિવેચકે બ.ક.ઠાકોરના એકવીસ પત્રો પરિશિષ્ટ રૂપે મૂક્યા છે. આ પત્રોના સંદર્ભમાં તેઓ જણાવે છે કે, *"અહીં મૂકેલા પત્રોમાં તેમનો ગુજરાત, ગુજરાતીઓ અને સમકાલીન સાહિત્યકારો વિશેનો નિખાલસ પ્રતિભાવ જોવા મળશે. ઉપરાંત પોતે લીધેલા કામને પાર પાડવા માટે ખંત, શ્રમ, નિષ્ઠા, ઝીણવટ અને એ સૌને માથે શગ ચડાવે તેવી કોઠાસૂઝ એમનામાં કેવી હતી તેની પ્રતીતિ પણ આ પત્રો કરાવશે."* [૨૭] બ.ક.ઠાકરે ધીરુભાઈ પરના એક પત્રમાં 'નવીન કવિતા પર વ્યાખ્યાનો'માં કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર લખવા જણાવ્યું હતું તે બાબતોનો નિદર્શ કરી આપ્યો છે. વળી

ધીરુભાઈને તપાસવા આપેલા પ્રૂફની વિગતો 'અંબડવિદ્યાધરરાસના મુદ્રણ વિશે' પત્રમાં ચર્ચા કરી છે. 'કામ જ મ્હારું જીવન છે'માં ઠાકોરે પોતાની જે કાર્યપદ્ધતિ હતી તે બાબતની પત્રમાં વિગતે માહિતી આપી છે. ટૂંકમાં ધીરુભાઈએ આ દરેક પત્રોની વિશેષતાઓ બતાવવા તરફ વલણ રાખ્યું હોવાનું આપણને લાગે છે. આમ છતાં વિવેચકે મૂળ સ્થિતિમાં જ આ પત્રો પ્રગટ કર્યા છે આથી બિનજરૂરી વિગતોને ટાળી શક્યા નથી. એટલું જ નહીં જોડણી પણ મૂળ પ્રમાણે તેમણે રહેવા દીધી છે. આથી વાંચવામાં પણ કંટાળાજનકરૂપ લાગે છે. જે તેમની મર્યાદા કહી શકાય.

સમગ્ર વિવેચનસંગ્રહમાંથી જ્યારે આપણે પસાર થઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે અહીં ટૂંકા પરિચયાત્મક ગ્રંથાવલોકનોને બાદ કરતા અનેકવિધ સાહિત્યિક બાબતોની ચર્ચા કરતો આ સંગ્રહ સમૃદ્ધ બન્યો છે. આ વિવેચન સંગ્રહ સંદર્ભે નટુભાઈ રાજપરા નોંધે છે કે, *"સર્જનનો સીધો સ્પર્શ ભાવકને થાય અને આનંદરોમાંચ જગાડે તે ઉત્તમ સ્થિતિ એમ તો શ્રી ધીરુભાઈ માને છે, પણ તેમણે કહ્યું છે તેમ ભાવકની કક્ષા અને સર્જનના પ્રયોગ વચ્ચેનું અંતર પુરવાનું કાર્ય વિવેચને કરવું પડે છે. એ વિક્ષેપનું વિગલન આનંદપર્યવસાયી ભાવનરૂપ બને તેમાં એનું સાર્થક્ય છે. આ વિવેચનસંગ્રહ આ દ્રષ્ટિએ જોઈએ તો સુખદ વિક્ષેપરૂપ છે એમ જરૂર કહી શકાય"* [૨૮] એવો તેમનો અભિપ્રાય સાર્થક લાગે છે.

## વિભાવિતમ્

ધીરુભાઈ ઠાકરનો 'વિભાવિતમ્'(૧૯૮૩)માં પ્રકાશિત થયેલો છઠ્ઠો વિવેચન સંગ્રહ છે. જેમાં તેમણે છેલ્લાં પાંચ-છ વર્ષ દરમ્યાન વિવિધ નિમિત્તે તૈયાર કરેલા સોળ જેટલા વિવેચનાત્મક લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંગ્રહના મોટાભાગના લેખો ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના અધ્યક્ષપદેથી, સણોસરા ખાતે જ્ઞાનસંયોજિત પરિસંવાદ વડોદરા, ગુજરાત અને સરદાર પટેલ યુનિવર્સિટીને ઉપક્રમે યોજાયેલા તે તે વિષયોના પરિસંવાદોમાં, શતાબ્દી, કે સવાશતાબ્દી ઉજવણી પ્રસંગે કરેલા વ્યાખ્યાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેને આપણે વિગતે તપાસીએ.

ગુજરાતી સાહિત્યપરિષદના ત્રીસમાં અધિવેશનના અધ્યક્ષપદેથી અપાયેલું વ્યાખ્યાન ‘સાહિત્યિક ઈતિહાસ: સ્વરૂપ અને લેખનના કેટલાક મુદ્દાઓ’ છે. અહીં વિવેચકે સાહિત્યિક ઈતિહાસના સ્વરૂપ અને લેખનને લગતા કેટલાક મુદ્દાઓની તાત્ત્વિક છણાવટ કરી આપી છે. ઈતિહાસલેખનમાં કાર્યકારણસંબંધ, વિવેચનાત્મક વિશ્લેષણ, મૌલિકતા, કાળખંડો, સાહિત્યિક પ્રવાહને ઘડનારા પરિબળો અને સાંસ્કૃતિક સાધનો જેવા મુદ્દાઓની રસપ્રદ ચર્ચા કરી આપી છે. ટૂંકમાં ત્રેવીસ પૃષ્ઠમાં લખાયેલો આ સુદીર્ઘ લેખ ભવિષ્યમાં સાહિત્યિક ઈતિહાસ લખનારને માર્ગદર્શકરૂપ બની રહે તેવા ઈતિહાસ લેખનના અનેકવિધ પાસાંને અવલોકી આપ્યા છે. ‘સાહિત્યસ્વરૂપમાં નાવીન્ય’માં સાહિત્યસર્જનમાં રૂપનિર્માણ નાવીન્યનું મહત્ત્વ આંકી આપ્યું છે. ઉપરાંત ગુજરાતમાં છેલ્લાં બે દાયકા દરમ્યાન સુરેશ જોષી, મધુરાય, રાધેશ્યામ શર્મા, જ્યોતિષ જાની અને પ્રબોધ પરીખ વગેરે સર્જકો દ્વારા તેના જે કેટલાક છૂટાછવાયા પ્રયોગો થયા હતા તેનું અર્થઘટન કરી આપ્યું છે.

ધર્મની સાથે સાહિત્યના ક્ષેત્રે ‘વચનામૃતો’નું કેવું અનોખુ પ્રદાન રહ્યું છે તેની વાત ‘વચનામૃતો: વક્તા, વક્તવ્ય અને વાણી’નામના લેખમાં કરી આપી છે. વળી વિવેચક મધ્યકાલીન ગુજરાતી ગદ્યનો ઉન્મેશ અને અર્વાચીન ગદ્યનો ઉષ: કાળ તેઓ આ ‘વચનામૃતો’માં જૂએ છે. ‘મનીષીના મનોલોકમાં’માં ગોવર્ધનરામની આંતરબાહ્ય પ્રકૃતિ અને પ્રવૃત્તિ સાથે તેમના વ્યક્તિત્વનો ઈતિહાસ તેમની આત્મનિરીક્ષણાત્મક નોંધોમાં કેવું ઝીલાયેલું તે બતાવી આપ્યું છે.

આધુનિક કવિતા વિશેની ચર્ચા ‘સ્વાંતત્ર્યોત્તર કવિતા: ભૂમિકાની દિશા ’ અને ‘સ્વાંતત્ર્યોત્તર કવિતાનો સમીક્ષાત્મકલેખ’ નામના લેખમાં જોવા મળે છે. જેમાં પ્રથમ લેખમાં તેમણે છેલ્લાં ત્રણ દાયકાથી ચાલુ આવતી આ કવિતા સેરમાં અભિવ્યક્તિ પરત્વે જે નવા વલણો આવ્યા તેની માર્મિક ચર્ચા કરી આપી છે. બીજો લેખ દક્ષા વ્યાશે પીએચ.ડી ઉપાધિના ભાગ રૂપે તૈયાર કરેલ મહાશોધનિબંધની વિશેષતાઓ અને મર્યાદાઓ તરફ અંગુલિનિર્દેશ કરી આપે છે. ‘સ્વાંતત્ર્યોત્તર ગુજરાતી વિવેચનમાં આધુનિકતાવાદી વલણો’માં મુખ્યત્વે તેમણે સુરેશ જોષીની કવિતા, નવલકથા અને નવલિકા વિષયક લેખોને નજરમાં રાખીને

વાત કરી છે. ગુજરાતી વિવેચને છેલ્લા બે દાયકા દરમિયાન સાહિત્ય કલાની સિદ્ધાંતચર્ચા તેમજ વિવેચન પદ્ધતિ પરત્વે કયા કયા નુતનઅભિગમ અપનાવ્યા અને સર્જનના આસ્વાદ ને રસ-કસણી નુતન પદ્ધતિ કેવી હતી. તે સમજાવવાનો ધીરુભાઈએ ઉપક્રમ રાખ્યો છે.

'પ્રેમપરીક્ષા: દયારામનું ડ્રામેટીક મોનોલોગ' નામના લેખમાં તેઓ જણાવે છે કે, *"દયારામની અનેક ગરબીઓ સંવાદના રૂપમાં કે ગોપીના ઉદ્દગારરૂપે રચાયેલી છે. પરંતુ તેમાં એક યા બીજી રીતે સંગીત લય ઈત્યાદી રજૂઆતની ટેક્નિકના અંગો વક્તવ્ય પર પ્રભુત્વ જમાવે છે."* [૨૯] એવું અવતરણ નોંધીને વિવેચક 'પ્રેમપરિક્ષા'ને દયારામે આપેલો ડ્રામેટિક મોનોલોગનો એક સુંદર નમૂનો ગણે છે. 'અભિનવ મહિના'માં રાજેન્દ્ર શુક્લના મધ્યકાલીન બારમાસી પ્રયોગને વિગતે તપાસ્યું છે. સાથે આ બારમાસી ગઝલથી ગુજરાતી ગઝલને કેવો વળાંક મળ્યો છે તેનું નિરૂપણ કરી બતાવ્યુ છે. 'સ્વૈરવિહાર અને મનોવિહાર'માં રા.વી પાઠકના નિબંધોની ચર્ચા કરતાં તેમનું વલણ કવિની કલ્પના શક્તિ વાર્તાકારની કથનકલા નાટ્યકારનું સંવાદ કૌશલ્ય, વિવેચકની પૃથ્થકરણશક્તિ અને ફિલસૂફની તર્કપ્રવણતા જેવા ગુણોને નજર સમક્ષ રાખીને છણાવટ કરવાની રહી છે.

ટૂંકમાં સમગ્ર વિવેચનસંગ્રહમાંથી પસાર થતાં તેમાં અનેકવિદ સાહિત્યિક સ્વરૂપો આધુનિકતાની અનેકવિદ નવીન રચના પ્રયુક્તિઓથી સભર એવો 'વિભાવિતમ વિવેચનસંગ્રહ છે જે વાચકોને માર્ગદર્શકરૂપ બની રહે તેવો માહિતીથી ભરપૂર છે.

## અભિજ્ઞાન

અભિજ્ઞાન(૧૯૯૨)માં પ્રકાશિત થયેલો ધીરુભાઈ ઠાકરનો સાતમો વિવેચનસંગ્રહ છે. જેમાં કવિતા, નાટક, નવલકથા, ચરિત્ર, ધર્મ-તત્ત્વ, સાહિત્યિક ઈતિહાસ, સાક્ષરી પત્રકારત્વ, લોકસાહિત્ય અને રંગભૂમિ એમ અનેક વિષયોની ચર્ચા કરતો આ ગ્રંથ છે. વિશ્વકોશના કાર્યમાં કાર્યરત રહેનાર વિવેચકે એ અરસામાં તૈયાર કરેલો વિવેચનસંગ્રહ છે. આથી આ સંગ્રહને તેઓ વિશ્વકોશના કાર્યમાં કાર્યરત રહેનાર સહભાગીઓને

અર્પણ કર્યો છે. સાહિત્યમાંથી પ્રાપ્ત કરેલ અભિજ્ઞાનને તેમણે આ ગ્રંથમાં આગવી રીતે નિરુપ્યું છે. જેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

પ્રથમ વિશ્વ ગુજરાતી પરિષદ માટે લખાયેલો લેખ 'ગુજરાતી સાહિત્યઃ અસ્મિતાનું અભિજ્ઞાન'એ આ સંગ્રહનો પ્રથમ લેખ છે. જે ૧૧૦પૃષ્ઠોમાં લખાયેલો છે. આ સુદીર્ઘ લેખમાં વિવેચકે મધ્યકાળથી અનુઆધુનિક યુગ સુધીના ગુજરાતી સાહિત્યના પ્રવાહને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. એટલું જ નહીં પણ આ દરેક યુગના સર્જકોને મૂલવતા જે-તે યુગની સામાજિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિબળોની યથાર્થ ચર્ચા કરી આપી છે. દરેક યુગવાર સાહિત્ય સ્વરૂપોમાં આવેલા વળાંકોને તલસ્પર્શી આલેખન કરી આપ્યું છે. વળી ગુજરાતી સાહિત્ય અન્ય ભાષાના સાહિત્યથી નબળું છે એવી લગુતાગ્રંથિ રાખીને ઉપેક્ષા સેવે છે તે પ્રત્યેનો આક્રોશ પણ અહીં વ્યક્ત થયેલો જોઈ શકાય છે. ટૂંકમાં આ સુદીર્ઘ લેખમાંથી જ્યારે આપણે પસાર થઈએ છીએ ત્યારે વિવેચકે ગુજરાતી ભાષાના ચૈતન્યસ્વરૂપ સાહિત્યની માહિતી તેનાં સૌંદર્યશૃંગોનું અવલોકન કરતાં કરતાં રજૂ કરી આપ્યું છે. અંતમાં તેઓ જણાવે છે કે, *"ગુજરાતી પ્રજા જ્યાં હોય ત્યાં સ્વભાષા અને સ્વસંસ્કાર અભિમાન રાખે, સાહિત્યની કદર કરે અને સતત સ્વત્વની શોધ કરતાં ગુંજયા કરે."* [30] એવી શ્રદ્ધા પણ તેમણે વ્યક્ત કરી છે.

'ગુજરાતી સાહિત્યમાં અદ્રેત દર્શન' એમનો ચિન્તાત્મક લેખ છે. આરંભમાં કૈવલાદ્વેત અને શુદ્ધાદ્વેતની અસરને તપાસી વિવરણ કરી આપ્યું છે. ત્યારપછી *"ગુજરાતમાં ધર્મતત્વને ઐતિહાસિક દ્રષ્ટિએ અવલોકીને તેની તાત્ત્વિક પર્યાષણાનું કામ વ્યવસ્થિત રીતે મણિલાલથી આરંભાયુ"* [31] એવું અવતરણ આપીને મણિલાલે પ્રાચીન અર્થધર્મનું અર્થકારણ અભેદના નિષ્કર્ષરૂપે કર્યું હોવાનું જણાવે છે.

નર્મદના સંવેદનશીલ માનસનો પરિચય કરાવવાનો ઉપક્રમ તેમનાં 'આત્મકથાનો પ્રથમ પ્રયોગ'નામના લેખમાં જોઈ શકાય છે. આત્મકથાની વિગતો, તેમાં આલેખાયેલા વ્યક્તિચિત્રો, આખાબોલું જેવા ગુણો આત્મકથાના પ્રથમ પ્રયોગમાં જ કેવા ફળદાયી નીવડ્યા છે તેની ઝીણવટભરી નોંધ કરી આપી

છે. 'મારી હકીકત અને ઉત્તર નર્મદચરિત્ર' લેખમાં તેના સામ્ય અને વૈષમ્યની તુલનાત્મક દ્રષ્ટિથી અવલોકન કરી આપ્યું છે. 'ચરિત્રકાર ન્હાનાલાલ'માં ન્હાનાલાલને ચરિત્રકાર તરીકે ઉપસાવવાનો પ્રશંસ્ય પ્રયત્ન કર્યો છે. અતિશય પ્રસ્તારવાળું લાંબુ કથન, પુત્ર નિમિત્તે પિતાનું તર્પણ, પિતાની સાથે પુત્રના ચરિત્રની સામગ્રી, વિષયાન્તરો, ભરચક ઈતિહાસ સામગ્રી, ઉદ્‌બોધનાત્મક કથનશૈલી અને ઉત્કટ ભાષા જેવી આ ચરિત્રની વિશેષતા દર્શાવી આપી છે. સાથે તેમાં આવતી પુનરુક્તિઓ, અતિશયોક્તિ અને ભરપૂર અલંકારો જેવી મર્યાદાઓ ચીંધવાનું પણ વિવેચક ચૂક્યા નથી.

જીવનધર્મી સાહિત્યકાર કાકાસાહેબના લલિત અને પ્રવાસ નિબંધોની વાત 'જીવનલક્ષી સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકર'માં કરી છે. જેમાં નિબંધોનો સંદ્રષ્ટાંત ઉલ્લેખ કરી કાલેલકરના જીવન અને કલાના મૂલ્યનિષ્ઠ વિચારોની વાત ધીરુભાઈએ કરી આપી છે. 'કવિતા અને માનવતાના માનદંડ'માં 'ગંગોત્રી', 'અભિજ્ઞા'અને 'ધારાવસ્ત્ર' જેવા અનેકવિધ સંગ્રહની પંક્તિઓ ટાંકીને ઉમાશંકર જોષીનું સુરેખ ચિત્ર અંકિત કરી આપ્યું છે.

'જ્ઞાનસુધા' અને 'સમાલોચક'સામગ્રીનું સર્વક્ષણ એ બંને ગ્રંથોના ઉપોદ્‌ઘાત છે જેમાં ધીરુભાઈએ આ બંને સામયિકોએ પત્રો રૂપે બજાયેલી સેવાની વાત કરી છે. આ ચર્ચા દરમિયાન બંને સામયિકોની તબક્કાવાર વર્ગીકરણ કરીને તેમાં આવતા ધર્મ, સમાજ, સાહિત્ય,સંસ્થા અને પરિષદોના અહેવાલોની ઝીણવટભરી નોંધ લીધી છે. આકાશવાણી પર બોલાયેલું 'શોર્ય કથાઓ'માં તેમણે આપણા લોકસાહિત્યમાં તેનું કેવું ચિરંજીવી સ્થાન છે તે સિદ્ધ કરી આપ્યું છે. ગુજરાતી વિશ્વકોશની ભૂમિકા 'વિશ્વકોશ: વિશ્વમાં, ભારતમાં, ગુજરાતમાં,' એ લેખમાં છે. જેમાં તેમણે વિશ્વમાં ભારતમાં અને ગુજરાતમાં વિશ્વકોશની પ્રવૃત્તિ અને વિકાસ દર્શાવતો તેમનો અભ્યાસ લેખ છે.

આ સંગ્રહના નવ લેખો 'દ્રષ્ટિક્ષેપ'વિભાગના લઘુલેખો છે જેમાં 'છંદો છે પાંદડા જેવા'માં ભગવતીકુમાર શર્માની ગઝલોમાં આધુનિક યુગચેતનાના વિવિધ ભાવો કેવા આવિષ્કાર પામે છે તેની નોંધ

લીધી છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો લલિત નિબંધોના સંગ્રહમાં માનવજીવનનો સંકેત મર્મરૂપે સ્થપાતાં 'આશ્ચર્યવત્'લેખમાં જુએ છે. 'પારદર્શક નગર' લેખમાં પરેશ નાયકે' illu ionarદ્ર સૃષ્ટિ ઊભી કરી હોવાનું જણાવે છે. 'ચેતોવીસ્તારની યાત્રા'ના પત્રોમાં દર્શકની બહુમુખી પ્રતિભાના કેવા પાંસા ઝીલાયેલા છે તેનું ભાવવાહી શૈલીમાં નિરૂપણ કરી આપ્યું છે. 'મારા અનુભવો'માં તેમણે અત્યંત લાઘવતાથી સ્વામી સચ્ચિદાનંદની અનુભવકથાની સમીક્ષા કરી આપી છે.

વૈવિધ્યયુક્ત લેખોથી પરિષ્કૃત અભિજ્ઞાન વિવેચનસંગ્રહ' કવિતા, ચરિત્ર, નિબંધ વગેરેને સ્પર્શતા લેખોથી સમૃદ્ધ બન્યો છે. અહીં તેમની વિવેચક તરીકેની સમતોલ દ્રષ્ટિનો પરિચય પ્રાપ્ત થાય છે.

## રંગમાધુરી

નાટક અને રંગભૂમિ વિશે વિવિધ નિમિત્તે લખાયેલો 'રંગમાધુરી'(૨૦૦૦)માં પ્રકાશિત થયેલો વિવેચક ધીરુભાઈ ઠાકરનો નવમો વિવેચનસંગ્રહ છે. ધીરુભાઈએ અહીં નાટક અને રંગભૂમિ વિશે તાત્ત્વિક અને ઈતિહાસલક્ષી ચર્ચાવિચારણા કરી આપી છે. અહીં સંગ્રહાયેલા દરેક લેખો વિવિધ સમયે પ્રગટ થયેલા વિવેચનસંગ્રહોમાં જોવા મળે છે અને તેની ચર્ચા જે-તે વિવેચનસંગ્રહમાં થઈ ગઈ છે. તેથી તેનું પુનરાવર્તન કરવાનું અહીં ટાળ્યું છે.

## શબ્દ અને સંસ્કૃતિ

'શબ્દ અને સંસ્કૃતિ'(૨૦૦૨)માં પ્રકાશિત થયેલો ધીરુભાઈ ઠાકરનો દસમો વિવેચનસંગ્રહ છે. છેલ્લા દસ વર્ષ દરમ્યાન વિવિધ નિમિત્તે કરેલાં વિવેચનાત્મક લખાણોનો આ સંગ્રહ છે. ખાસ તો આ વિવેચનસંગ્રહ સાહિત્યિક સમારોહો અને પરિસંવાદમાં રજૂ કરેલાં વક્તવ્યો અને વ્યાખ્યાનો મોટો ભાગ રોકે છે.

વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા અર્પિત ગુજરાત-ગૌરવ એવોર્ડ સ્વીકાર પ્રસંગે આપેલું વકતવ્ય 'ભારતની ભોમમાં ઝઝેરી ગુજરાત' વિશેનું છે. જેમાં તેમણે હેમચંદ્રથી માંડીને નર્મદ, દલપત વગેરેએ

ગુજરાતી ભાષા, સમાજ અને સંસ્કૃતિના ગૌરવને મુક્ત કંઠે ગાન કરીને ગૌરવ વધારવાનો જે પુરુષાર્થ કર્યો હતો તેનું નિરૂપણ કરી આપ્યું છે. વળી લેખના અંતમાં અંગ્રેજી શિક્ષણના પ્રભાવ તળે આવેલી સાંપ્રત સમયની પેઢી ગુજરાતી ભાષાથી કેવી દૂર ધકેલાઈ ગઈ છે તેનું દુઃખ પણ તેમણે વ્યક્ત કર્યું છે. ટૂંકમાં આ લેખમાં તેમણે ગુજરાતનો ઈતિહાસ, ભાષા-સંસ્કૃતિ અને ગુજરાતી લોકો વગેરેને સ્પર્શતા મુદ્દાઓ વિશે માર્મિક વાત છેડી આપી છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અર્પિત સાહિત્યના ગૌરવ પુરસ્કારના સ્વીકાર પ્રસંગે આપેલું વકતવ્ય 'જલતી રહે મશાલ'નામના લેખમાં ગ્રંથસ્થ થયું છે. જેમાં તેમણે સાહિત્યિક વાતોની વાત કરી છે. ગુજરાતી સાહિત્યના ઈતિહાસ લેખનની મર્યાદાઓ પણ ચીંધી આપી છે. સાથે ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ માટે આવશ્યક ગણાતી અધ્યયન-સંશોધન, સંદર્ભસૂચિ અને અનુવાદ જેવી પ્રવૃત્તિઓને વિશાળ અવકાશ આપવાની હિમાયત આ લેખમાં જોઈ શકાય છે. સર્જન અને વિવેચનના કેટલાક પાયાના સંમ્પ્રત્યયોના પ્રાથમિક નિરીક્ષણો 'સર્જન અને વિવેચનના કેટલાક પાયાના સમ્પ્રત્યયો'માં ખોલી આપ્યા છે.

સાહિત્યિક ચિંતન અને સાહિત્ય પદાર્થ વિશેની વાત 'સાહિત્યમાં રૂપવિધાન'માં છે. જેમાં નર્મદથી સુરેશ જોષી સુધી આવતાં ગુજરાતી સાહિત્યમાં સર્જનપ્રક્રિયા અથવા રૂપરચના પરત્વે જે નોંધપાત્ર પ્રગતિ થઈ તેનું સર્વેક્ષણ કરી આપ્યું છે.

'ગુજરાતીમાં સાહિત્યિક ઈતિહાસનું લેખન'માં તેમણે ગુજરાતી સાહિત્યિક ઈતિહાસ લેખનના વ્યક્તિગત કે સાહિત્યિક સંસ્થાઓ દ્વારા જે પ્રયત્નો થયા છે તેની વાત કરી છે. જે-તે સાહિત્યિક ઈતિહાસની વિશેષતાઓ અને મર્યાદાઓ બતાવવાનું પણ તેઓ ચૂક્યા નથી. પ્રવર્તમાન ગુજરાતી સાહિત્યની ગતિવિધિ તપાસવાનો ઉપક્રમ તેમણે 'ગુજરાતી સાહિત્યની આજ'માં રાખ્યો છે. આરંભમાં જ આધુનિક અને અનુઆધુનિક આંદોલનનો ઉદ્દભવ તેને અનુસંગે આવેલી સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક કટોકટીનો ચિતાર રજૂ કરીને આધુનિકતા અને અનુઆધુનિકતાના ભેદક લક્ષણો તારવી આપ્યા છે. ટૂંકમાં સત્તર જેટલા પાનામાં લખાયેલા આ લેખમાં આપણને ગુજરાતી સાહિત્યની પ્રવર્તમાન ગતિવિધિનો આલેખ મળી રહે છે. 'વીસમી સદીનું ગુજરાતી સાહિત્યઃ પરિદર્શન'લેખ તેમની વિવેચક તરીકેની સજ્જતા બતાવી

આપે છે. નવલકથા, નાટક, નવલિકા, નિબંધ, ચરિત્ર, સંશોધન-સંપાદન વગેરેમાં ગુજરાતી ગદ્યનો સર્વતોમુખી વિકાસનું અવલોકન કરી આપ્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૦માં અધિવેશન પ્રસંગે અપાયેલું તેમનું પ્રમુખીય વ્યાખ્યાન 'ગુજરાતી સાહિત્યઃ એકવીસમી સદીનાં પરિબળો અને પડકારો'માં ઝીલાયેલું છે. એકવીસમી સદીના પરિબળો અને પડકારોની ચર્ચા કરી ગુજરાતી સાહિત્યક્ષેત્રની અનેકવિધ સફળતા વિશે હકારાત્મક દ્રષ્ટિકોણ રજૂ થયેલો જોઈ શકાય છે. આ લેખ સંદર્ભમાં મધુસૂદન પારેખ જણાવે છે કે, *"એમણે અહીં રજૂ કરેલા કેટલાક વિચારો એમના અગાઉના સંગ્રહોમાં રજૂ થઈ ચૂક્યા છે. પણ અહીં નવા સંદર્ભમાં તેમણે તે પ્રસ્તુત કર્યા છે."* [૩૨]

'ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગનું પ્રદાન' અને 'ઝવેરચંદ મેઘાણી-લોકપ્રિય લોકકવિ'અને 'રમણલાલ વસંતલાલ દેસાઈઃ ગ્રામલક્ષ્મીની વિભાવના'એ ત્રણેય લેખ આકાશવાણી પર બોલાયેલા વ્યાખ્યાનો છે. જેમાં પ્રથમ લેખમાં ઉદ્દેશ્યલક્ષિતા અને કલાદ્રષ્ટિનો સમન્વય સાધીને સાહિત્યમાં સત્ય, શિવ અને સુંદરની પ્રતિષ્ઠા કરવાનો જે પુરુષાર્થ કર્યો તેની ઊડતી નોંધ લીધી છે. બીજા લેખમાં ઝવેરચંદ મેઘાણીની કવિ તરીકેની પ્રતિભાને ઉપાસવી આપી છે. ત્રીજા લેખમાં 'ગ્રામલક્ષ્મી'નવલકથામાં ગાંધીયુગની ભાવનાને મૂર્ત કરવાનો પ્રયાસ કર્યો છે. 'આદર્શ સાહિત્યવિવેચક'માં વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની વિવેચક પ્રતિભાને બિરદાવી છે. ઉમાશંકર સ્વાધ્યાયપીઠના ઉદ્દઘાટન પ્રસંગે આપેલું અધ્યક્ષીય વકતવ્ય તેમણે 'ઉમાશંકરઃ સૌંદર્ય અને સંસ્કૃતિનાં યાત્રી' વિશેનું છે. જેમાં ધીરુભાઈએ 'ચીનમાં ચોપન દિવસ' અને 'યાત્રી'એ બે પ્રવાસપુસ્તકોનું મૂલ્યાંકન કરી આપ્યું છે. ઉમાશંકરની સૌંદર્યદ્રષ્ટિ આ પ્રવાસપુસ્તકમાં કેવી ઝીલાયેલી છે તેનું ભાવવાહી આલેખન કર્યું છે. ઈતિહાસ અને સંસ્કૃતિના સંદર્ભમાં ગાંધીવિચારનો વ્યાપક વિનિયોગ સૂચવતું દર્શન દર્શકની મોટી દેણ 'સારસ્વત લોકસેવક દર્શક'માં પિછાણી છે. 'હાસ્યસ્વામી જ્યોતીન્દ્ર હ.દવે'માં હાસ્યકાર તરીકે જ્યોતીન્દ્ર દવેને ઉપસાવવાનો પ્રયાસ તેમનો ફળદાયી બન્યો છે. 'રાજેન્દ્ર શાહની કવિતા'અને 'પ્રવાલદ્વિપના કવિ' લેખમાં અનુક્રમે રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની કવિતાનું આકલન કરી આપ્યું છે. દલિત સાહિત્યની કવિતાની રૂપરેખા 'દલિત સાહિત્ય'માં ચીંધી આપી છે.

આ સંગ્રહમાં 'દ્રષ્ટિક્ષેપ'હેઠળ 'વિરલ સાહિત્યિક સાહસ'અને 'કવિનો સ્વૈરવિહાર'એમ બે લેખોનો સમાવેશ કર્યો છે. જેમાં અનુક્રમે પ્રો.ગોવિંદભાઈનો 'અનુબંધ' અને લાભશંકર ઠાકરનો 'ટોળાં,અવાજ,ઘોંઘાટ' કાવ્યસંગ્રહની વિશેષતાઓ દર્શાવવા તરફ તેમનું વલણ રહ્યું છે.

આ સંગ્રહમાં સ્મૃતિવિશેષ શીર્ષક હેઠળ 'જીવનવીર અને કલમવીર'માં ગુણવંતરાય આચાર્ય, 'ચન્દ્રવદન મહેતા: એક મિજાજ'માં ચન્દ્રવદનના, 'ઉમાશંકર: થોડાં સંસ્મરણો'માં ઉમાશંકર સાથેના, 'યશસ્વી વિદ્યાપુરૂષ'માં યશવંતભાઈ સાથેના અને 'પરંપરા અને પ્રગતિની પાર્શ્વભૂમિકા'માં કસ્તૂરભાઈ લાલભાઈ સાથેના સંસ્મરણોને આલેખતા લેખો પ્રાપ્ત થાય છે.

સમગ્ર વિવેચનસંગ્રહમાંથી જયારે આપણે પસાર થઈએ છીએ ત્યારે તેમાં સાહિત્યતત્ત્વ, સાહિત્યકૃતિ, સાહિત્યકાર અને વિશિષ્ટ સાહિત્ય પ્રવાહના મૂલ્યાંકનો આપણને પ્રાપ્ત થાય છે. ઉપરાંત વીસમી સદીના સમગ્ર ગુજરાતી સાહિત્ય પરિદર્શનો તથા એકવીસમી સદીના પરિબળો અને પડકારો સુધીનો વિષયવસ્તુનો વિસ્તાર થયેલો આપણે જોઈ શકીએ છીએ. ટૂંકમાં 'શબ્દ અને સંસ્કૃતિ'એવું જે શીર્ષક છે તેના ઉપરથી જ શબ્દ અને સંસ્કૃતિ પરસ્પર કેવો સુમેળ સધાયો છે તેને વ્યક્ત કરતાં લેખો અહીં આપણને મળી રહે છે. એટલે જ મધુસૂદન પારેખ આ સંગ્રહ વિશે જણાવે છે કે, *"સમગ્ર સંગ્રહમાં સાહિત્ય અને તેને લગતા અનેક પ્રશ્નોની તેમની વિચારણા એટલું તો અવશ્ય દર્શાવે છે કે તેમના વિવેચનોમાં તાજગી હજી અકબંધ છે. 'શબ્દ અને સંસ્કૃતિ'નો વિવેચનસંગ્રહ જોતાં એટલું અવશ્ય કહી શકાય કે તેમની સાહિત્યનિષ્ઠા પૂર્વગ્રહરહિત વિવેચના હજુ તેમની પૂર્વવત્ ઈમેજ જાળવી રાખે છે."* [33] એવો અભિપ્રાય તેમનો સાચો ઠરે છે.

## શબ્દનું સખ્ય

'શબ્દનું સખ્ય'(૨૦૦૭)એ ધીરુભાઈ ઠાકરનો અગિયારમો વિવેચન સંગ્રહ છે. જેમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વિવિધ નિમિત્તે કરેલાં વિવેચનાત્મક લખાણોનો આ સંચય છે. તેમાં સાહિત્યિક સમારોહ અને પરિસંવાદમાં રજૂ કરેલાં વક્તવ્યો અને વ્યાખ્યાનો પણ છે.

આ સંગ્રહ પ્રથમ ત્રણ લેખ ‘આધુનિકસાહિત્યમાં માનવ’ ‘સાહિત્યિક ઇતિહાસ’ અને ‘સંસ્કૃત વાઙ્ગ્મય’ તથા ‘ગુજરાતી ભાષા અને સાહિત્યઃ પરંપરા અને પ્રભાવ’ સાહિત્યિક તત્ત્વને કેન્દ્રિત કરતાં લેખો છે. જેમાં પ્રથમ લેખમાં આધુનિક સાહિત્યમાં માણસની છબિ કેવી ઉપસી છે, એનો ચહેરોમહેરો કેવો છે, કયા સંસ્કારથી વ્યક્તિત્વ બંધાયેલું છે. તેનું સુરેશ જોશીથી માંડીને રાવજી પટેલની કવિતાના સંદ્રષ્ટાંતથી અવલોકન કરી આપ્યું છે. બીજા લેખમાં સાહિત્યિક ઇતિહાસ લેખન કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તેની વિગત ચર્ચા કરી છે. સંસ્કૃત ભાષામાંથી સમયાંતરે ઉત્ક્રાંત થયેલી ગુજરાતી ભાષાના સાહિત્યમાં સંસ્કૃત સાહિત્યે બાંધી આપેલી પરંપરાનું અનુસરણ મધ્યકાળથી સ્વાતંત્ર્યયુગ સુધી કેવું પરિવર્તન આવ્યું તેનું અવલોકન કરી આપ્યું છે.

‘ડાયસ્પોરિક (વિદેશસ્થિત) ગુજરાતી સાહિત્ય’ લેખમાં વિદેશમાં રહી સાહિત્ય સર્જન કરનાર મુખ્ય અને ગૌણ સર્જકોની ટૂંકમાં નોંધ લીધી છે. કાવ્ય, વાર્તા, નવલકથા વગેરે સંદર્ભે ચર્ચા છેડી છે. અરવિંદ જોશી, અહમદ ગુલ, દિપક બારડોલીકર, ભાનુશંકર વ્યાસ, બળવંત નાયક, મધુરાય, આદિલ મન્સૂરી, પ્રીતિ સેનગુપ્તા, પન્ના નાયક, મધુસૂદન કાપડિયા જેવા સર્જકોએ જે-તે સ્વરૂપોમાં કરેલાં ખેડાણનું સંક્ષેપીકરણ કરી આપ્યું છે. અંતમાં તેઓ અમેરિકાનું ડાયસ્પોરિક સાહિત્ય જથ્થો અને ગુણવત્તા બંનેમાં બ્રિટનને મુકાબલે માતબર માને છે.

‘વ્યવસાયી રંગભૂમિઃ પ્રવાહ અને પરંપરા’માં વિવેચકે બોમ્બે થિયેટર, રોયલ થિયેટર, પારસી નાટક મંડળીઓ, એલ્ફિસ્ટંટ ડ્રામેટિક ક્લબ, સાંગલીકર નાટક મંડળી, કાલિદાસ, વિકટોરિયા નાટક મંડળી, ‘બેજન અને મણિજેહ, વિકટોરિયા થિયેટર, દાદાભાઈ રતનજી ઠૂંઠી, દાદાભાઈ પટેલ, નાટક ઉત્તેજક મંડળી, એસ્પ્લેનેડ થિયેટર, નરોત્તમ મહેતાજીની મંડળી, શ્રી ગુજરાતી નાટક મંડળી, મુંબઈ ગુજરાતી નાટક મંડળી, શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટક સમાજ, મોરબી આર્ય સુબોધ નાટક મંડળી, શ્રી દેશી નાટક સમાજ, શ્રી આર્યનૈતિક નાટક સમાજ, શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ, રોયલ નાટકમંડળી, કાઠિયાવાડી નાટક મંડળી, શ્રી પાલિતાણા ભક્તિપ્રદર્શક નાટક મંડળી, આલ્ફ્રેડ થિયેટ્રિકલ કંપની, જેવી નાટક કંપનીએ વ્યવસાયી

રંગભૂમીને સફળ બનાવવા કેવા પ્રયાસો કર્યા હતા તેની સૂક્ષ્મ ચર્ચા કરી આપી છે. વળી ગુજરાતનાં કેટલાક ખ્યાતનામ નટોની વિશેષતાઓને પણ ઉપસાવી આપવાનું તેઓ ચૂક્યા નથી. ટૂંકમાં પાંત્રીસ જેટલા પૃષ્ઠોમાં વહેંચાયેલા આ વિસ્તૃત લેખમાં નાટક કંપનીઓ અને તેમાં સમયાંતરે કેવા નાટકોના પ્રયોગો થયા હતા તેની વિસ્તૃત્ત માહિતી મળી રહે તેવો આ લેખ છે. ''રૂડી' ગુજરાતી વાણી રાણીના વકીલ'માં ગુજરાતી સાહિત્યમાં દલપતરામે કરેલાં પ્રદાનની નોંધ લીધી છે.

'સંસ્કારરક્ષક જ્ઞાનવીર', 'મણિલાલ નભુભાઈનું સંશોધનકાર્ય' અને 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે'એ ત્રણ લેખ મણિલાલ વિષયક છે. જેમાં પ્રથમ લેખમાં મણિલાલના જન્મથી માંડીને મૃત્યુપર્યાન્ત સુધીના અનેકવિધ પાસાંઓને આવરી લીધા છે. બીજા લેખમાં મણિલાલના સંશોધન સંપાદનના ક્ષેત્રમાં કરેલાં પ્રદાનને વિગતે તપાસી આપવાનો ઉપક્રમ રાખ્યો છે. વીસમી સદીના ઉત્તરાર્ધના આરંભ સુધી વિકસતા રહેલા સંશોધનકાર્યની એક મહત્ત્વની કડી મણિલાલનું આ કાર્ય પૂરી પાડે છે એમ તેમનું માનવું છે. ત્રીજા લેખમાં વિવેચકે મણિલાલ દ્વિવેદીના આત્મવૃત્તાંતની ચર્ચા છેડી છે. જેમાં તેઓ નોંધે છે કે, *"મણિલાલના જીવન પર એકંદરે દ્રષ્ટિપાત કરતાં લાગે છે કે તેમનું સમગ્રજીવન ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર વચ્ચે જાણે કે વિભક્ત હતું.!"*[34] એવો અભિપ્રાય તેમની સફળતા-નિષ્ફળતાને વરેલા પાસાંઓને ઉજાગર કરી આપ્યા છે. 'કવિશ્રી ન્હાનાલાલ સવાસોમી જન્મજયંતી' અને 'ભેદની ભીંત્યુના ભાંગનાર મેઘાણી'ના અનુક્રમે ન્હાનાલાલ અને મેઘાણીનાં સાહિત્યિક પ્રદાનને મૂલવતાં લેખો છે. પ્રો. અનંતરાય રાવળની વિવેચનસંપત્તિ જથ્થો અને ગુણવત્તાની દ્રષ્ટિએ કેવી વિપુલ રહી છે તેની ચર્ચા 'વિવેચક અનંતરાય' લેખમાં કરી આપે છે.

'મારૂ પ્રિય પુસ્તક મારું જીવન એજ મારી વાણી' નામના લેખમાં નારાયણ દેસાઈ રચિત આ પુસ્તકનું ખંડ પ્રમાણે ટૂંકમાં ઝિણવટભરી સમીક્ષા કરી આપી છે. અંતમાં આ પુસ્તક વિશે અભિપ્રાય આપતા વિવેચક નોંધે છે કે, *"લેખકે અનેક અપ્રાપ્ય સાધનોનો ઉપયોગ કરીને મહાકાવ્યની લગોલગ પહોચતી આ ભવ્યસુંદર ચરિત્રકથાને શ્રધ્યેયતા અર્પી છે. ગાંધીના દ્રષ્ટિબિંદુને કેન્દ્રમાં રાખીને તેમણે ઘટનાઓનો સિલસિલો ગોઠવીને તેનું તટસ્થભાવે વિશ્લેષણ કર્યું છે."* [35] એવું કહી પ્રત્યેક ગુજરાતીના ઘરમાં ગાંધીકથા

હોવી જરૂરી માને છે. ટૂંકમાં નારાયણ દેસાઈએ આ પ્રકારનું ગાંધીચરિત આપીને ગુજરાતી ચરિત્ર સાહિત્યને સમૃદ્ધ કરી આપ્યું છે. એ સેવાને યોગ્ય રીતે મૂલવી આપી છે. લેખક શ્રી મહેશ દવેકૃત રવિન્દ્રનાથ ચરિત્ર વિષયક પુસ્ત 'કવિતાનો સૂર્ય'ની મુલવણી 'આસ્વાદરવિન્દ્રનાથ'લેખમાં કરી આપી છે. *"ચરિત્ર સામગ્રીમાં ઇતિહાસની પ્રમાણભૂતતા અને નિરૂપણમાં કલાની આસ્વાદતા જોવા મળે છે. ચરિત્રકારે રવિન્દ્રનાથ વિશે અંગ્રેજી તથા બંગાળી-ગુજરાતીમાં ઉપલબ્ધ સામગ્રીનો કવિવરના વ્યક્તિત્વ અને સર્જનને ઉઠાવ આપે તેવા રસસ્થાનો ઉપસાવવામાં ઉપયોગ કર્યો છે."* [35] એવું કહી આ પુસ્તકમાં રવિન્દ્રનાથની કિશોરવસ્થા, તરુણ વયનો છાક, પરદેશના પ્રવાસો, શાંતિનિકેતન અને વિશ્વભારતી, શિલાઈદહનો દસકો, ગીતાંજલી અને નોબેલ પારિતોષિકની ભૂમિકા અને તે અંગે દેશ-વિદેશમાં પડેલા પ્રત્યાઘાતો, સમકાલીન સમાજ અને સાહિત્યિક જગત સાથેનો વ્યવહાર વગેરે બાબતોને લગતી વિગતો સઘન શૈલીમાં નિરૂપાયેલી હોવાનું નોંધે છે. મહેન્દ્રભાઈ મેઘાણીએ સંપાદિત કરેલ પુસ્તક 'ગાંધી-ગંગા'માં ગાંધીજીના સમ્યક દર્શન કરાવવામાં કેવું સફળ રહ્યું છે તેની વિગતો 'ગાંધી-ગંગા'નું અવતરણ: એક સુખદ ઘટના'માં આપી છે.

'બે સ્મૃતિગ્રંથો'એ લેખમાં 'પુરુષોત્તમ ગણેશ માવળંકર સ્મૃતિગ્રંથ'અને રસિકલાલ પરીખની સ્મૃતિમાં પ્રગટ થયેલ 'અભિજાત રાજપુરુષ રસિકલાલ પરિખ'આ બંને ગ્રંથોમાં તેમની સેવાઓને બિરદાવી છે. આધુનિક રાજકારણીઓ, રાજ્યશાસ્ત્રના અભ્યાસીઓ અને સમાજ તથા શિક્ષણના ક્ષેત્રે કાર્યરત યુવા પેઢીએ પરિશીલન કરવા જેવાં, માહિતીસભર, પ્રેરક અને પ્રભાવક આ બે પુસ્તકો હોવાનું તેઓ માને છે. સાથે વિવેચક ઈતિહાસદ્રષ્ટિએ ઉપયોગી આ લખાણોના સુઘડ સંપાદનની વિશેષતાઓ બતાવવાનું પણ ચૂક્યા નથી. કાનનદેવીની બંગાળીમાં લખેલી આત્મકથા 'સબાર આમિ નમિ'નો ગુજરાતી અનુવાદ ચન્દ્રકાન્ત મહેતાએ 'સર્વને મારા નમસ્કાર'નામે કર્યો હતો. જેમાં ધીરુભાઈએ આત્મકથામાં નિરૂપાયેલા નમ્રતા, સરલતા અને બુદ્ધિપૂત સંવેદનશીલતા જેવાં ગુણો તારવીને આ આત્મકથામાં કાનનદેવીનું વ્યક્તિત્વ કેવું ઉપસી આવ્યું છે તે બતાવવાનું વલણ જોઈ શકાય છે.

ઠાકોરભાઈ દેસાઈએ કાકા સાહેબ કાલેલકરનું પુસ્તક 'લોકજીવન'ને ગુજરાતી ભાષામાં સુલભ કરી આપીને ગાંધીજીના ગંભીર ઉપદેશવચનોનું માર્મિક આલેખન કેવું રસપ્રદ નીવડ્યું તેની વાત તેમણે 'લોકજીવન'પર દ્રષ્ટિપાત'લેખમાં કરી આપી છે. 'ગુજરાતી કવિતાનો કમનીય કેલાઈડોસ્કોપ'માં 'વીસમી સદીની કાવ્યમુદ્રા'એ ગ્રંથનું રાજેન્દ્ર શાહે કરેલ વિમોચનની નોંધ લીધી છે. આગળ પાઠનિર્ણય, કવિપરિચય, કવિજન્મ તારીખસૂચિ અને કાવ્યપંક્તિઓની સૂચિ જેવી આ ગ્રંથની વિશિષ્ટતાઓ બતાવી આપીને આ સંપાદન સુઘડ, શાસ્ત્રીય અને સ્વચ્છ હોવાનું માને છે. 'ગ્રીન બેલ્ટ'ના કવિને પત્ર'એ ડૉ.પ્રવીણ દરજીને પત્ર નિમિત્તે લખેલ લઘુ લેખ છે. મણિલાલ હ.પટેલની ચરિત્રકાર તરીકેની સજ્જતાઓને 'તરસ્યા મલકનો મેઘ'માં બિરદાવી આપી છે.

'પૃથ્વીલોક એ જ આનંદલોક' અને 'ગુજરાતનું નવું સાહિત્યતીર્થ'એ બે લઘુ લેખમાં અનુક્રમે પ્રથમ લેખમાં પોતાના સન્માનના પ્રતિભાવ રૂપે રજૂ કરેલ વકતવ્ય છે. બીજામાં ઉમાશંકર જોશી સાથેના સંસ્મરણોને વાગોળતો લેખ છે.

સમગ્ર વિવેચનસંગ્રહમાંથી પસાર થતાં આપણને ખ્યાલ આવે છે કે શબ્દ સાથેની એમની મિત્રતા, પ્રીતિ કેવી સહજ રીતે સંકળાયેલી છે. એ દ્રષ્ટિએ આ વિવેચનસંગ્રહનું શીર્ષક 'શબ્દનું સખ્ય' સાર્થક લાગે છે.

## કેટલાક સાહિત્યિક વિવાદો

વિવેચક ધીરુભાઈ ઠાકરનો 'કેટલાક સાહિત્યિક વિવાદો'(૨૦૧૧)માં પ્રગટ થયેલો બારમો વિવેચનસંગ્રહ છે. સંગ્રહનું શીર્ષક જ જિજ્ઞાનાસાવૃત્તિ જગાડે તેવું છે. જેમાં ધર્મ, સમાજ અને સાહિત્ય વિષયક થયેલા ત્રિસેક જેટલા વિવાદોને આ સંગ્રહમાં સ્થાન આપવામાં આવ્યું છે. એટલું જ નહીં પ્રત્યેક વિવાદને યોગ્ય ન્યાય આપવા માટે તેઓ બંને પક્ષોના સ્પષ્ટ મુદ્દાને રજૂ કરી પોતાનો અભિપ્રાય આપે છે. ધીરુભાઈ પોતે ગુજરાતી સાહિત્યના ઈતિહાસના આલેખક છે એટલે પ્રત્યેક ઘટનાઓ, વિવાદો તેમની નજર સમક્ષથી પસાર થયા હશે. એટલે જ આ વિવાદોને તેમણે શાસ્ત્રીય રીતે મૂલવી આપી ઉપલબ્ધ કરી આપ્યા છે. આ

વિવેચનસંગ્રહના નિવેદનમાં તેઓ જણાવે છે કે, *"સાહિત્યના વિકાસની સ્વચ્છ છબિ મેળવવા માટે આ વિવાદોનું યથાર્થ વિશ્લેષણ થાય તે ઈષ્ટ છે. ગુજરાતી સાહિત્યના ડુંગરની આસપાસ અસ્પષ્ટ, અસત્ય અને કશાક અનર્થનું લાગતું ધુમ્મસ જામ્યું હોય તો તે દૂર થઈ શકે."* [૩૭] આ પ્રકારનો અભિપ્રાય તેમનો સાર્થક થાય છે કે નહીં તેને આપણે વિગતે જોઈએ.

આ વિવેચનસંગ્રહનો પ્રથમ લેખ 'કવિતા એટલે શું ?'તેમાં ગુજરાતી સાહિત્યમાં પહેલો નોંધપાત્ર વિવાદ નર્મદ-દલપત કવિતા વિષયક વિચારણા બાબતે થયો હતો તે વિશેનો છે. જેમાં ધીરુભાઈએ બંને કવિઓની કવિતા વિષયક વિચારસરણી, કવિતા અંગેની માન્યતા અને તે માન્યતાને અસરકારક બનાવનારા પરિબળો જેવી વિગતોની આરંભમાં વાત છેડી છે. એટલું જ નહીં નર્મદ-દલપત વચ્ચે વૈમનસ્ય જન્મે તેવા બનાવોની વિગતો આપવાનું પણ તેઓ ચૂક્યા નથી. અંતમાં તેઓ કહે છે કે, *"પરંતુ જે ગુણોએ દલપતશૈલીને લોકપ્રિયતા અપાવી તે જ ગુણો કાવ્યસાહિત્યના ઈતિહાસમાં દલપતની ઉપેક્ષાનું નિમિત્ત બન્યા. બીજી તરફ બરછટ અણઘડ અને કવચિત્ અપરસ રચનાઓમાં ઊતરી પડનાર નર્મદ અર્વાચીન યુગના કાવ્યાદર્શનો આચાર્ય બન્યો ને 'અર્વાચીન સાહિત્યમન્વન્તરના મનુ'નું બિરુંદ પામ્યો તે પણ સમયની બલિહારી છે."* [૩૮] એવું નિરીક્ષણ આપી આધુનિક કાવ્યભાવનાનું ધોરણ સ્થિર કરવામાં આ બંને કવિઓની સ્પર્ધા કેવી ફળદાયી નીવડી હતી તે બતાવી આપ્યું છે. નર્મદ અને દલપત વચ્ચે કવિતા વિષયક વિવાદની જેમ શામળની કવિતા સરસ કે પ્રેમાનંદની એ બાબતની ચર્ચા 'અનુપ્રાસ કે ઉલ્લાસ'માં કરી આપી છે. આ સંદર્ભ વિવેચકે 'ગુજરાત શાળાપત્ર', 'બુદ્ધિપ્રકાશ'અને 'સુરતમિત્ર'જેવા સાહિત્યિક સામયિકોમાં ચાલેલી ચર્ચાઓનો સંદર્ભ ટાંકીને સ્પષ્ટતા કરી આપી છે. અંતમાં આ વાસ્તવિક રીતે વિવાદ રહ્યો નહીં હોવાનું પણ તેઓ કહે છે. 'શાસ્ત્રો ઈશ્વરકૃત છે ?'લેખમાં નર્મદ અને જદુનાથ વચ્ચે ચાલેલા વિવાદને આલેખ્યો છે. જેમાં ખાસ વિષય વિધવાવિવાહ વિશેનો હતો. તેની પુનઃ ચર્ચા ધીરુભાઈએ 'ગુજરાતી સોશિયલ યુનિયન'નામના લેખમાં કરી આપી છે. અહીં મણિલાલનો 'નારીપ્રતિષ્ઠા'નામના લેખને ટાંકીને સ્ત્રીસ્વરૂપ ભેદ, સ્ત્રીશિક્ષણ, લગ્નવિધિ અને પુનઃલગ્નનો નિષેધ વગેરેમાં મણિલાલના મંતવ્યોનું વિગતે અવલોકન કરી આપ્યું છે. વળી

કરસનદાસ મૂળજીની વિરુદ્ધ જદુનાથ મહારાજે બદનક્ષીનો દાવો કર્યો હતો તેની વાત 'મહારાજ લાઈબલ કેસ' લેખમાં ટૂંકમાં પણ રસપ્રદ રીતે રજૂ કરી આપી છે.

ધર્મ અને સમાજસુધારણા વિષયક કેટલાક લેખો પણ અહીં જોવા મળે છે. જેમાં સંમતિવયના કાયદા માટે મણિલાલ અને બહેરામજી મલબારી વચ્ચે જે લાંબો વિવાદ ચાલ્યો હતો તેનું ચિત્ર તેમણે 'સંમતિવયનો કાયદો'માં વણી આપ્યો છે. મલબારીના આ પ્રયત્નનો મણિલાલે તેમજ દેશભરના સનાતન મંડળે કરેલો ઉગ્ર વિરોધ, રમણભાઈએ મણિલાલ સામે મોરચો માંડ્યો ત્યારે મણિશંકરે મણિલાલના મંતવ્યોની જે ઉપેક્ષા કરી હતી તેનું વિવેચકે 'કાન્તમાળા'પત્રોમાંથી કેટલાંક અવતરણો ટાંકીને સંદ્રષ્ટાંત અવલોકન કરી આપ્યું છે. વળી આ પ્રકારના વિવાદે *"મણિલાલ અને સુધારકો વચ્ચે કાયમનું અંતર પાડી દીધું"* [૩૯] એવું નિદાન ધીરુભાઈ કરે છે. 'મોક્ષવિચાર' વિશે આનંદશંકર ધ્રુવ અને રમણભાઈ નીલકંઠ વચ્ચે ચાલેલો લાંબો વિવાદ 'દ્વૈત-અદ્વૈત-વિવાદ'લેખમાં માંડીને કરી છે. લેખના અંતમાં તેઓ જણાવે છે કે, *"ધર્મચિંતનમાં આનંદશંકરની વિદ્વતા શુદ્ધ અને સર્વોચ્ચ જ્ઞાનબિંદુરૂપે પરિણત થાય છે. મણિલાલે નર્મદે આરંભેલા ધર્મ-શોધનના કાર્યને મજબૂત પાયા પર મૂકીને સુવ્યસ્થિત કર્યું. ઉત્તર નર્મદે શરૂ કરેલું કાર્ય આમ મણિલાલ અને આનંદશંકર પર્યંત પહોંચતા શુદ્ધ તત્ત્વવિચારરૂપે મહોરે છે. ત્યાં એ પરંપરા પણ પૂરી થાય છે."* [૪૦] એવો નિષ્કર્ષ ધીરુભાઈ તારવી આપે છે.

વિવેચક ધીરુભાઈ ઠાકર આ ગ્રંથમાં કેટલીક કૃતિઓ કે કર્તા વિષયક થયેલા વિવાદો આપવાનું પણ ચૂક્યા નથી. જેમ કે 'નર્મગદ્યઃ જૂનું અને શાલેય'એ લેખમાં મહીપતરામે 'નર્મગદ્ય'ના મૂળ લખાણ સાથે છેડછાડ કરી 'નર્મગદ્ય'ના લખાણને કેવું નિર્બળ બનાવી દીધું હતું તેને તપાસી આપ્યું છે. મણિલાલ દ્વિવેદીકૃત 'સિધ્ધાંતસાર'નું' અવલોકન'માં કાન્તે કરેલા અવલોકન નિમિત્તે જે વિવાદ થયો હતો તેની વિગતે વાત કરી છે. વિવેચકે અહીં 'સિધ્ધાંતસાર'ના અવલોકનના કેટલાક મહત્ત્વના અંશોનો ઉલ્લેખ કરીને કાન્ત અને મણિલાલમાં રહેલા દ્રષ્ટિભેદને સમજાવવાનો ઉપક્રમ રાખ્યો છે. વળી ગુજરાતી પત્રસાહિત્ય અને ચિંતનાત્મક ગદ્યસાહિત્યમાં 'સિધ્ધાંતસાર'ના અવલોકન વિશેના આ પ્રકરણને અપૂર્વ અને અનન્ય વિવેચક

કહે છે. મણિલાલ અને હરગોવનદાસ કાંટાવાળા વચ્ચે 'બાળવિલાસ'ના પાઠો અને તેની ભાષા અંગે જે તીવ્ર મતભેદ ઉભો થયો હતો તેની વાત 'વડોદરાની ખટપટ'માં કરી છે. જેમાં એક બાજુ મણિલાલ અને બીજી બાજુ હરગોવનદાસ કાંટાવાળા અને વચ્ચે બાલાશંકર હતા. આ ખટપટ મહત્ત્વનો વિવાદ ઉભો કર્યો હતો તેની રસપ્રદ ચર્ચા વિવેચકે કરી આપી છે. 'ગુજરાતના લેખકો'માં મણિલાલે 'સુદર્શન'સામયિકમાં જૂન ૧૮૯૪માં 'ગુજરાતના લેખકો' વિશેની જે લેખમાળા શરૂ કરી હતી તે વાતને વણી લીધી છે. જેમાં મણિલાલે સાહિત્યિક લેખન કરનારા સાહિત્યકારોના ઉદ્ધત, વ્યાવહારિક, પ્રાચીન, વિવેચક અને યથાર્થ એમ પાંચ વર્ગ બતાવ્યા હતા તેની જે-તે સામાયિક વિશે નોંધ લીધી હતી તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી આપ્યું છે. અંતમાં *"આ સુદીર્ઘ વિવાદે લેખકો તેમજ સાહિત્યરસિકોની સાહિત્યસમજ વધારવામાં સારો ફાળો આપ્યો છે."* [૪૧] એવું તારણ તેઓ તારવી આપે છે. ગુજરાતી સાહિત્યજગતમાં સૌથી ચર્ચાસ્પદ બનેલો વિવાદ એ પ્રેમાનંદના નાટકો વિશેનો છે. જેની વાત તેમણે 'પ્રેમાનંદની સંદિગ્ધ કૃતિઓ'માં કરી છે. ૧૮૮૭માં 'પ્રાચીન કાવ્ય'(ત્રૈમાસિક)અને (પ્રાચીન કાવ્યમાળા)નો પ્રારંભ થાય છે અને ૧૮૯૨માં તેમાં પ્રેમાનંદના નાટકો પ્રગટ થાય છે જે વિશેનો વિવાદ ૧૮૯૫સુધી ચાલે છે. જેમાં પ્રેમાનંદના નામે ચઢાવેલા નાટકોની શાસ્ત્રીય ચર્ચા નરસિંહરાવે કરી આપી હતી અને આ નાટકો પ્રેમાનંદના નથી તે તેમણે સાબિત કરી આપ્યું હતું. તે સમગ્ર ઘટનાઓનું ધીરુભાઈએ સંક્ષિપ્ત છતાં સૂક્ષ્મ અવલોકન કરી આપ્યું છે. 'કવિતા અને તત્ત્વજ્ઞાન', 'ગુજરાતી શબ્દોની લેખનપદ્ધતિ' અંગે ગોવર્ધનરામ અને નરસિંહરાવ વચ્ચે જે વિવાદ થયો હતો તેની વાત 'બે ચર્ચાપત્રો'નામના લેખમાં કરી આપી છે. 'કવિતા, કાવ્ય અને કવિ'એ વિષયે 'મિતાક્ષર'માં 'અવલોકન'ને કાવ્યના આત્મા તરીકે સ્થાપવાનો ગોવર્ધનરામે પ્રયત્ન કર્યો હતો તેની નરસિંહરાવે ઉગ્ર વિરોધ કરેલો તેની છણાવટ કરી આપી છે. 'રસરૂપગંધવર્જિત કુસુમો' લેખમાં મણિલાલને આ શબ્દ વિશે થયેલી ગેરસમજની ચર્ચા કરી છે. ખાસ તો ન્હાનાલાલે જે મણિલાલ ઉપર ઉગ્ર પ્રહારો કરેલા તે બતાવી આપી વિવેચકે 'કુસુમમાળા'નું અર્વાચીન ગુજરાતી કવિતામાં કેવું નોંધપાત્ર પ્રદાન રહ્યું હતું તે બતાવી આપવાનો ઉપક્રમ રાખ્યો છે.

'ડોલનશૈલી વિશે વિવાદ'માં ન્હાનાલાલના 'છંદ અને કવિતા'વિશેના વકતવ્યના મુખ્ય મુખ્ય મુદ્દા રજૂ કરી નરસિંહરાવે તે અંગે કરેલી ટીકાને વિગતે રજૂ કરી આપી છે. સાથે આ સંદર્ભમાં ડોલનશૈલી વિશે ખબરદારે પણ વાંધો ઉઠાવ્યો હતો તે બતાવવાનું પણ વિવેચક ચૂક્યા નથી. વળી ન્હાનાલાલની કેટલીક કૃતિઓમાં ડોલનશૈલી કેવી સફળ રીતે વિનિયોગ પામી હતી તેની વિશેષતા પણ બતાવી આપી છે. પંડિતયુગમાં આશરે પચીસ વર્ષ સુધી ચાલેલી 'વૃત્તિમય ભાવભાસ'ની ચર્ચા પણ અહીં ઉલ્લેખનીય છે. જેમાં પ્રારંભમાં મણિલાલ ત્યારપછી આનંદશંકર ધ્રુવ, નરસિંહરાવ અને રમણભાઈ નીલકંઠ વચ્ચે જે છૂટક ચર્ચા-વિચારણા થઈ હતી તેને વિવેચકે તાર્કિક ક્રમમાં સમજાવી આપી છે. કાવ્યસર્જનની પ્રક્રિયા સમજવામાં આ વિવાદ સહાયરૂપ બને તેમ તેમણે નોંધ્યું છે. 'સરસ્વતીચંદ્ર'ના કથાનકના અંત વિશે વિવાદ'માં વિવેચકે પ્રારંભમાં જ 'સરસ્વતીચંદ્ર'નો ટૂંકમાં સાર આપ્યો છે. ત્યારપછી 'સરસ્વતીચંદ્ર' નવલકથાના અંત વિશે દયારામ ગીડુમલ અને ગોવર્ધનરામ વચ્ચે થયેલા વિવાદને નિરૂપી આપ્યો છે. એટલું જ નહીં પણ આ ચર્ચાને વિશદ બનાવવા વિવેચકે કનૈયાલાલ મુનશી, આનંદશંકર, રા.વિ.પાઠકે વગેરેના આ નવલકથા વિષયક મંતવ્યો ટાંકીને સ્પષ્ટતા કરી આપી છે.

'યુધિષ્ઠિરનું અસત્યકથન'માં વિવેચકે નરસિંહરાવ દિવેટિયા અને આનંદશંકર ધ્રુવ વચ્ચે ચાલેલા વિવાદનું ચિત્ર આપ્યું છે. એટલું જ નહિ પણ આ વિવાદને આપણા તત્ત્વચર્ચાના ક્ષેત્રનો એક રમણીય ખંડ અને સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના અભ્યાસીને આદર્શ માર્ગદર્શન પૂરૂં પાડે છે તેવું તેમનું માનવું છે. વિજયરાય વૈદ્ય અને નરસિંહરાવની સાહિત્યિક સંજ્ઞાઓની ચર્ચા 'સાહિત્ય અને વાડ્ગ્મય'માં કરી આપી છે. જેમાં ધીરુભાઈએ દંડી, રાજશેખર, કેશવલાલ ધ્રુવ અને બળવંતરાય ઠાકોર જેવા પ્રાચીન અર્વાચીન કાવ્યશાસ્ત્રીઓના મંતવ્યો આપી ચર્ચાને સંગીન બનાવી છે.

'મ. ન. દ્વિવેદીનું આત્મવૃત્તાંત'માં અંબુભાઈ પુરાણી અને આનંદશંકર ધ્રુવ વચ્ચે જે વિવાદ થયો હતો તેને ઉજાગર કરી આપ્યો છે. આમ પણ ધીરુભાઈ મણિલાલના પ્રખર અભ્યાસી છે આથી આ પ્રકારના વિવાદને સ્થાન ન આપે તો જ નવાઈ! એટલું જ નહિ પણ વિવેચકે જ મણિલાલ ન.દ્વિવેદીના આત્મવૃત્તાંતને

સંપાદિત કરી આપ્યું તેની પર્શ્વાદ્દભૂ સમજવામાં પણ આ વિવાદ ઉપયોગી બની રહે તેમ છે. ‘સાહિત્યમાં અપહરણ’લેખમાં મુખ્યત્વે કનૈયાલાલ મુનશીની ‘વેરની વસૂલાત’, ‘પાટણની પ્રભુતા’અને ‘ગુજરાતનો નાથ’જેવી નવલકથાઓ ચર્ચાનો વિષય બની છે. તેમાં ધીરુભાઈ વિજયરાય વૈદ્ય, રામચંદ્ર શુકલએ આપેલા મંતવ્યો ટાંકીને સૂક્ષ્મ તપાસ કરી આપી છે. સાથે અરદેશર ફરામજી ખબરદારનેય આ સંદર્ભ મૂલવવાનું તેઓ ચૂક્યા નથી. વિશ્વનાથ મ.ભટ્ટ વિવેચકનેય સર્જક કહ્યો હતો અને તેને અનુલક્ષીને જે વિવાદ થયો હતો તે ‘વિવેચન કલા છે કે શાસ્ત્ર’ લેખમાં કરી આપી છે. જેમાં રા.વિ.પાઠક, ઉમાશંકર જોષી અને ચન્દ્રકાન્ત ટોપીવાળાએ કવિતાની સ્વાયત્તતા અને વિવેચનની પરાયત્તતા વિશે જે અભિપ્રાયો આપ્યા હતા તેની માર્મિક ચર્ચા ધીરુભાઈએ કરી આપી છે. ‘સળંગ અગેય પ્રવાહી પદ્યરચના’લેખમાં બ.ક.ઠાકોરે જે વિચારપ્રધાન કવિતાની જિકર કરીને સળંગ પ્રવાહી પદ્યરચનાની જે હિમાયત કરી હતી. તેનો ખબરદારે કરેલો વિરોધનું નિરીક્ષણ કરી આપ્યું છે. સાથે નરસિંહરાવ અને ઉમાશંકર જોષી જેવાએ આ પ્રકારની કવિતા ગુજરાતી કવિતાક્ષેત્રે કેવી અસર કરી હતી તે બતાવીને વિવેચકે આ શૈલીની વિશેષતાઓ બતાવી આપી છે.

બાલાશંકર કંથારીયાના કાવ્યસંગ્રહ પરત્વે થયેલો નોંધપાત્ર વિવાદ ‘કલાન્ત કવિ: કર્તુત્વ, અર્થઘટન અને કવિત્વના પ્રશ્નો’માં આપ્યો છે. જેમાં વિવેચકે આ વિવાદને બે ભાગમાં શ્રી ભૃગુરાય અંજારિયા અને શ્રી સંજાનાએ પાઠ, કર્તુત્વ, અર્થદર્શન અને વિવેચન પરત્વે થયેલી ટીકાના સંદર્ભમાં ઐતિહાસિક રીતે આલેખી આપી છે. અંતમાં તેઓ કહે છે. કે, *“આ વિવાદની વિશિષ્ટતા એ છે કે તેને એક છેડે મૂળ પક્ષકાર છે ને બીજે છેડે તેના મુખ્ય વિરોધી શ્રી સંજાના છે. વિવાદમાં ઉમાશંકરનું વલણ જેટલું શાલીન અને સૌજન્યનીતરતું છે તેટલું જ શ્રી સંજાનાનું પરૂષ અને પ્રહારક રહ્યું છે. તેમ છતાં બંનેનું લક્ષ્ય સત્યશોધન છે.”* [૪૨] એવો અભિપ્રાય તેમનો સાર્થક લાગે છે. ‘સુરતાની વાડીના મીઠા મોરલા !’કાન્ત રચિત આ કાવ્ય એ કલાપી કે ન્હાનાલાલને ઉદ્દેશયીને લખ્યું હતું તે વિશેની ચર્ચા ‘કલાપીને સંબોધન ?’માં કરવામાં આવી છે. વિવેચક આ વાતની સ્પષ્ટતા બ.ક.ઠાકોરના પત્રોનો ઉલ્લેખ કરીને કરી આપી છે. અંતમાં આ વિશે યોગ્ય માહિતી ન મળે ત્યાં સુધી તેઓ રા.વિ.પાઠકે રજૂ કરેલી હકીકત અને અર્થઘટનને જ સ્વીકારવાનું કહે છે. પ્રો.વિષ્ણુપ્રસાદે

કવિતાના લય, શ્રદ્ધા અને આકાર પરત્વે કેટલાક નિરીક્ષણો કરેલા તેનો જવાબ ઉમાશંકરે ‘સમકાલીન કવિતાનું વિવેચન’લેખ આપીને તેનો વિવેકપુરઃસર ઉત્તર આપેલો તેની વિસ્તૃત છણાવટ ધીરુભાઈએ કરી આપી છે. તેમજ આ તટસ્થ, સત્યનિષ્ઠ અને વિદ્વત્તાપૂર્ણ વિવાદને ગુજરાતી કવિતાને સમજવામાં માર્ગદર્શકરૂપ બને તેમ તેમનું માનવું છે.

‘રસાભાસ વિશે વિવાદ’માં ધીરુભાઈએ શ્રી નગીનદાસ પારેખે શ્રી ડોલરરાય માંકડના ‘રસાભાસનું સ્વરૂપ’એ વ્યાખ્યાનને અનુલક્ષીને ચર્ચ્યો છે. તેને અનુષંગે શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના ‘રસના સિદ્ધાંન્તમાં સાપેક્ષતા’એ લેખ તેમજ શ્રી જ્યોતીન્દ્ર દવેના ‘રસમીમાંસાની પરિભાષા’એ લેખમાં કરેલી ચર્ચા પણ ધ્યાનમાં લઈને વિવરણ કરી આપ્યું છે. ‘કલાપી અને સંચિત્: કર્તૃત્વના પ્રશ્નો’માં પ્રો.રમેશ શુકલે જે વિવાદ ઉઠાવ્યો હતો તેની વાત છેડી આપી છે. જેમાં બળવંતરાય અને જયંતિ કોઠારી જેવા વિદ્વાનોના મંતવ્યોનો ઉલ્લેખ કરીને કલાપીની સર્જકતાને સ્વીકારવાનો અનુરોધ તેઓ કરી આપે છે.

આ સંગ્રહમાં ધીરુભાઈએ ગુજરાતી સાહિત્યમાં સમયાંતરે થયેલા વિવાદોનું યોગ્ય પરિદર્શન કરાવી આપ્યું છે. ધર્મ, સમાજસુધારો, ભાષા અને સાહિત્યક્ષેત્રમાં થયેલા વિવાદોનું તલગાહી અવલોકન કરી આપી સાહિત્યની સ્વચ્છ છબિ મેળવવાનો તેમનો પ્રયત્ન અહીં સાર્થક થયેલો જોઈ શકાય છે.

## ગાંધીજી અને પાંચ સાક્ષરો

વિવેચક ધીરુભાઈ ઠાકરનો ‘ગાંધીજી અને પાંચ સાક્ષરો’(૨૦૧૨)માં પ્રકાશિત થયેલો છેલ્લો વિવેચનસંગ્રહ છે. ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં સાક્ષરયુગનું ખૂબ મહત્ત્વ રહેલું છે. આ સમયગાળામાં યુનિવર્સિટીની સ્થાપના અને તેના પરિણામે અંગ્રેજી કેળવણીનો લાભ આ યુગના સર્જકોને મળ્યો હતો. તેથી પશ્ચિમની અને સ્વસંસ્કૃતિનો અભ્યાસ કરી આપણી સંસ્કૃતિમાં રહેલા ઉત્તમ અંશોનું દર્શન કરાવી નવી પેઢીને પશ્ચિમનું અંધ અનુકરણ છોડાવીને સ્વસંસ્કૃતિ તરફ અભિમુખ કર્યા હતા. સાથે આ સમયગાળામાં ગુજરાતી સાહિત્યમાં ગદ્ય-પદ્ય ક્ષેત્રમાં અનેક નવીન પ્રયોગોનું ખેડાણ પણ થાય છે. લગભગ સાડા ત્રણ-દાયકા સુધી

ચાલેલા આ યુગ ગુજરાતી સાહિત્યમાં માનભર સ્થાન ધરાવે છે. ત્યારપછી આફ્રિકાથી ભારતમાં ગાંધીજીનું આગમન થાય છે. ગાંધીજી યુગપ્રવર્તક હતા. ગુજરાતી સાહિત્યમાં નર્મદ ગોવર્ધનરામ અને ગાંધીજી આ ત્રણ સર્જકોનો પ્રભાવ દીર્ઘસમય પર્યંત રહ્યો હતો. તેમાંય ગાંધીજી વિશેષ. ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીના પ્રભાવતળે રહીને અનેક સર્જકોએ સાહિત્યનું સર્જન કર્યું હતું. કેટલાક એવા પણ સર્જકો હતા કે જે ગાંધીજીના અનુયાયી ન હોય છતાં કોઈને કોઈ રીતે ગાંધી પ્રભાવથી તેઓ પ્રભાવિત થયા હતા. અહીં પ્રસ્તુત પુસ્તકમાં ધીરુભાઈએ નરસિંહરાવ, આનંદશંકર ધ્રુવ, બ.ક.ઠાકર, ન્હાનાલાલ અને ક.માં.મુનશી જેવા પાંચ સાક્ષરોને પસંદ કર્યા છે. આ પાંચેય સાક્ષરો ગાંધીજી સાથે સીધેસીધા સંકળાયેલા ન હતા, છતાં પણ તે દરેકના વ્યક્તિત્વ ઘડતર, માનસ અને સર્જન પરત્વે ગાંધીજીના વિચાર અને તેમનો પ્રભાવ કેવા નિમિત્ત બન્યા હતા તે ઉપસાવવાનો ઉપક્રમ તેમણે રાખ્યો છે. જેનો આપણે વિગતે અભ્યાસ કરીએ.

'ગાંધીજી અને નરસિંહરાવ'એ પ્રથમ લેખમાં વિવેચકે એક સંત અને સાક્ષરનો સુયોગ ગુજરાતી સાહિત્યની કેવી વિલક્ષણ ઘટના બની રહી હતી તેની રસપ્રદ વિગતોથી અવલોકન કરી આપ્યું છે. નરસિંહરાવનો ગાંધીજી સાથે વીસથી વધુ વર્ષ સુધી સંબંધ ચાલુ રહ્યો હતો. આ ગાળામાં તેમને ગાંધીજી પ્રત્યેનું માન દિનપ્રતિદીન વધતું જઈને મિ.ગાંધી-મોહનલાલ-મોહનદાસ-ગાંધી-ગાંધીજી-મહાત્માજી-સંમાન્ય મહાત્માજી સુધી પોહચ્યું હતું તે ધીરુભાઈએ નરસિંહરાવને પત્રવ્યવહાર, મુલાકાત વગેરે દ્વારા ગાંધીજી સાથે થયેલા સંપર્કોની માહિતી ઝીણવટથી આલેખી આપી છે. વળી નરસિંહરાવની ગાંધીજી સાથે થયેલી પ્રથમ મુલાકાત, નરસિંહરાવના એક પછી એક થયેલા સ્વજનોના મૃત્યુથી તેમને થયેલા ઊંડા આઘાત જેવા પ્રસંગોમાં પણ ગાંધીજી નરસિંહરાવને પત્રો લખીને આશ્વાસન આપે છે તેની ઉદાહરણો મારફત ચર્ચા કરી આપી છે. કોઈકે ગાંધીજીની ગુજરાતી ભાષામાં રહેલી ભૂલો બતાવેલી તે પત્ર 'નવજીવન'માં છાપીને ભૂલોનો સ્વીકાર કરીને ગાંધીજીએ ટીખળમાં લખેલું કે, *"સ્વરાજ મળશે ત્યહારે મ્હારી ભાષા વિશે નરસિંહરાવને તથા હેમની ખબર લેનાર ખબરદારને દ્વન્ધ યુદ્ધમાં જોડીશ"* [43] આ પ્રકારની ગાંધીજીની ભાષાની ભૂલો બતાવનાર નરસિંહરાવ હશે એમ આનંદશંકરે માની લીધ્યું હતું. તેથી નરસિંહરાવ ગુસ્સે થઈ જાઈ છે અને નરસિંહરાવ

ગાંધીજી અને આનંદશંકર ધ્રુવને પત્રો લખી સ્પષ્ટતા કરી આપે છે. અંતે ગાંધીજી માફી સાથે નરસિંહરાવનો પત્ર 'નવજીવન'માં છાપ્યો હતો. આ સમગ્ર પ્રકરણને વિવેચકે નાટ્યાત્મક રીતે આલેખી આપ્યો છે. ટૂંકમાં ગાંધીજી અને નરસિંહરાવને અનેક વિચારોમાં મતભેદ હોવા છતાં મનભેદ જોવા મળતો નથી તે રીતે ધીરુભાઈ યોગ્ય પ્રસંગોનું આલેખન કરી આપ્યું છે.

નરસિંહરાવની જેમ આનંદશંકર ધ્રુવ પણ ગાંધીજીના સમવયસ્ક હતા જેની ચર્ચા વિવેચકે 'ગાંધીજી અને આનંદશંકર ધ્રુવ'લેખમાં કરી આપી છે. આરંભમાં આનંદશંકર ધ્રુવને સર્જક તરીકે ઘડનારા પરિબળોનું આલેખન કરી આપ્યું છે. એક સંત અને ફિલસૂફ વચ્ચે જે અંતર હોય તે ધીરુભાઈ ગાંધીજી અને આનંદશંકર વચ્ચે જૂએ છે. આનંદશંકરના મૂળ તપાસતા તેમના 'જયેષ્ઠ વિદ્યાબંધુ' મણિલાલના અને ઉત્તર નર્મદના કાળ સુધી તેઓ પોંહચી જાય છે. સાથે મણિલાલ અને આનંદશંકરની વિચારણામાં રહેલી સમાનતાની ચર્ચા કરી આપી છે. તેમ છતાં માનસ અને નિરૂપણપદ્ધતિ પરત્વે મણિલાલ અને આનંદશંકર વચ્ચે જે તફાવત હતો તે બતાવવાનું પણ વિવેચક ચૂકતા નથી. આનંદશંકર અને ગાંધીજી વચ્ચે ચાલેલા કેટલાક મહાત્ત્વના પત્રવ્યવહારોના ઉદાહરણો આપી તેમના સંબંધોની સ્પષ્ટતા કરી આપી છે.

'ગાંધીજી અને બ.ક.ઠાકર'નામના લેખમાં વિવેચકે વિષય પરત્વે ગાંધીજી અને રચના પરત્વે ઠાકોરની ગુજરાતી કવિતાએ નવી પેઢી ઉપર કેવી અસર પાડી હતી તે બતાવવાનો પ્રયાસ કર્યો છે. વળી આ નવીન અસર સૌપ્રથમ કવિતામાં શબ્દબદ્ધ કરવામાં સુંદરમ્ અને ઉમાશંકર જોશી કેવા અગ્રસર રહ્યા હતા તેનું પણ નિરૂપણ કરી આપ્યું છે. ગાંધીયુગના કવિઓમાં બ.ક.ઠાકર કેવું માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેનો નિદર્શ કરી આપ્યો છે. આગળ જતાં વિવેચક બ.ક.ઠાકરને ગાંધીજીના સિદ્ધાંતો કે આંદોલન માન્ય નહોતા આથી ગાંધીજી સાથે તેમને અનેક બાબતોમાં મતભેદ થતો હતો. હજારો દેશ વાસીઓમાં મહાત્મા તરીકે સ્થપાયેલા ગાંધીજી માટે બ.ક.ઠાકોર 'મોહનભાઈ' શબ્દ જ વાપરતા હતા. આમ છતાં ગાંધીજીએ ચલાવેલ રાજકીય આંદોલન, સાહિત્ય, ભાષા અને કળા પ્રત્યેનો દ્રષ્ટિકોણ સફળ થતો લાગ્યો તેમ તેમ ઠાકોરના વિચાર અને અભિપ્રાયમાં કેવા ફેરફાર થતો આવ્યો તેની સંદ્રષ્ટાંત વાત આ પ્રકરણમાં કરી આપી

છે. અંતમાં બ.ક.ઠાકોરને ગાંધીજી પ્રત્યે કેવો આદરભાવ વધતો ગયો અને ‘પૂજ્ય ગાંધીજી’શબ્દ એમની જીભે રમતો થઈ ગયો હતો તેની સ્પષ્ટતા વિવેચકે કરી આપી છે.

‘ગાંધીજી અને ન્હાનાલાલ’નામના લેખમાં ધીરુભાઈએ ન્હાનાલાલે પ્રયોજેલો ડોલનશૈલીનો પ્રયોગ; ગાંધીજી સાથેની મુલાકાતો અને રાષ્ટ્રીય શિક્ષણ યોજનાના પ્રસંગોને વણી લીધા છે. લેખના પ્રારંભમાં ન્હાનાલાલનો સાહિત્યમાં પ્રવેશ કઈ રીતે થયો હતો તે જણાવતા તેઓ કહે છે કે, *“પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં કવિ કાન્તે ‘નવીન ગુજરાતી કાવ્યસાહિત્ય’વિશે બોલતા પુસ્તકકારે તાજા જ પ્રગટ થયેલા ‘વસંતોત્સવ’કાવ્યમાંથી કેટલાક અંશોનું છટાદાર શૈલીમાં વાચન કરી બતાવ્યું હતું અને ‘ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ’એ ન્હાનાલાલની જ કાવ્યપંક્તિને ન્હાનાલાલને લાગુ પાડીને પોતાના સમાનધર્મા મિત્રનો ઉમળાકાભેર સત્કાર કર્યો હતો. એટલું જ નહીં, તેમણે એક મહાકવિના આગમનની ભવિષ્યવાણી ઉચ્ચારી હતી.”* [૪૪] એવું કહીને  ન્હાનાલાલના આપેલા સાહિત્યિક વારસાને બતાવવાનું પણ ચૂક્યા નથી. આગળ ડોલનશૈલીના પ્રયોગની તેમના કાવ્યોસંદર્ભે ચર્ચા કરી આપી છે. અસહકારના આંદોલન વખતે ગાંધીજી અને ન્હાનાલાના સંબંધોમાં કડવાશના પ્રસંગો બન્યા હતા અને કવિશ્રી સાથે નિકટનો સંબંધ ધરાવતા પ્રો.અનંતરાય રાવળે આ પરિસ્થિતિની તપાસ કરીને કવિના ગાંધીજીથી છૂટા પડવાના કારણો તારવેલ છે તેનો ઉલ્લેખ કરી કવિની પ્રકૃતિનો પરિચય કરાવવામાં ધીરુભાઈ સફળ રહ્યા છે.

‘ગાંધીજી અને ક.મા.મુનશી’લેખમાં ગાંધીજીના સૌથી નિકટતમ વ્યક્તિ મુનશી હતા. ગાંધીજીની સ્વદેશી અને સ્વતંત્રતાની હિલચાલ અને સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ મુનશીની વિચારસૃષ્ટિ પર કેવો પ્રભાવ પાડ્યો હતો તે દર્શાવવાનો ઉપક્રમ ધીરુભાઈએ રાખ્યો છે. એકબાજુ ગાંધીજીના વિચારો અને કાર્યો અને બીજી બાજુ મુનશીની ગુજરાતની અસ્મિતાનો આવિર્ભાવ દર્શાવતું આ પ્રકરણ અનેક પ્રસંગોથી વિવેચકે ભરપૂર બનાવ્યું છે.

આથી જ ડૉ.પ્રવીણ દરજી આ વિવેચનસંગ્રહ સંદર્ભ નોંધે છે કે, *"આ આખુંય પુસ્તક એમ એક ચોક્કસ સમયમાં વાચકને લઈ જાય છે. ગાંધીજી અને પાંચ સાક્ષરોના સંબંધ-સંવાદને સુપેરે લક્ષે છે. સાથે સાક્ષરો સમેત ગાંધીજીના ચરિત્રની પણ કેટલીક મૂલ્યવાન રેખાઓ ઉપસી રહે છે. તે સમયની લોકચેતના, સ્વાતંત્ર્ય માટેની લડત, ત્યારનો ઈતિહાસ, સાક્ષરોની મન: સ્થિતિ વગેરે પણ અહીં પામી શકાય છે, ગાંધીજીના અનેક વિષયના અભિપ્રાયો પણ પામી શકાય છે. કહો કે સામાજિક, રાજકીય, સાહિત્યિક, સાંસ્કૃતિક એમ અનેક રીતે આ પુસ્તકનું મહત્ત્વ રહ્યું છે. એક બીજી બાબત પણ અહીં નોંધવી રહી. શ્રી ઠાકરસાહેબે અહીં મૂકેલી વિગતોને પૂરા તાટસ્થ્યથી, પૂરતા આધારો સમેત આપી છે. સાથે ગાંધીજી કે સાક્ષરોને અજાણતાં ક્યાય તરડી-મરડી નથી. પરિસ્થિતિને જ પ્રમાણોથી પ્રગટ થવા દીધી છે. એ રીતે પણ આ પુસ્તકનું મૂલ્ય ને શ્રદ્ધેયતા વધી રહે છે. ઈતિહાસ કે સાહિત્યના ઈતિહાસની સામગ્રી પણ એમ અહીં પ્રાપ્ત થઈ રહે છે."* [૪૫] આ પ્રકારનું મંતવ્ય તેમનું યથાર્થ બની રહે છે. પ્રસ્તુત વિવેચનસંગ્રહમાં વિવેચકે આ પાંચ સાક્ષરોના ગાંધીજી સાથેના સંબંધને તપાસી આપ્યો છે. આ પાંચેય સાક્ષરોના ગાંધીજીના વિચાર અને વ્યક્તિત્વ સાથે કેવો મેળ હતો તે બતાવવાનો ઉપક્રમ અહીં જોઈ શકાય છે. વળી આ પાંચેય સાક્ષરોના ગાંધીજી સાથેના પરસ્પર ભાવ-પ્રતિભાવનું આલેખન પણ આ વિવેચનસંગ્રહમાંથી આપણને મળી રહે છે.

વિવેચક ધીરુભાઈ ઠાકર એક સંનિષ્ઠ અધ્યાપક તરીકે રહી ચૂક્યા હતા આથી તેમની વિવેચન પ્રતિભા અધ્યાપકીય સજ્જતાથી ઘડાયેલી છે. તેમના 'રસ અને રુચિ', 'સાંપ્રત સાહિત્ય', 'પ્રતિભાવ', શબ્દ અને સંસ્કૃતિ', 'વિક્ષેપ', અભિજ્ઞાન', કેટલાક સાહિત્યિક વિવાદો'અને 'ગાંધીજી અને પાંચ સાક્ષરો'જેવા વિવેચનસંગ્રહોમાંથી પસાર થતાં તેમના વિવેચનમાં સત્યનિષ્ઠા, તર્કશીલતા, ગાંભીર્ય, અવલોકનશક્તિ, ચોકસાઈ, વિવેકબુદ્ધિ અને રસળતી શૈલી જેવા મહત્ત્વના ગુણો જોવા મળે છે. વિવેચક ધીરુભાઈ ઠાકર કશું લખવા ખાતર લખ્યું નથી તેમના કોઈપણ લેખમાંથી પસાર થઈએ તો આપણને તેમાં કોઈને કોઈ અગત્યની માહિતી મળી રહેવાની. તેમના વિવેચન ગ્રંથોમાં મોટાભાગના સમીક્ષાત્મક લેખો આપણને મળી રહે છે. ''ન્હાનાલાલ: કવિ કે નાટ્યકાર', કવિશ્રી ન્હાનાલાલ: સવાસોમી જન્મજયંતી', સાહિત્યિક ઈતિહાસ: સ્વરૂપ

અને લેખનના કેટલાક મુદ્દાઓ', 'જલતી રહે મશાલ'જેવા વિવેચન લેખોમાં તેમની અવલોકન શક્તિનો પરિચય આપણને મળી રહે છે. 'કવિતા', 'નાટક', 'નિબંધ', 'નવલકથા', 'હાઈકુ', 'ગઝલ', 'ખંડકાવ્ય' જેવા સાહિત્યિક સ્વરૂપોનું તલાવગાહી મૂલ્યાંકન કરી આપ્યું છે. 'હાઈકુનું કાવ્યસ્વરૂપ અને તેનો ગુજરાતી સાહિત્યમાં પ્રયોગ', 'ખંડકાવ્ય: સ્વરૂપ અને વિકાસ', 'ગરબો-ગરબી'જેવા સ્વરૂપલક્ષી લેખોમાં જે-તે સાહિત્ય સ્વરૂપની ગતિવિધિ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. કાવ્યસંગ્રહોની મૂલવણી કરતાં 'મનોમુદ્રા', 'સંકેત', 'ઈન્દ્રજિતવધ', 'રુદ્ર આક્રોશ કરતી રમ્યઘોષા'અને 'આત્મનિમજ્જન'ના લેખો છે. જે કાવ્યવિવેચનસાહિત્યમાં અનોખી ભાત પાડે છે. ગુજરાતી સાહિત્યનું વિવેચનનું વિવેચન કરતાં લેખોમાં 'ગુજરાતી સાહિત્યિક ઈતિહાસલેખન', 'ગુજરાતી સાહિત્યની આજ'અને 'એકવીસમી સદીનાં પરિબળો અને પડકારો'માં કેટલાક મહત્ત્વના અંશો મળી રહે છે. ટૂંકી વાર્તામાં 'સાચાં શમણાં', 'વનછાયા', 'રૂપકથા'અને 'કાશીનું કરવત'જેવા લઘુલેખો પણ અવિસ્મરણીય બની રહે છે. સાંપ્રત નવલકથા વિષયક ચર્ચા કરતાં લેખો 'અમૃતા', 'અસ્તિ', 'ચહેરા', 'આપણો ઘડીક સંગ', 'કાજળ કોટડી'વગેરેને યોગ્ય રીતે વિવેચકે આસ્વાદી આપ્યા છે.

'અલવિદા', 'સાહિત્યકારની સ્વાયત્તતા', 'સાહિત્યમાં કૂપમંડૂકતા'અને 'કવિઓ કે વિદૂષકો?' જેવા લેખો સાહિત્યિક પત્રકારત્વે નિમિત્તે લખાયેલા વિવેચન લેખો છે. આ દરેક વિવેચનલેખો વાંચતાં આપણને લાગે કે વિવેચક સાહિત્યજિજ્ઞાસુઓને પણ કેવી હળવી, રમૂજભરેલી શૈલીમાં નિરૂપણ કરીને રસપાન કરી આપે છે તેનો ખ્યાલ આવે છે. એટલું જ નહીં પણ આ પ્રકારના લેખોમાંથી પસાર થતાં ખ્યાલ આવે છે કે તેઓ ભારેખમ થયા વિના વિવેચનને ભાવકકેન્દ્રી બનાવે છે. વિવિધ સંસ્થાઓમાં કે પરિસંવાદોમાં રજૂ કરાયેલા વ્યાખ્યાનોમાં કોઈપણ વિષયને એક નિબંધકારની જેમ તેઓ ખોલતા જાય છે. આવા વ્યાખ્યાનો પણ ભાવકો માટે અભ્યાસરૂપ બની રહે છે.

સાહિત્યના મુખ્ય સર્જકોને અનુલક્ષમાં લઈને લખાયેલા લેખો પણ અદ્વિતીય રહ્યા છે. જેમ કે મણિલાલ દ્વિવેદી પરના 'કાન્તા': એક અવલોકન', 'આત્મધર્મી પત્રકાર', 'જ્ઞાનમુખી કવિતા: આત્મનિમજ્જન', 'મણિલાલ નભુભાઈ: સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનું અદ્વૈત', 'ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર', 'મણિલાલ

નભુભાઈનું સંશોધનકાર્ય'અને સંસ્કારરક્ષક જ્ઞાનવીર' 'રાજેન્દ્ર શાહની કવિતા', 'મણિલાલ અને મણિશંકર'અને 'આચાર્ય આનંદશંકર ધ્રુવનું ધર્મચિંતન' જેવા લેખોમાં સર્જકની વિશેષતાઓની સાથે મર્યાદોઓ પણ ચીંધી આપે છે. આ બધા લેખોમાં ધીરુભાઈ ગુણદર્શન ચોકસાઈથી તપાસી આપે છે. આથી જ પ્રવીણ દરજી ધીરુભાઈની વિવેચનપ્રતિભાને મૂલવતાં કહે છે કે, *"વિવેચક ઠાકરસાહેબની વિવેચનપ્રસાદી એમ સાચા અર્થમાં 'પ્રસાદી'બની રહે છે. તેમણે વિવિધ સાહિત્યસ્વરૂપો વિશે, વહેણો અને વિકાસ વિશે, કૃતિઓ-કર્તાઓ વિશે, પ્રયોગો-પરંપરાઓ વિશે, સમકાલીન ઘટનાઓ-આયામો વિશે અણથક લખ્યું છે, પણ એ બધી વેળા તેમનું લક્ષ્ય સત્ય-શિવ અને સુંદર ઉપર રહ્યું છે. વિવેચનની પરિભાષાથી લગભગ દૂર રહી, સરળ, વિશદ, પાસાદાર શૈલીમાં તેઓ પોતાની 'પ્રતીતિ'ને વિસ્તારે છે. વિદ્વત્તાના ભાર વિના, ગાંભીર્ય તજ્યા વિના તેમણે આ કાર્ય કર્યું છે. ખુલ્લા મનના, સમુદાર રસ-રુચિવાળા વિવેચકનું વિવેચન કેવું હોય તેનો સ્પૃહરણીય ઉત્તર ઠાકરસાહેબની વિવેચના સંપડાવી આપે છે."* [૪૬] આ ઉપરાંત ઉશનસ્ ધીરુભાઈના વિવેચક તરીકેના લક્ષણો જણાવતા કહે છે કે, *"મહદંશે જીવનલક્ષિતા, પૂર્વગ્રહમુક્તિ, વાદપ્રતિબદ્ધતાથી મુક્તિ, આધુનિક નવી ભાવના પરત્વે પણ ખુલ્લું મન, સર્વાંગીણ સંશોધનદ્રષ્ટિ તથા તટસ્થ સમાલોચના, નીરક્ષીરવિવેક, નિષ્પક્ષપાતતા, વિશદતા, સમભાવપ્રેરિત નિર્મળતા, અધ્યાપકીયતા, આભિજાત શિક્ષકની રીતિ એટલે કે ક્રમિકતા ને સાંગોપાંગતા, બંને છેડાની અતિઉગ્રતાનો અભાવ"* [૪૭] આ બંને સર્જકોના મંતવ્યો પરથી આપણને ખ્યાલ આવે છે કે ધીરુભાઈ ઠકારની વિવેચનપ્રતિભા આગવી છાપ મૂકી જાય છે. તેઓ કયાંય પણ મોહ પામ્યા વિના ઝૂકી જતાં નથી. તે પોતાની રસ અને રુચિ પ્રમાણે કોઈપણ કૃતિને તપાસે છે અને ત્યારપછી તેઓ પોતાનો આગવો અભિપ્રાય બાંધે છે. આથી ગુજરાતી વિવેચન સાહિત્યમાં અનંતરાય પછી માનભર્યું સ્થાન કોઈનું હોય તો તે ઠાકરસાહેબનું છે.

આ ઉપરાંત ડૉ.મીના સોલંકી ધીરુભાઈ ઠાકરની વિવેચન સજ્જતાને બિરદાવતા કહે છે કે, *ડૉ.ધી"રુભાઈએ એક પછી એક આપતા વિવેચનપુસ્તકોમાં વિષયવસ્તુનો વ્યાપ અને સાહિત્યની સમૃદ્ધિ પામી શકાય છે. તેમના લેખો શુષ્ક માહિતીસંચય ન બની રહેતા રસપ્રદ અધિકૃત 'સાહિત્યના જ્ઞાનકોશ'ના*

*પર્યાયરૂપ બન્યા છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. સર્જક ધીરુભાઈના વિવેચનના વિશિષ્ટ લક્ષણો જોતાં ગુજરાતી સાહિત્યના વિવેચનક્ષેત્રે તેમનું આગવું અને ચિરંજીવ યોગદાન રહ્યું છે."* [૪૮] આ પ્રકારનો અભિપ્રાય તેમનો સાર્થક લાગે છે.

## સંદર્ભસૂચિ


૧ મણિલાલ નભૂભાઈ: સાહિત્યસાધના: ધીરુભાઈ ઠાકર, બી.આ, ૨૦૦૫, પૃ-૭૩

૨ એજન, પૃ-૮૭

3 એજન, પૃ-૯૦

૪ સવ્યસાચી સારસ્વત: ભોળાભાઈ પટેલ અને અન્ય, પ્ર.આ, ૨૦૦૭, પૃ-૨૨૧

૫ મણિલાલ નભૂભાઈ: સાહિત્યસાધના: ધીરુભાઈ ઠાકર, બી.આ, ૨૦૦૫, પૃ-૧૩

૬ ધીરુભાઈ ઠાકર: વ્યક્તિત્વ અને વાઙ્ગ્મય: ડૉ.મીના સોલંકી, પ્ર.આ, ૨૦૧૭, પૃ-૩૪

૭ રસ અને રુચિ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૬૩, પૃ-૫

૮ એજન, પૃ-૮

૯ એજન, પૃ-૬૮

૧૦ એજન, પૃ-૬૮

૧૧ ડૉ.ધીરુભાઈ ઠાકર: ચિમનલાલ ત્રિવેદી, પરબ, જૂન, ૨૦૦૯, અંક; ૧૨, પૃ-૩૬

૧૨ ધીરુભાઈ ઠાકર: વ્યક્તિત્વ અને વાઙ્ગ્મય: ડૉ.મીના સોલંકી, પ્ર.આ, ૨૦૧૭, પૃ-૩૫

૧૩ સાંપ્રત સાહિત્ય: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૬૮, પૃ-૩૩

૧૪ એજન, પૃ-૨૭૫

૧૫ પ્રતિભાવ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૭૨, પૃ-૫

૧૬ એજન, પૃ-૮

૧૭ એજન, પૃ-૧૦

૧૮ એજન, પૃ-૧૫૭

૧૯ "પ્રતિભાવ"નો પ્રતિભાવ': દીન મણિશંકર દેસાઈ, ગ્રંથ; ઓગષ્ટ, ૧૯૭૨, અંક; ૮, પૃ-૨૪

૨૦ વિક્ષેપ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૭૩, પૃ-૧૧

૨૧ એજન, પૃ-૧૭

૨૨ 'સુખદ વિક્ષેપ': નટુભાઈ રાજપરા, ગ્રંથ; માર્ચ, ૧૯૭૪, અંક; ૩, પૃ-૩૦

૨૩ વિક્ષેપ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૭૩, પૃ-૨૦

૨૪ એજન, પૃ-૨૦

૨૫ 'સુખદ વિક્ષેપ': નટુભાઈ રાજપરા, ગ્રંથ; માર્ચ, ૧૯૭૪, અંક; ૩, પૃ-૩૦

૨૬ વિક્ષેપ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૭૩, પૃ-૬૭

૨૭ એજન, પૃ-૨૬૨

૨૮ 'સુખદ વિક્ષેપ': નટુભાઈ રાજપરા, ગ્રંથ; માર્ચ, ૧૯૭૪, અંક, ૩, પૃ-૩૧

૨૯ વિભાવિતમ્: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૮૩, પૃ-૧૬૭

૩૦ અભિજ્ઞાન: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૧૯૯૧, પૃ-૧૧૦

૩૧ એજન, પૃ-૧૧૪

૩૨ 'શબ્દ અને સંસ્કૃતિ'-એક અવલોકન: મધુસૂદન પારેખ, બુદ્ધિપ્રકાશ; જૂન, ૨૦૦૫, પૃ-૧૭

૩૩ એજન, પૃ-૧૮

૩૪ શબ્દનું સખ્ય: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૨૦૦૭, પૃ-૭૯

૩૫ એજન, પૃ-૧૮૫

૩૬ એજન, પૃ-૧૮૮

૩૭ કેટલાક સાહિત્યિક વિવાદો: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૨૦૧૧, પૃ-૬

૩૮ એજન, પૃ-૧૨

૩૯ એજન, પૃ-૩૬

૪૦ એજન, પૃ-૬૫

૪૧ એજન, પૃ-૭૬

૪૨ એજન, પૃ-૧૬૬

૪૩ ગાંધીજી અને પાંચ સાક્ષરો: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ, ૨૦૧૨, પૃ-૧૦

૪૪ એજન, પૃ-૬૯

૪૫ 'ગાંધીજી અને પાંચ સાક્ષરો'એક મૂલ્યવાન અભ્યાસ:પ્રવીણ દરજી, પરબ, ઓક્ટોબર, ૨૦૧૨, અંક, ૪, પૃ- ૭૪

૪૬ સવ્યસાચી સારસ્વત: ભોળાભાઈ પટેલ અને અન્ય, પ્ર.આ,૨૦૦૭, પૃ-૨૧૬

૪૭ ચિરસ્થાયી મૂલ્યોનો ગ્રંથ: ઉશનસ્, ગ્રંથ; મે, ૧૯૮૩, અંક, ૫, પૃ-૩૯

૪૮ ધીરુભાઈ ઠાકર: વ્યક્તિત્વ અને વાઙ્ગ્મય: ડૉ.મીના સોલંકી, પ્ર.આ, ૨૦૧૭, પૃ-૯૨